ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425



12 JANUARY, 2026 MONDAY


પેજ 2  લક્ષ્મી પૂજા અને કાળા જાદુના નામે લાખોની ઠગાઈ

પેજ 3  દૂધ ઉત્પાદક મંડળીએ આપ્યા પશુપાલક બહેનોને કેડીટ કાર્ડ

પેજ 7  એકતાનગર ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો

પેજ 5 ડાયાબીટીસની તેમજ બ્લડ ગ્રૂપ ની “મફત” તપાસ કરી આપવામાં આવી


I Pakkogujarat/ I VOL : 10 I Issue : 296 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

## સોમનાથનો ઈતિહાસ

# વિનાશ અને પરાજયનો નહીં વિજય અને પુનઃનિર્માણનો છે



### સોમનાથ મંદિર પર પ્રથમ આક્રમણના એક હજાર વર્ષ પછી પણ મંદિર પર લહેરાતી ધ્વજા ભારતની શક્તિ અને સામર્થ્યનું પ્રતીક : વડાપ્રધાન

• સોમનાથ (પાક્કો ગુજરાત )

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત પ્રવાસના બીજા દિવસે ગુજરાતની ધરતીના પનોતા પુત્ર અને દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ આક્રમણના ૧૦૦૦ વર્ષ તથા પુનઃનિર્માણના ૭૫ વર્ષ નિમિત્તે આયોજિત ‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ અંતર્ગત મંદિરની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરનાર શૂરવિરોને સમર્પિત ‘શૌર્ય યાત્રા‘ માં સહભાગી થયા હતાં. દેવાધિદેવ મહાદેવ આધારિત થીમ પર અંત્યંત સુંદર રીતે શુશોભિત કરાયેલ શોર્ય સર્કલથી લઈ વીર હમીરજી ગોહિલની પ્રતિમાં સુધીના યાત્રાના સમગ્ર રૂટ પર સાધુ-સંતો, વિવિધ સમાજના અગ્રણીઓ અને સોમનાથવાસીઓ, સનાતનપ્રેમીઓ તેમજ દેશ-વિદેશથી વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શિવભકતોએ આ ઐતિહાસિક, અવિસ્મરણીય અને અદભૂત યાત્રાના સાક્ષી બની વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું “હર હર મહાદેવ”, “જય સોમનાથ” તેમજ “ભારત માતા કી જય” ના ગુંજારા સાથે ભવ્ય સ્વાગત કર્યુ હતું. શૌર્ય યાત્રામાં 108 અશ્વો, શંખ અને ડમરુના પ્રચંડ અને પવિત્ર ધ્વનિનાદ તેમજ ‘હર હર મહાદેવ‘ ની ગુંજ સાથે સોમનાથમાં આયોજિત ‘શૌર્ય યાત્રા‘માં અલૌકિક ભકિતમય વાતાવરણનું સર્જન થયું હતું. યાત્રામાં વિવિધ વેષભુષા, યક્ષજ્ઞાન, કુચિપૂડી નૃત્ય, મણિયારો રાસ, ભરતનાટયમ, સહિતના વિવિધ પરંપરાગત નૃત્ય રજૂ કરવામાં આવ્યા હતાં. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ખુલ્લી કારમાં ઊભા રહી ઉલ્લાસભેર વિશાળ જનસમુદાયને વંદન કરી, શિવજીનું પ્રિય ડમરુ વગાડી સૌ નાગરિકોના અભિવાદનને આત્મીયતાપૂર્વક ઝીલ્યું હતું. મોદીજીએ વીર હમીરજી ગોહિલ તેમજ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પૃષ્પાંજંલિ અર્પણ કરી વંદન કર્યા હતાં. ‘શૌર્ય યાત્રા‘ માં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી ઉપસ્થિત રહ્યાં હતાં. શોર્ય યાત્રા બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સોમનાથ મંદિરમાં દેવાધિદેવ મહાદેવજીની મહાપૂજા-અર્ચના, વૈદિક મંત્રોચ્ચાર અને જળાઅભિષેક કરી ૧૪૦ કરોડ દેશવાસીઓ સહિત સમગ્ર વિશ્વના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીએ ‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘ અંતર્ગત સોમનાથના સદભાવના ગ્રાઉન્ડ ખાતે જંગી જાહેરસભામાં ‘જય સોમનાથ’ અને ‘હર હર મહાદેવના‘ના પવિત્ર નાદ સાથે દેશવાસીઓને સંબોધતાં જણાવ્યું હતું કે, આજનો સમય અદભૂત છે, આ વાતાવરણ અદભૂત છે અને આ ઉત્સવ પણ અદભૂત છે. એક તરફ સ્વયં દેવાધિદેવ મહાદેવની પાવન ઉપસ્થિતિ, બીજી તરફ સમુદ્રની વિશાળ લહેરો, સૂર્યકિરણોની તેજસ્વી આભા, મંત્રોની ગુંજ અને આસ્થાથી છલકતું દિવ્ય વાતાવરણ સોમનાથને અલૌકિક તેજથી ઝળહળતું બનાવે છે. ભગવાન સોમનાથના આ પાવન ધામમાં શિવભક્તોની વિશાળ ઉપસ્થિતિએ આ કાર્યક્રમને વધુ દિવ્ય અને ભવ્ય બનાવ્યો છે.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સોમનાથ મંદિરના અધ્યક્ષ તરીકે ‘સોમનાથ સ્વાભિમાન પર્વ’માં સક્રિય સેવા કરવાની તક મળવી એ તેમનું સૌભાગ્ય છે. ૭૨ કલાક સુધી અખંડ ઓમકાર નાદ, એક હજાર ડ્રોન દ્વારા સોમનાથના એક હજાર વર્ષની ગૌરવગાથાનું દર્શન, વૈદિક ગુરૂકુળના વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ અને આજે ૧૦૮ અશ્વો સાથે નીકળેલી શૌર્ય યાત્રા, આ તમામ દશ્યો મનને મંત્રમુગ્ધ કરી દે તેવા છે. આ અનુભૂતિને શબ્દોમાં વ્યક્ત કરવી શક્ય નથી; તેને માત્ર સમય જ સંકલિત કરી શકે એમ છે. આ સમગ્ર આયોજનમાં ગર્વ છે, ગરિમા છે, ગૌરવ છે; સાથે જ વૈભવની વિરાસત, આધ્યાત્મની અનુભૂતિ, આત્મિયતા અને સંસ્કૃતિનું જ્ઞાન સમાયેલું છે. મહાદેવના આશીર્વાદે ‘સોમનાથ સ્વાભિમાન પર્વ‘ ને અનન્ય અને ઐતિહાસિક બનાવ્યું છે.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, ૧૦૦૦ વર્ષ પહેલાં આ જ સ્થળ પર શું સ્થિતિ હશે? આસ્થા, વિશ્વાસ અને મહાદેવ માટે આપણા પૂર્વજોએ સર્વસ્વ ન્યોછાવર કર્યું છે. આક્રમણકારીઓ એ ૧૦૦૦ વર્ષ પહેલાં વિચાર્યુ હશે કે તેઓ જીતી ગયા પણ, આજે એક હજાર વર્ષ પછી પણ સોમનાથ મહાદેવના મંદિર પર લહેરાતી ધ્વજા સમગ્ર પૃથ્વીનું આહ્વાન કરી રહી છે કે ભારતની શક્તિ અને સામર્થ્ય શું છે.પ્રભાસપાટણ તીર્થની માટીનો કણ-કણ શૌર્ય, પરાક્રમ અને વિરતાનું સાક્ષી રહ્યો છે. સોમનાથ મંદિરના આજના સ્વરૂપ માટે અનેક શિવભક્તોએ અને સંસ્કૃતિના ઉપાસકોએ તેમના પ્રાણોની આહુતિ આપી છે. જેમણે સોમનાથ મંદિરની રક્ષા અને મંદિરના પુનર્નિર્માણને પોતાનું જીવન ધ્યેયબનાવી સર્વસ્વ દેવાધિદેવ મહાદેવને અર્પણ કરી દીધું તે વીરોને મોદીજીએ વંદન કર્યા હતાં. મોદીજીએ જણાવ્યું હતું કે, સોમનાથ મંદિરની પવિત્રતા ભગવાન કૃષ્ણ સાથે પણ જોડાયેલી છે. મહાભારત કાળમાં પાંડવોએ પણ આ તીર્થમાં તપશ્ચર્યા કરી હતી. સોમનાથ મંદિરની સ્વાભિમાન યાત્રાને એક હજાર વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, સાથે જ ૧૯૫૧માં થયેલા પુનર્નિર્માણના ૭૫ વર્ષ પણ પૂર્ણ થઈ રહ્યા છે.



## આક્રાંતાઓ ભારતની આસ્થાને ક્યારેય તોડી શક્યા નથી

**ભુપેન્દ્રભાઇ પટેલ,** મુખ્યમંત્રી

સોમનાથ સ્વાભિમાન પર્વ દેશના આત્મસન્માન, અતૂટ આસ્થા અને અડગ સંકલ્પની ઉજવણી છે. બાર જ્યોતિર્લિંગોમાં પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથનું મંદિર માત્ર એક મંદિર નહીં, પરંતુ ભારતના આત્માનું પ્રતિક છે.ઈતિહાસ સાક્ષી છે કે છેલ્લા એક હજાર વર્ષમાં અનેક આક્રમણો છતાં આક્રાંતાઓ ભારતની આસ્થાને ક્યારેય તોડી શક્યા નથી અને આજે પણ ભગવાન સોમનાથ ભવ્યતા અને દિવ્યતાથી બિરાજમાન છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રદ્ધાની વિરાસતને જાળવી રાખીને આધુનિક કાયાકલ્પની સંસ્કૃતિ વિકસાવી છે.

## ભારત આક્રમણકારોનું ક્યારેય પણ મહિમામંડન નહીં કરે

**હર્ષભાઈ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં યોજાયેલી ભવ્ય શૌર્યયાત્રા વર્ષો સુધી યાદગાર રહેશે. સોમનાથ કોઈ સામાન્ય મંદિર નથી, પરંતુ ભારતની આત્માએ આક્રમણકારીઓને આપેલો અડગ પડકાર છે. સરદાર પટેલે જણાવ્યું હતું કે ભારત ક્યારેય પોતાના સ્વાભિમાનનો સોદો નહીં કરે અને આજે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં આ જ સંકલ્પ ભારતની નીતિ બની છે. ભારત આક્રમણકારોનું મહિમામંડન નહીં કરે





## આક્રાંતાઓ ભારતની આસ્થાને ક્યારેય તોડી ન શક્યા

**નરેન્દ્રભાઇ મોદી,** વડાપ્રધાન

ભારત જ્યારે ગુલામીની બેડી માથી મુક્ત થયું અને સદરાર વલ્લભભાઈ પટેલે સોમનાથના પુનઃનિર્માણની શપથ લીધી ત્યારે તેમને પણ રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો. ૧૯૫૧ માં તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદના આવવાથી પણ આપત્તિ વ્યક્ત કરવામાં આવી હતી. સૌરાષ્ટ્રના સર્વાધિક મશહૂર જામસાહેબ મહારાજા દિગ્વિજયસિંહ આગળ આવ્યા હતા તે સમયે જામસાહેબ સોમનાથ મંદિર માટેમોટું આર્થિક દાન આપ્યું હતું અને ટ્રસ્ટના પહેલા અધ્યક્ષ તરીકે ખૂબ મોટી જવાબદારી સંભાળી હતી. દુર્ભાગ્યથી દેશમાં આજે પણ દેશમાં એ તાકાતો સક્રીય છે જેમને સોમનાથ પુનઃનિર્માણનો વિરોધ કર્યો હતો. આજે તલવારોની જગ્યાએ બીજી રીતે ભારત સામે ષડયંત્રો થઈ રહ્યા છે એટલા માટે આપણે વધુ સાવધાન રહેવાની જરૂર છે. આપણે પોતાને શક્તિશાળી બનાવવાના છે, એકજૂટ થઈ રહી આવી તાકાતોને હરાવવાની છે, જે આપણને તોડવા મથી રહી છે. પાછલા 1 હાજર વર્ષોની યાત્રા આપણને આવનાર એક હજાર વર્ષો માટે તૈયાર રહેવા માટે પ્રેરણા આપે છે. દેશનું સાંસ્કૃતિક પુનઃજાગરણ કરોડો દેશવાસીઓમાં નવો વિશ્વાસ ભરી રહ્યું છે. રામમંદિરના પ્રાણપ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસર પર તેઓએ ભારત માટે દેવ થી દેશના વિઝન સાથે હજાર વર્ષનું વિરાટ સ્વપ્ન દેશ સમક્ષ રજૂ કર્યું હતું. આજે દેશવાસીઓના મનમાં વિકસિત ભારત માટે અનોખો વિશ્વાસ છે.



# પાનોલી પોલીસે પારડી ઈદ્રીશના પિતા-પુત્રને 27.48 લાખની છેતરપિંડીમાં દબોચ્યા

### લક્ષ્મી પૂજા અને કાળા જાદુના નામે લાખોની ઠગાઈ

• પાનોલી



ધાર્મિક વિધિ અને આર્થિક સંકટ દૂર કરવાના બહાને ભોળા નાગરિકોને શિકાર બનાવતી ટોળકીનો પાનોલી પોલીસે પર્દાફાશ કર્યો છે. લક્ષ્મી માતાની પૂજાના નામે એક અરજદાર પાસેથી કુલ 27,48,500/-પડાવી લેનાર પારડી ઈદ્રીશ ગામના પિતા-પુત્રની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બાલાસિનોરના મુખ્ય સૂત્રધાર 'ગુરુજી'ને વોન્ટેડ જાહેર કરાયો છે.

ઘટનાની વિગત મુજબ, ફરિયાદીને આર્થિક મુશ્કેલીમાંથી બહાર લાવવાની લાલચ આપી આરોપીઓએ પૂજા વિધિના બહાને લાખો રૂપિયા ખંખેરી લીધા હતા. લોકોને વિશ્વાસમાં લેવા માટે આરોપીઓ પૈસા ભ રેલી પેટી બતાવતા અને અંધશ્ર દ્ધા ફેલાવી છેતરપિંડી કરતા હતા. પા નોલી પોલીસે આ મામલે ભારતીય ન્યા ય સંહિતા (BNS) તેમજ ગુજરાત કા ળો જાદુ અટકાવવા બાબતના નવા અધિનિયમ હેઠળ ગુનો નોંધી સન્મુખ બુધા વસાવા અને તેના પુત્ર પ્રતીક વસાવાને ઝડપી પાડ્યા છે. પોલીસ પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી છે કે તેઓએ અન્ય અનેક લોકો સાથે પણ આ રીતે લાખોની ઠગાઈ આચરી છે. હાલમાં પોલીસ બાલાસિનોરના વોન્ટેડ આરોપી 'સુથારભાઈ ઉર્ફે બાપુ'ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મેટ્રોસેવા આજે દોઢ કલાક શાહપુરથી ઓલ્ડ હાઈ કોર્ટ વચ્ચે ઉપલબ્ધ રહેશે નહીં

• અમદાવાદ

તારીખ 12-1-2026 ના રોજ, EW (ઈસ્ટ-વેસ્ટ) લાઈન પર મેટ્રો સેવાઓ સવારે 09:45 થી 11:00 વાગ્યા સુધી શાહપુરથી ઓલ્ડ હાઈ કોર્ટ વચ્ચે ઉપલબ્ધ રહેશે નહીં. આ સમયગાળા દરમિયાન ઈસ્ટ-વેસ્ટ લાઈન (વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ) પર મેટ્રો ટ્રેન સેવાઓ વસ્ત્રાલ ગામ મેટ્રો સ્ટેશનથી શાહપુર મેટ્રો સ્ટેશન વચ્ચે તથા ઓલ્ડ હાઈ કોર્ટ ઈન્ટરચેન્જથી થલતેજ ગામ મેટ્રો સ્ટેશન વચ્ચે ઉપલબ્ધ રહેશે. નોર્થ-સાઉથ લાઈન (એપીએમસીથી મોટેરા સ્ટેડિયમ અને ગાંધીનગર) પર મેટ્રો ટ્રેનો રાબેતા મુજબ ચાલતી રહેશે.

આયોજન

### ગાંધીનગરની જ્ઞાન એકેડમી દ્વારા

# ગોધરાના સરદાર નગર ખંડ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સેમિનાર યોજાયો

### જીલ્લાના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું

• ગોધરા

પંચમહાલ જિલ્લાના વડામથક ગોધરા ખાતે ગાંધીનગરની જ્ઞાન એકેડેમી દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરનારા વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સેમિનારનૂ આયોજન કરવામાં આવ્યું હતું.એકેડમીની તજજ્ઞ ટીમ દ્વારા આવનારી વિવિધ સરકારી પરીક્ષાઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કેવી રીતે કરવી અને સફળતા મેળવી તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નો અને મૂંઝવણને લઈને સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલા સરદાર નગર ખંડ ખાતે ગુજરાતની જાણીતી સંસ્થા ગાંધીનગરની જ્ઞાન એકેડમી દ્વારા આવનારી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ટેટ ટૂ,( પ્રાથમિક શિક્ષક) ટાટ ( માધ્યમિક શિક્ષક,ઉચ્ચતર માધ્યમિક શિક્ષક) પોલીસ કોન્સ્ટેબલ,પી.એસ.આઈ તેમજ જીપીએસસી, ગૂજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનારીવિવિધસરકારીવિભાગનીસ્પર્ધાત્મક પરીક્ષાઓને લઈને આ શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારમાં ગાંધીનગરથી જ્ઞાન એકેડમીના વિષય નિષ્ણાત




તજજ્ઞોની ફેકલ્ટી ટીમે વિદ્યાર્થીઓને માર્ગ દર્શન પૂરૂ પાડ્યુ હતુ. તજજ્ઞો દ્વારા જણાવામા આવ્યુ હતુ કે.આજનો સમય સ્પર્ધાત્મક પરીક્ષાનો યુગ છે.આ પરીક્ષાઓ પાસ કરવી સહેલી છે.પરીક્ષાઓ પાસ કરવા માટે તમારે નિષ્ઠાપુર્વક મહેનત,અભ્યાસક્રમને અનૂરૂપ આયોજન,આત્મવિશ્વાસ હોવો ખુબ જ જરૂરી છે.પરીક્ષા માટે જાહેર કરવામા અભ્યાસક્રમના તમામ મૂદ્દાઓને સમય આપીને પુર્ણ કરી દેવાના છે.સમયાંતરે વાચેલુ હોય તેને રિવિઝન પણ કરવાનૂ છે.જૂના પેપરોનો અભ્યાસ કરીને મોક ટેસ્ટ આપવા સાથે તૈયારી કરવાની છે.વધૂમા જણાવ્યુ હતૂ કે તમારે આ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ માટે માનસિક રીતે તૈયાર રહેવુ જોઈએ,પરીક્ષાઓની તારીખની રાહ ન જોવી જોઈએ,જેથી પરીક્ષાની તારીખ જાહેર ત્યારે આપણી અડધી તૈયારીઓ પુર્ણ થઈ ગયેલી હોવી જોઈએ. વિદ્યાર્થીઓ તરફથી પણ પરીક્ષામા આવતી મૂઝવણને લઈને પ્રશ્નોતરી કરવામા આવી હતી,જેના સમાધાન સ્વરૂપ તજજ્ઞોની ટીમ દ્વારા માહિતી આપવામા આવી હતી. ગોધરા શહેરમાં પણ જ્ઞાન એકેડમી દ્વારા ક્લાસ શરૂ કરાઈ રહ્યા છે. ત્યારે તેનો પણ લાભ લેવા જણાવવામાં આવ્યું હતૂ. અત્રે નોંધનીય છેકે મોંઘવારીની વધતી જતી મારામારી વચ્ચે ગુજરાતના યુવાવર્ગમા સરકારી નોકરી નો ક્રેઝ પણ વધવાની સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ તરફ પણ વળ્યો છે.જીલ્લાના વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાનું માર્ગદર્શન મળી રહે તે હેતુથી આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

### કનેક્ટિંગ દીવાલો બનાવવા સહિત ના પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત

# કાંધલભાઈ જાડેજાને મત વિસ્તારમાં પ્રવાસ દરમ્યાન મળેલા જનહિત પ્રશ્નો અંગે સરકારમાં કરી મહત્વની ભલામણ

### સિંઘપુર, રાણાખીરસરા, ભીલડી, સહિતના ગામોમાં સિંચાઈ, કોઝ-વે, અને સુરક્ષા દીવાલ અંગે રજૂઆત

• વિરમભાઈ કે.આગઠ

કુતિયાણા રાણાવાવ મત વિસ્તાર ના લોકલાડીલા ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા તેમના મતવિસ્તારમાં કુતિયાણા તાલુકાના લોકોના પ્રશ્નો જાણવા માટે પ્રવાસ કરી રહ્યા છે અને ગ્રામજનો પણ તેમને જુદા-જુદા સૂચનો અણઉકેલ પ્રશ્નો કહી રહ્યા છે ત્યારે પ્રવાસ દરમ્યાન મળેલા વિવિધ પ્રશ્નોમાં સિંચાઈ, કોજવે બનાવવા, નદી નાળા ઉપર પૂલ્યું બનાવ,નદીમાં પ્રવાહ ના કારણે ખેતર ના ધોવાણ થતા અટકાવવા કનેક્ટિંગ દીવાલો બનાવવા સહિત ના પ્રશ્નોના નિરાકરણ માટે તેમના દ્વારા સરકારમાં ભલામણો કરવામાં આવી છે.ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાને પ્રવાસ દરમ્યાન લોકો તરફથી મળેલા પ્રશ્નોમાં મુખ્યત્વેસિંધપુર ગામેથી પસાર થતી સારણ નદી ઉપર ભોકસ કલવર્ટ બનાવવા બાબત કાંધલભાઈ જાડેજાએ જણાવ્યું હતુ કે મારા મતવિસ્તાર મા આવતા કુતિયાણા તાલુકાના સિંધપુર ગામે આપના વિભાગનો સારણ નદી ઉપર સારણ ડેમ આવેલ છે જેથી ઉપરવાસમાં સિંધપુર ગામે સારણ નદી ઉપર આપની કચેરીનો ડોઝ-વે આવેલ છે ચોમાસાની સિઝનમાં ભારે વરસાદ લીધે ખુબ વધારે પ્રમાણમાં પાણી પસાર થવાથી સિમ વિસ્તારમાં રહેતા લોકો તેમજ ગામના લોકો સંપર્ક વિહોણા થઈ જાય છે વધારે પાણી હોવાથી હોસ્પીટલની ઈમરજન્સી સમયે વાહન પસાર થઈ શકતુ નથી તેમજ વિધાર્થીઓ નિશાળે જઈ શકતા નથી તો આ મુશ્કેલીનો સામનો કરવી ન પડે તે માટે નવું બોક્સ કલવર્ટ બનાવી આપવા મારી ખાસ ભલામણ સહ અપીલ છે.કાલિન્દ્રી સિંચાઈ યોજનાને મુળ-સ્થિતિએ રીસ્ટોર કરી ડેમને મુળભુત આયોજન મુજબની સંગ્રહ - શક્તિ એ લઈ જવા બાબતે કાંધલભાઈ જાડેજાએ જણાવ્યુ હતુ કે મારા મત વિસ્તારમાં આવતા કાલિન્દ્રી સિંચાઈ યોજના પોરબંદર જીલ્લાના કુતિયાણા તાલુકાના ઈશ્વરીયા ગામ નજીક કાલિન્દ્રી નદી ઉપર બાંધવામાં આવેલ છે જેનું કામ વર્ષ ૧૯૭૯ની મરછુ હોનારત ની સ્થિતિને ધ્યાને લેતા સરકાર દ્વારા આ ડેમના હયાત સ્પીલ-વેને અડધી લંબાઈમાં તોડવામાં આવેલ, જે હાલ પણ તુટેલી હાલતમાં છે. જેથી આ પોજનામાં ભરાતા પાણીમાં ઘટાડો થવા પામેલ હોય, આ યોજનાને મુળસ્થિતિએ લાવવામાં આવે તો પાણીનો સંગ્રહ વધવા પામશે અને મારા મત વિસ્તારમાં આવેલા ગામોને પાણીનો વધુ લાભ મળવા પામે તેમ હોય જેથી આ પોજનાને નવેસરથી જરૂરીયાત મુજબ આયોજન કરી મુળ સંગ્રહ શક્તિએ બનાવવા અંગેના કામો વહેલી તકે હાથ ધરવા ખાસ ભલામણ સહ અપીલ કરેલ છે.રાણા ખીરસરા ગામે આવેલ રાણા ખીરસરા રિચાર્જ યોજનાની રેઠવાસમાં રાણા ખીરસરા ગામને કાંઠે દિવાલ બનાવવા બાબતે કાંધલભાઈ જાડેજાએ જણાવ્યુ હતુ કે મારા મતવિસ્તાર મા આવતા રાણા ખીરસરા ગામે આપના વિભાગ હસ્તકનો રાણા ખીરસરા ડેમ આવેલ છે. ડેમના જમણા કાંઠે રાણા ખીરસરા ગામ આવેલું છે ડેમમાંથી વધારે પાણી છોડવાથી ખુબજ મોટા પ્રમાણમાં કાંઠાનું ધોવાણ થાઈ છે જેથી નદીના કઠિ આવેલ ગામના લોકોને જાનહાની ની ભય રહે છે જેથી ગામની સલામતી અને રોકોના કાંઠે આવેલા મકાનને નુકશાની ન થાય તે માટે આપને, અપીલ છે કે ડેમની હેઠવાસમાં મીણસાર નદી ના કાંઠ દિવાલ બનાવી આપવા મારી ખાસ ભલામણ સહ અપીલ છે.ભીલડી ગામે વાલોળ વોઠળા પર કોઝ-વે બનાવી આપવા બાબતે કાંધલભાઈ જાડેજાએ જણાવ્યુ હતુ કે મારા મતવિસ્તાર મા આવતા કુતિયાણા તાલુકાના બિલડી ગામની બાજુમાંથી વાલોળ વોકળો પસાર થાઈ છે જે વોકળા ઉપર હાથમાં નાનો પુલ આવેલ છે જેથી ઝાડી-ઝાખરા ચોમાસામાં ભરાવા થી પાણીનો નિકાલ થઈ શકતો નથી જેથી આજુ-બાજુના ખેતરોમાં જમીનનું ધોવાણ થાઈ છે તેથી તે જગ્યાએ કોઝવે બનાવી આપવામાં આવે જેથી ઉપરથી પાણી પસાર થઈ શકે .

# જેતપુરમાં પત્ની ની હત્યા કરનાર પતિ રાકેશસિંહની ગણતરીના કલાકોમાં ધરપકડ કરતી સીટી પોલીસ

### પતિ પત્નીના ઝગડાના બનાવમાં દીકરી વચ્ચે આવતા તેને પણ કાતર ઝીકી દીધી હતી

• સુરેશ ભાલીચા જેતપુર



જેતપુર શહેરમાં ભોજાધાર વિસ્તારમાં રહેતા રીતુસિંગ અમિતશ્રી લક્ષ્મણ તિવારીએ પોતાની ફરીયાદ જાહેર કરેલ કે, આરોપી રાકેશસીંહ ઉર્ફે દિલપ ફતેબાહદુરસિંહ જગતબાહદુરસિંહને ફરીયાદી રીતુસિંગ તથા તેના માતા ગોરકી ઉર્ફે રેખા સાથેનો સબંધ ગમતા ન હોય જે બાબતનો ખાર રાખીને ફરીયાદી રીતુસિંગના ધરે આરોપી રાકેશ સિંહ જઈ ફરીયાદી રીતુસિંગની માતા ગોરકી ઉર્ફે રેખા સાથે ઝગડો કરી ફરીયાદીના માતાને મારી નાખવાના ઈરાદે પેટ, સાથળ તથા પીંડીના ભાગે કાતરથી જીવલેણ ઘા મારી ફરીયાદીના માતા ગોરકી ઉર્ફે રેખાનું મોત નિપજાવી તેમજ ફરીયાદી રીતુસિંગને પેટના ભાગે કાતરનો એક ઘા મારતા જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧), ૧૧૮(૨) તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબનો ગુનો દાખલ થયેલ હતો. જે મર્ડરના બનાવની ગંભીરતાને ધ્યાને લઈને રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર તથા નાયબ પોલીસ અધિક્ષક રોહીતસિંહ ડોડીયા નાઓએ મર્ડર કરનાર આરોપી રાકેશસીંહ ઉર્ફે દિલપ ફતેબાહદુરસિંહ જગતબાહદુરસિંહને તાત્કાલીક પકડી પાડવા સુચના આપેલ હતી.

જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમારના સીધા માર્ગદર્શન હેઠળ જેતપુર સીટી પોલીસ સ્ટાફની અલગ અલગ ટીમ બનાવી ખાનગી હકિકત તથા ટેકનીકલ રીતે આરોપી રાકેશસીંહ ઉર્ફે દિલપ ફતેબાહદુરસિંહ જગતબાહદુરસિંહને જેતપુર, ધોજાધાર, હનુમાન મંદિર પાસેથી મર્ડરના ગુનામાં હથીયાર તરીકે ઉપયોગ કરેલ કાતર સાથે ગણતરીના કલાકોમાંપકડીપાડવામાંઆવેલહતો. સરકાર દ્વારા ઈશ્યુ કરવામાં આવેલ મોબાઈલ ફોરેન્સિક વાનના માધ્યમથી ફોરેન્સિક સાયન્સ ઓફિસર પી.બી. નરવેની સુચના મુજબ ટેકનીકલ જીણવટ ભરી રીતે ગુનાની તપાસનો ધમધમાટ ચાલુ કરી મર્ડરના આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરવામાં આવી છે.

# શક્તિપીઠ અંબાજીમાં આજથી મકરસંક્રાતી પર્વના નિમિતે પંચ દિવસીય કાર્યક્રમનો પ્રારંભ




• પ્રતિનિધિ લક્ષ્મણ ઝાલા અંબાજી

શક્તિપીઠ અંબાજી કોટેશ્વર ખાતે ઉદભવ થતી સરસ્વતી નદી ના કિનારે આવેલું ગુજરાતનું સૌથી મોટુ યાત્રાધામ માનવામાં આવે છે અને લાખો લોકોની શ્રદ્ધાનું કેન્દ્ર છે ત્યારે હર સાલ અનેકો કાર્યકમો યોજાતાં હોય છે તેમ આ વર્ષ પણ અંબાજી ખાતે મકરસંક્રાતી પર્વ સાહી સ્નાન ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જે આજથી તેનો આજની પ્રારંભ કરવામાં આવ્યો હતો લાખો ની સંખ્યામાં સાધુ સંતો પંચ દિવસય અંબાજી એ અંબાજીના માર્ગો પર સાધુ સંતો નો નગર પ્રવેશ શરૂ થયો અને જય જય અંબે હરહર મહાદેવ ના નાદ થી અંબાજી ગુંજી ઉઠ્યું પંચ દિવસીય સાહી સ્નાન કરવા નગર પ્રવેશ કરતા સાધુ સંતો નું સ્વાગત કરવા ઢોલ નગારા સાથે શોભાયાત્રા રાધકૃષ્ણ મંદિર પહોંચ્ચી હતી અને કુમકુમ તિલક કરી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને વિવિધ ધર્માની ધજાઓ ફરકાવામાં આવી હતી ત્યારબાદ દીપ પ્રગટાવી મંગલય મહોત્સવ ની શરૂઆત કરવામાં આવી હતી પંચ દિવસ દરમિયાન ગૌપૂજા, કન્યા પૂજા ગણેશપુજા અને વિશેષ ગંગા પૂજા જેવી ધાર્મિક વિધીઓ યોજવામાં આવશે મહંત થાણાપતિ વિજયપુરી મહારાજ અને સંત સેવા મંડળ ના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહેલાં આ કાર્યક્રમ ને લઈ સ્થાનિક અને શ્રદ્ધાળુંઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો....

# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ગુજરાત લોકભવન ખાતે ઉષ્માભર્યું સ્વાગત કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી



• ગાંધીનગર

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત લોકભવન ખાતે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આગમન હરહંમેશ ગુજરાતના વિકાસ, નવીનતા અને જનકલ્યાણકારી યોજનાઓને નવી દિશા અને ગતિ આપે છે. તેમનું દુરંદેશી નેતૃત્વ, રાષ્ટ્રપ્રથમની ભાવના અને અવિરત કાર્યસાધના ભારતને આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પને વધુ સશક્ત બનાવે છે.

### જૂનાગઢમાં કાળવા નદીના કાંઠે SMCનો મોટો દરોડો

# દારૂની ભઠ્ઠીઓ પર બુલડોઝર ફેરવી 11.14 લાખનો મુદ્દામાલ જપ્ત, 9 શખ્સો ઝડપાયા

• જૂનાગઢ

સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે જૂનાગઢ શહેરમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠીઓ પર સર્જિકલ સ્ટ્રાઈક કરી દારૂના મોટા કારોબારનો પર્દાફાશ કર્યો છે. કાળવા નદીના કાંઠે પંચેશ્વર મહાદેવ મંદિરની પાછળ ચાલતા આ અડ્ડા પર દરોડો પાડી પોલીસે 9 આરોપીઓની અટકાયત કરી છે અને કુલ 11,14,950/-ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઘટનાની વિગત મુજબ, SMC ના PSI કે.એચ.ઝાંકત અને તેમની ટીમે બાતમીના આધારે પ્રદીપ ટોકીઝ રોડ પાસે કાળવા નદીના પટમાં દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે 1755 લિટર તૈયાર દેશી દારૂ અને 9820 લિટર




દારૂ બનાવવાનો કાચો આથો ઝડપી પાડ્યો હતો. આ ઉપરાંત, ઘટનાસ્થળેથી 9 વાહનો, 10 મોબાઈલ ફોન, ગેસ સિલિન્ડર, ગોળના ડબ્બા અને અન્ય સાધન-સામગ્રી મળી કુલ 11.14 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે ગોવિંદ ઉર્ફે અબલુ મોરી સહિત 8 પુખ્ત અને 1 કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર મળી કુલ 9 શખ્સોને ઝડપી જૂનાગઢ 'એ' ડિવિઝન પોલીસને સુપ્રત કર્યા છે. આ કેસમાં રાજકોટના મેટોડાનો ગોગન ગઢવી નામનો શખ્સ વોન્ટેડ જાહેર કરાયો છે. ખાસ વાત એ છે કે આ દરોડામાં પ્રોહિબિશન એક્ટની કલમો સાથે ભારતીય ન્યાય સંહિતાની ઓર્ગેનાઈઝડ ક્રાઈમની ગંભીર કલમોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે.

# ભાગીને પ્રેમલગ્ન કરનારાને ઠાકોર સમાજમાં નહીં સ્વીકારાય

## ઠાકોર સમાજનું ૧૬ મુદ્દાનું બંધારણ જાહેર

• રિપોર્ટર દિપક પરમાર ઘડિયા

બનાસકાંઠા, વાવ, થરાદ અને પાટણ જિલ્લાના ઠાકોર સમાજે દિયોદર તાલુકાના ઓગડજી ધામ ખાતે એક મોટું બંધારણ મહાસંમેલન યોજ્યું, જેમાં ઉત્તર ગુજરાતના ઠાકોર સમાજ માટે એક આધુનિક અને મોકમાન્ય સર્વગ્રાહી સામાજિક બંધારણની રચના કરી તેને અમલમાં મૂક્યું હતું. જાનમાં માત્ર ૧૦૦ વ્યક્તિને લઈ જઈ શકાશે વરઘોડામાં ડીજે સામે મનાઈ ફરમાવાઈઆ બંધારણ મહાસંમેલનમાં સંતો | ઉપરાંત તમામ પક્ષના રાજકીય નેતાઓ અને ઠાકોર સમાજના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં સમાજ એકઠો થયો હતો. જેમાં એક સૂરે નવું બંધારણ અમલમાંલાવવા માટે હાકલ કરી હતી. જેમાં મહત્વનું છે કે, મૈત્રી કરાર અને ભાગીને | પ્રેમ-લગ્ન કરનારને સમાજે સ્વીકારવા નહી કે તેને સમર્થન કરવુ નહી. સમાજના | કોઈપણ સારા- ખોટા-નરસા તમામકયા-કયા નિયમો બનાવાયા?સગાઈમાં પુરુષ અને મહિલા મળી ૨૧ ૧ વ્યક્તિએ જવું તેનાથી વધારે વ્યક્તિઓ સગાઈમાં જઈ શકશે નહીં. સગાઈમાં નાળિયેર અને એક રૂપિયો આપવાનો રહેશે એક જોડી કપડાં લઈ જવા.* વર્ષમાં બે માસમાં જ લગ્ન કરવા .૧) વૈશાખ સુદ એકમ થી પૂનમ સુધી૨) મહા સુદ એકમથી પૂનમ સુધી.ખાસ સંજોગોમાં અર્જન્ટ સમયમાં લગ્ન કરવાના થાય તો તેમના પોતાના કુટુંબીજનોએ મળીને લગ્ન કરવાના રહેશે અને બીજા કોઈ ને આમંત્રણ આપવું નહીં.લગ્ન પ્રસંગે પત્રિકા છપાવી નહીં સાદુ કાર્ડ રાખવું હોય તો રાખી શકાશે.જાનમાં સનરૂફ ગાડી લઈ જવી નહીં જાનમાં ૧૧ થી વધારે વાહનો લઈ જવા નહીંજાનમાં મહિલા અને પુરુષો મળી વધુમાં વધુ ૧૦૦ વ્યક્તિઓ જઈ શકાશે દસ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિ ગણાશે.જમણવારમાં એક મીઠાઈ,દાળ ભાત, કઠોળ, લીલી શાકભાજી, રોટલી, રોટલા, પુરી અને છાશ રાખી શકાશે. અન્ય બીજી કોઈ પણ આઈટમ રાખવી નહીં.

# ઉપલેટા પંથકમાં 2.7 તીવ્રતાનો વધુ એક ધરતીકંપ

ઉપલેટા: સૌરાષ્ટ્રમાં ઉપલેટા, જેતપુર, ધોરાજી પંથકમાં ભૂકંપના આંચકાનો ચાલુ થયેલો સિલસિલો આજે રવિવારે પણ આગળ ધપ્યો હતો. જો કે, આજે વહેલી સવારે જ્યારે લોકો ગાઢ નિદ્રામાં હતા ત્યારે ઉપલેટા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ૨.૭ તિવ્રતાનો ભૂકંપનો હળવો આંચકો અનુભવાયો હતો. સદનશીબે હજુ કોઈ જાનમાલની નુકસાની નહીં થતાં હાશકારો થયો છે.


ગાંધીનગર સ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ મુજબ, આજે તારીખ ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ વહેલી સવારે ૪.૫૭ કલાકે આ ભૂકંપ નોંધાયો હતો. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૨.૭ મેગ્નિટયુડની માપવામાં આવી છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ઉપલેટા શહેરથી ૨૬ કિલોમીટર દૂર પૂર્વ-ઉત્તર-પૂર્વ દિશામાં હોવાનું સામે આવ્યું છે. ભૂકંપની ઊંડાઈ જમીન સપાટીથી ૧૨ કિલોમીટર નીચે નોંધાઈ છે. સામાન્ય રીતે ૧૦ થી ૧૫ કિલોમીટરની ઊંડાઈએ ઉદભવતા આંચકાઓ સપાટી પર ધ્રૂજારીનો અનુભવ કરાવતા હોય છે, પરંતુ તેની તીવ્રતા ઓછી હોવાથી મોટું નુકસાન થતું નથી.

**લોકોના સાચા પ્રહરી** ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ સાચા અર્થમાં ખેડૂતોના હિતેશી

# લોકલાડીલા ધારાસભ્ય કાંધલ ભાઈ જાડેજાની મહેનત રંગત લાવી બાટવા ખાડા ડેમમાંથી નિઃશુલ્ક સિંચાઈ પાણી છોડાયું

## ખેડૂતોને મોટી રાહતઃ સરકાર દ્વારા બાટવા ખારા ડેમમાંથી ૮૦. એમ. સી.એફ.ટી પાણી છોડાયું

• વિરમભાઈ કે. આગઠ



૮૪ કુતિયાણા-રાણાવાવ વિધાનસભા બેઠકના લોકલાડીલા ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા પોતાના મતવિસ્તારના ખેડૂતો માટે હંમેશા ખરા લોકપ્રહરી બની રહ્યા છે. વિસ્તારની જનતા કે ખેડૂતોને જ્યારે પણ કોઈ પ્રશ્ન કે મુશ્કેલી ઊભી થાય છે ત્યારે તેઓ હંમેશા તેમની પડખે ઉભા રહ્યા છે. છેલ્લા ૧૩ વર્ષથી વધુ સમયથી ખેડૂતોને સિંચાઈની જરૂરિયાત પડે ત્યારે ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા નિસ્વાર્થપણે તેમની વ્હારે આવ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રવિ પાક માટે સિંચાઈની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા દ્વારા તા. ૦૩/૧૨/૨૦૨૫ના રોજ સિંચાઈ વિભાગમાં બાંટવા ખારા ડેમ સહિત અન્ય ડેમોમાંથી સિંચાઈ માટે પાણી છોડાવવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. સિંચાઈ માટે ખેડૂતો પાસેથી ભરવાની થતી રકમ દર વર્ષની જેમ તેઓ પોતે ભરવા તૈયાર હોવાનું પણ રજૂઆતમાં સ્પષ્ટ કરવામાં આવ્યું હતું. આ વર્ષે ઘેડ પંથક સહિત સમગ્ર વિસ્તારમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકશાની પહોંચી હતી. આ હકીકતને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ખેડૂત હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો. ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાની અસરકારક રજૂઆતના પરિણામે આ વર્ષે બાંટવા ખારા ડેમમાંથી રવિ સિંચાઈ માટે કુલ ૮૦.૦૦ એમ.સી.એફ.ટી. પાણી કોઈપણ પ્રકારનો ચાર્જ વસૂલ્યા વિના નિઃશુલ્ક છોડવાની મંજૂરી આપવામાં આવી છે. સરકારની મંજૂરી મળતા આજે તા. ૧૧/૦૧/૨૦૨૬ના રોજ બાંટવા ખારા ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ પાણીનો લાભ માત્ર કુતિયાણા વિસ્તાર પૂરતો સીમિત ન રહેતા માણાવદર તાલુકાના ખેડૂતોને પણ મળશે. પરિણામે રવિ પાકોની વાવણી કરેલ હજારો વીઘા જમીનને સિંચાઈનો સીધો લાભ મળશે. બાંટવા ખારા ડેમમાંથી છોડાયેલું પાણી માણાવદર તાલુકાના કોડવાવ, એકલેરા, ભલગામ, થાપલા, સમેગા તેમજ કુતિયાણા તાલુકાના રેવદ્રા, મૈયારી, ધરસન, તરખાઈ, ગરેજ સહિત ૧૨થી વધુ ગામોના ખેડૂતોને લાભ આપશે. આ ગામોમાં ખેડૂતો દ્વારા વાવણી કરેલ ચણા, ઘઉં સહિતના રવિ પાકોને પૂરતું સિંચાઈ પાણી મળતા પાક ઉત્પાદન વધવાની આશા સેવાઈ રહી છે. ડેમમાંથી પાણી છોડવાની શરૂઆત થતા કુતિયાણા વિધાનસભા મતવિસ્તારના સરપંચો, ખેડૂત આગેવાનો તથા મોટી સંખ્યામાં ખેડૂતો ડેમ સાઈટ પર પહોંચ્યા હતા અને સિંચાઈ માટે છોડાયેલા નવા નીરને વધાવી આનંદ વ્યક્ત કર્યો હતો. ખેડૂતો દ્વારા ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખેડૂત આગેવાનો અને ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાએ સાચા અર્થમાં ખેડૂતોના હિતમાં લોકપ્રતિનિધિ તરીકેની ફરજ નિભાવેલી છે. છેલ્લા ૧૩ વર્ષથી વધુ સમયથી દર વર્ષે ખેડૂતો માટે સિંચાઈના ચાર્જ પોતાની ખિસ્સેથી ભરી યોગ્ય સમયે ડેમમાંથી પાણી છોડાવી તેઓ ખરેખર ખેડૂતોના રક્ષણકર્તા સાબિત થયા છે. આ વર્ષે કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકશાનીને ધ્યાનમાં રાખીને સરકારે પણ સિંચાઈ માટે ભરવાની થતી રકમ માફ કરી નિઃશુલ્ક પાણી છોડવાની મંજૂરી આપતા ખેડૂત વર્ગમાં આનંદ અને સંતોષની લાગણી છવાઈ ગઈ છે.

પોતાના કાર્ડમાંથી સીધા પચાસ હજાર રૂપિયા સુધી લઈ શકે તેનું વ્યાજ 0 ટકા છે

# વાવ થરાદ જીલ્લાના મોટીપાવડ ગામે દૂધ ઉત્પાદક મંડળીએ આપ્યા પશુપાલક બહેનોને ક્રેડીટ કાર્ડ

**સુવિધામાં વધારો** બનાસકાંઠા અને વાવ થરાદની જનતાના સુખનું સરનામું એટલે બનાસ ડેરી

• ત્રિકમ ઠાકોર વાવ થરાદ



ગુજરાત રાજ્યના માનનીય અધ્યક્ષશ્રી,થરાદ વિધાનસભાના સન્માનીય ધારાસભ્યશ્રી અને બનાસડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી સાહેબ દ્વારા પોતાના વિસ્તારની પ્રજાનું કલ્યાણ કઈ રીતે થાય એવી સતત ચિંતા કરવામાં આવે છે. વિસ્તારની મહિલાઓને આર્થિક મદદરૂપ થવાના ઉમદા હેતુથી શંકરભાઈ ચૌધરી સાહેબ દ્વારા કરેલી જાહેરાત મુજબ મોટીપાવડ દૂધ ઉત્પાદક મંડળીના ચેરમેન શ્રી પથુભાઈ રાઠોડ અને સમગ્ર દૂધ ઉત્પાદક મંડળી દ્વારા મોટીપાવડ ગામની 24મહિલાઓને ક્રેડિટકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. પશુપાલને નાનામાં નાના પરિવારને સુખ આપ્યું છે. પોતાની પ્રગતિને એક આગવી ગતિ આપી છે. ગામડાઓના પરિવાર પશુપાલન દ્વારા દિવસેને દિવસે સદ્ધર થઈ રહ્યા છે.

તાજેતરમાં આધુનિક ટેકનોલોજી અને સુચારુ વ્યવસ્થા દ્વારા પશુપાલનનો જે ઝડપથી વિકાસ થઈ રહ્યો છે તે શ્રીમાન શંકરભાઈ ચૌધરી સાહેબને આભારી છે. ચેરમેનશ્રી દ્વારા બનાસડેરીનો સુચારુ વ્યવહાર અને એક આગવી સૂઝ ગામડાના નાનામાં નાના પશુપાલકોને નવી દિશા આપી છે.થોડા સમય પહેલા જ થરાદ તાલુકાના મલુપુર ગામે નવા વર્ષના સ્નેહમિલનમાં બનાસડેરી ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ જાહેરાત કરી હતી કે, બનાસડેરી પશુપાલકોને 50 હજારની લિમિટ સાથે 0% ના વ્યાજે ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે. સૌ કોઈ જાણે છે અને વિશ્વાસ ધરાવે છે કે, શંકરભાઈ ચૌધરી સાહેબ વચન આપે એટલે એ પરિપૂર્ણ જ થાય. બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોને બનાસડેરીએ ક્રેડિટકાર્ડની ભેટની જાહેરાત કરી હતી. ક્રેડિટકાર્ડની જાહેરાતથી જ બનાસડેરીના પશુપાલકોમાં અનેરી ખુશી જોવા મળી હતી જે આજે પરિપૂર્ણ થઈ. બનાસકાંઠા અને વાવ થરાદના પશુપાલકો માટે 50 હજાર રૂપિયાનું ક્રેડિટકાર્ડ ખૂબ જ મદદરૂપ બનશે. કોઈપણ પશુપાલક માતા બહેન એમને એમ લાગે કે તાત્કાલિક પૈસાની જરૂર પડી છે તો પોતાના કાર્ડમાંથી સીધા પચાસ હજાર રૂપિયા સુધી લઈ શકે તેનું વ્યાજ 0 ટકા છે.

સંતરામપુર અને કડાણા તાલુકાના અંતરિયાળ વિસ્તારના

# યુવક-યુવતીઓ માટે પોલીસ ભરતીની નિઃશુલ્ક તાલીમનો પ્રારંભ કરાયો



• સંતરામપુર

સંતરામપુર અને કડાણા તાલુકાના અંતરિયાળ વિસ્તારના યુવક-યુવતીઓ માટે પોલીસ ભરતીની નિઃશુલ્ક તાલીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે.મહીસાગર જીલ્લા પોલીસ અને પ્રાયોજના કચેરી લુણાવાડા તથા પૂર્વ મંત્રી શ્રી તથા ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોરના સંયુક્ત પ્રયત્નોથી સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત આયોજીત 'આગામી પોલીસ ભરતી માર્ગદર્શન સેમિનારમાં રેન્જ આઈ.જી.અંસારી ઉપસ્થિત રહ્યાઆ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસ દળમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોને ભરતી પ્રક્રિયા, શારીરિક કસોટી અને લેખિત પરીક્ષા અંગે સચોટ અને સંપૂર્ણ માર્ગદર્શન આપવાનો હતો. અત્રે ઉલ્લેખનીય છે. કે આગામી ભરતી પ્રક્રિયા અનુસંધાને મહીસાગર જિલ્લા પોલીસ દ્વારા વિવિધ વર્ગો શરૂ કરવામાં આવેલ છે. આ પ્રસંગે રેન્જ મહા નીરિક્ષક આર વી અંસારી દ્વારા યુવાનોને સચોટ માર્ગદર્શન અને ઉત્સાહમા વધારો કરવામાં આવેલ અને ધારાસભ્ય દ્વારા શિક્ષણ અને શારીરિક સ્વાસ્થ્ય અંગે ભારપૂર્વક દિશા નિર્દેશ કરવામાં આવ્યો.મહીસાગર જિલ્લાના યુવાનો માટે પોલીસ ભરતીની નિશુલ્ક તાલીમનો સેવાયજ્ઞ પ્રારંભ રેન્જ આઈ.જી. આર.વી. અસારી,એસ.પી. સફીન હસન અને ધારાસભ્ય ડૉ. કુબેર ડિંડોરની ઉપસ્થિતિ તાલીમમાં જોડાનાર ૪૦૦થી વધુ યુવાનોને નિશુલ્ક ટ્રેકસૂટ, બૂટ અને હેલ્ધી નાસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવીયુવાનો ઘરે બેઠા પણ તૈયારી કરી શકે તે માટે 'ઓલ ઈન વન' એપ્લિકેશન લોન્ચકાર્યક્રમ દરમિયાન રેન્જ આઈ.જી. આર.વી. અસારી અને એસ.પી. સફીન હસને યુવાનોને પ્રોત્સાહિત કર્યાએસ.પી. સફીન હસને યુવાનોને ખાતરી આપી હતી કે ભરતી પ્રક્રિયામાં કોઈપણ મૂંઝવણ હોય તો તેઓ સીધો સંપર્ક કરી શકે છે.

# શિહોરી ભાવાણી પાટી ડાભી દરબાર દ્વારા કર્મચારી ઈન્દુભા ડાભી નું સન્માન કરાયું



• અરવિંદસિંહ. ભટેસરીયા. કાંકરેજ

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ભાવાણીપાટી ડાભી દરબાર દ્વારા નવનિયુક્ત કર્મચારી ઈન્દુભા ડાભી નું સન્માન કરવામાં આવ્યું હતું.મળતી માહિતી પ્રમાણે કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે આવેલ ભાવાણીપાટી ડાભી દરબારો દ્વારા પાટણ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જુનિયર ક્લાર્ક તરીકે પોસ્ટિંગ થયેલ ડાભી ઈન્દુભા ઈસુભા નું ફુલહાર પહેરાવી સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું અને સમગ્ર શિહોરી ગામમાં શિક્ષણનો વ્યાપ વધે તેમજ ભણી ગણી સારી પોસ્ટ ઉપર નોકરી કરે તેવી ડાભી દરબારો દ્વારા આશા વ્યક્ત કરવામાં આવી હતી ત્યારે નવનિયુક્ત કર્મચારી ઈન્દુભા ડાભીએ પોતાના પગારમાંથી ૧૧૦૦૦(અગિયાર હજાર) રૂપિયા શ્રી હડકવાઈ માતાજીના મંદિરના નવનિર્માણ માટે દાન કર્યું હતું અને ઉપસ્થિત લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની શૌર્ય સભામાં ઓપરેશન સિંદૂરની શૌર્યતાને કલાત્મક રીતે ઉજાગર કરતી દીકરી જ્યોતિ સોલંકી

• ગીર સોમનાથ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અનન્ય ચાહક દીકરી કુ. જ્યોતિ સોલંકી સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત આયોજિતશૌર્યસભામાંપહોંચીહતી,તાલાલાનારાતીધાર ગામની આ દીકરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઓપરેશન સિંદૂરની સફળતા દર્શાવતું કલાત્મક સ્કેચ બનાવી, આ શૌર્યસભામાં ઉત્સાહભેર પ્રદર્શિત કર્યું હતું. ધોરણ- ૧૦માં અભ્યાસ કરતી જ્યોતિએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નિઃસ્વાર્થ રીતે અને ભેદભાવ વગર રાષ્ટ્રની પ્રગતિ માટે સખત પરિશ્રમ કરી રહ્યા છે, વડાપ્રધાનશ્રીએ દેશને સુરક્ષિત રાખવા અને આંતકવાદથી બચાવવા માટે સફળતાપૂર્વક ઓપરેશન સિંદૂર ચલાવ્યું હતું, તેનાથી જ પ્રેરિત થઈને આ કલાત્મક સ્કેચ બનાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ સ્કેચમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ચિત્ર સાથે ભારતીય સેનાના શૌર્યરૂપ 'OPERATION SINDOOR ' કલાત્મક રીતે લખ્યું છે. સાથે જ તેની તારીખ પણ દર્શાવવામાં આવી છે. આ શૌર્યસભામાં વિશાળ જનમેદની ઉપસ્થિત રહી હતી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉર્જાસભર અને પ્રેરક સંબોધન નિહાળ્યું હતું.

'સોમનાથ સ્વાભિમાન પર્વ' હવે તા.૧૫ જાન્યુઆરી સુધી યોજાશે

# શ્રદ્ધાળુઓની ભક્તિ અને ધસારાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારનો નિર્ણય

## કલાકારોની પ્રસ્તુતિ સહિત અનેકવિધ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર આ સમયગાળા દરમિયાન રજૂ થશે : પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

• અમદાવાદ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં તા.૮ થી ૧૧ દરમિયાન 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ભવ્યાતિભવ્ય ઉજવણી સોમનાથ ખાતે કરવામાં આવી રહી છે. વડાપ્રધાનશ્રીએ આજના તેમના વક્તવ્યમાં પણ લોકોની શ્રદ્ધા આસ્થા અને ભગવાન ભોળાનાથ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને ધ્યાનમાં રાખીને વધુમાં વધુ લોકો તેનો લાભ લઈ શકે તે માટેનો ભાવ વ્યક્ત કર્યો હતો. લોકોની લાગણી અને માગણી ધ્યાનમાં રાખી અને આ પર્વની ઉજવણી તા.૧૫ જાન્યુઆરી સુધી લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. પ્રવક્તા અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં સોમનાથમાં 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઐતિહાસિક રીતે ઉજવણી થઈ રહી છે. આ પર્વ અન્વયે વડાપ્રધાનશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ 'શૌર્યયાત્રા'માં એક લાખ કરતા વધુ લોકો સહભાગી થયા હતાં અને ભગવાન શિવની ભક્તિમાં લોકો લીન થયા હતાં. તા.૮ થી ૧૧ જાન્યુઆરી સુધી જે રીતે કાર્યક્રમો યોજાયાં હતાં. એ જ શૃંખલામાં તા.૧૫ જાન્યુઆરી સુધી આ અતૂટ શ્રદ્ધાના ૧૦૦૦ વર્ષની ઉજવણી કરવામાં આવશે. જેમાં સમગ્ર ભારત દેશમાંથી શ્રદ્ધાળુઓ સહભાગી થશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત સમગ્ર વહીવટી તંત્રના સફળ પ્રયત્નોને કારણે આ પર્વ સફળતાથી ચાલ્યું છે. ભક્તિમય વાતાવરણમાં શ્રદ્ધાળુઓને અનેકવિધ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર સાથે રોશનીનો રોમાંચ પણ માણવા મળશે. આ પર્વ અન્વયે વડાપ્રધાનશ્રીની ગરીમામય ઉપસ્થિતિમાં ૭૨ કલાકનો અખંડ ઓમકાર નાદ, ૩૦૦૦ ડ્રોનનો મેગા શો અને ૧૦૮ અશ્વોની શૌર્ય યાત્રા તેમજ વિવિધ રાજ્યોમાંથી સોમનાથ ખાતે પધારેલા કલાકારોની અનેકવિધ કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. ભારતીય સંસ્કૃતિના વારસા અને વિરાસતને પુનઃસ્થાપિત કરતા આ ધાર્મિક પ્રસંગને દેશભરના વધુમાં વધુ લોકો માણી શકે એ માટે તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આ પર્વ લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

# ડભોઈ સરદારબાગ પાસે જીવલેણ બનેલી રેલિંગ, નગરપાલિકાની ઘોર બેદરકારી સામે રોષ

### ડભોઇ ઐતિહાસિક ડભોઇ નગરમાં સરદારબાગનું નવીનીકરણ કરાયું



• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ ઐતિહાસિક ડભોઈ નગરમાં સરદારબાગનું નવીનીકરણ તો થયું, પરંતુ તેની આસપાસની સુરક્ષા વ્યવસ્થા રામભરોસે હોય તેવું લાગી રહ્યું છે. સરદારબાગ પાસે રોડની વચ્ચે લગાવેલી લોખંડની રેલિંગો અનેક જગ્યાએથી ઉખડી ગઈછે, જે વાહનચાલકોઅને રાહદારીઓ માટે ગંભીર જોખમ ઉભું કરી રહી છે મુખ્ય સમસ્યાઓ અને જનતાની ચિંતા: અકસ્માતનો ભય: આંબેડકર ચોકથી લઈને રાધે કોમ્પ્લેક્સ સુધીના માર્ગ પર લગાવેલી રેલિંગ અનેક સ્થળોએથી તેની મૂળ જગ્યાએથી નીકળી ગઈ છે. ચાલુ વાહને જો આ રેલિંગ ધરાશાયી થાય, તો મોટી જાનહાની થવાની ભીતિ સેવાઈ રહી છે.પ્રવાસીઓની સુરક્ષા: હાલમાં જ બનેલા નવા સરદારબાગને જોવા માટે રોજના હજારો પ્રવાસીઓ, વૃદ્ધો અને નાના બાળકો અહીં આવે છે. રેલિંગની હાલત એટલી ખરાબ છે કે તે ગમે ત્યારે કોઈ નિર્દોષ નાગરિક પર પડી શકે તેમ છે. ટ્રાફિકમાં અવરોધ: ઉખડી ગયેલી રેલિંગ રોડ તરફ નમેલી હોવાથી વાહનચાલકોએ જીવના જોખમે પસાર થવું પડે છે. રાત્રિના સમયે આ જોખમ બમણું થઈ જાય છે.તંત્ર સામે સ વા લ:સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. 'જો આ બેદરકારીના કારણે કોઈ મોટો અકસ્માત થશે, તો તેનો જવાબદાર કોણ? શું નગરપાલિકા કોઈના મૃત્યુની રાહ જોઈ રહી છે ડભોઈ નગરપાલિકાના સત્તાધીશો આ ગંભીર બાબતને ધ્યાને લઈ વહેલી તકે રીપેરીંગ કામગીરી હાથ ધરે તેવી લોકમાંગ ઉઠી છે. જો સમયસર પગલાં લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ માર્ગ પર કોઈ દુર્ઘટના સર્જાઈ શકે છે.

**માગણી** ૨૦૨૪ સુધીનું પાલક સેન્ટરનું ખર્ચનું ૨૪ લાખ રૂપિયાનું બીલ બાળકીના માતાપિતાને આપ્યું

# જૈન પરિવારની દીકરી અરીહા શાહને ન્યાય મળે તે માટે જર્મન ચાન્સેલરને રજૂઆત કરવા માગણી

### અરીહા શાહને જર્મનીના પાલક સેન્ટરમાંથી મુક્ત કરાવી તેના માતાપિતાને સુપ્રત કરવામાં આવે : શક્તિસિંહ ગોહિલ

જર્મની દેશના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝ અમદાવાદ ખાતે તા. ૧૨ અને ૧૩ જાન્યુઆરીના રોજ આવે છે ત્યારે વડાપ્રધાનશ્રી ગુજરાતના એક જૈન પરિવારની દીકરી અરીહા શાહને ન્યાય અપાવે.અરીહા શાહ જયારે તે માત્ર નવ મહિનાની હતી ત્યારે પરિવાર પાસેથી તેને લઈને જર્મની સરકારે ફોસ્ટર કેર (FOSTER CARE) સરકારી પાલક દેખભાળ સેન્ટરમાં રાખી દીધેલ. અરીહા શાહને જર્મનીના પાલક સેન્ટરમાંથી મુક્ત કરાવી તેના માતાપિતાને સુપ્રત કરવામાં આવે.

UN અન્વેશનમાં સ્પષ્ટ નક્કી થયું છે કે દુનિયાના કોઈપણ બાળકને પોતાની સંસ્કૃતિ અને પોતાના સંસ્કાર જાળવી રાખવાનો સંપૂર્ણ અધિકાર છે. એક તો દીકરીને જબરજસ્તીથી પાલક સેન્ટરમાં રાખી છે અને ઉપરાંત ૨૦૨૪ સુધીનું પાલક સેન્ટરનું ખર્ચનું ૨૪ લાખ રૂપિયાનું બીલ બાળકીના માતાપિતાને આપ્યું છે. જર્મની દેશના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મેર્ઝ અમદાવાદ ખાતે તા. ૧૨ અને ૧૩ જાન્યુઆરીના રોજ આપણા દેશના વડાપ્રધાનના આમંત્રણથી આવી રહ્યા છે. આપણા દેશના વડાપ્રધાનશ્રી તેઓને અમદાવાદ ખાતે આવકારવાના છે ત્યારે ગુજરાતના એક જૈન પરિવારની દીકરી અરીહા શાહને ન્યાય અપાવે તેવી માંગણી કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલે કરી છે. સમગ્ર હકીકત એવી છે કે, ગુજરાતનો એક જૈન પરિવાર કે જે જર્મની ખાતે કામ અર્થે રહે છે તેમની દીકરી અરીહા શાહ જયારે તે માત્ર નવ મહિનાની હતી ત્યારે પરિવાર પાસેથી તેને લઈને જર્મની સરકારે ફોસ્ટર કેર (FOSTER CARE) સરકારી પાલક દેખભાળ સેન્ટરમાં રાખી દીધેલ છે. આજે ૪ વર્ષથી આ દીકરી માતાપિતાથી વિખુટી પડીને જર્મન સરકારના પાલક સેન્ટરમાં છે. હકીકત એમ છે કે, જયારે અરીહા શાહ માત્ર ૯ મહિનાની હતી ત્યારે તેની માતા તેને ઓઈલનો મસાજ આપીને નવડાવી રહ્યા હતા ત્યારે દીકરી અકસ્માતે હાથમાંથી લપસી પડતા પ્લાસ્ટિકના ટબનો એક કિનારો દીકરીના બન્ને સાથળની વચ્ચે વાગ્યો હતો અને તેને થોડી ઈજા થઈ હતી. તુરંત જ દીકરીના માતાપિતા દીકરીને જર્મનીની હોસ્પિટલમાં લઈ ગયા હતા. હોસ્પિટલના સત્તાધીશોએ કહ્યું કે, આ ઈજા અંગત પાર્ટમાં છે માટે પોલીસ કેસ કરવો પડશે કારણ કે સેકસ્યુઅલ એસોલ્ટ પણ હોઈ શકે. માતાપિતાએ પોલીસ તપાસનો સામનો કર્યો અને પોલીસ દ્વારા ક્લીનચીટ મળી હતી આમ છતાં જર્મનીની સરકારે કહ્યું કે તમને બાળકને સાચવતા આવડતું નથી માટે આ બાળકને સરકારી પાલક સેન્ટરમાં રાખી દેવાનું રહેશે. આજે ચાર વર્ષથી આ બાળકી માતાપિતાની છાયા વગર જર્મન સરકારના પાલક સેન્ટરમાં છે. કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલે હકીકતો જણાવતા કહ્યું છે કે, આ સમગ્ર મુદ્દો મેં સંસદ (રાજ્યસભા) માં એક વર્ષ પહેલા ઉઠાવેલો હતો, પરંતુ આમ છતાં અરીહા શાહને ન્યાય નથી મળ્યો. હવે જયારે આપણા વડાપ્રધાનશ્રીએ જર્મનીના ચાન્સેલરને અમદાવાદ આમંત્રિત કર્યા છે ત્યારે અનુરોધ છે કે તેઓ અરીહા શાહનો મુદ્દો ઉઠાવે અને આપણી ભારતીય નાગરિક અરીહા શાહને જર્મનીના પાલક સેન્ટરમાંથી મુક્ત કરાવી તેના માતાપિતાને સુપ્રત કરાવે. કદાચ જરૂરી લાગે તો તેને જર્મનીનાં પાલક સેન્ટરમાં નહી પરંતુ આપણા દેશના કોઈપણ પાલક સેન્ટર અથવા જૈન સમાજના શ્રેષ્ઠીઓના પાકલ પળાની નીચે રાખવામાં આવે. જૈન સમાજમાં કાંદા, લસણ કે કંદમૂળ ખવાતા નથી તેવા સમાજની દીકરી જર્મનીના પાલક સેન્ટરમાં પોતાના સંસ્કાર, ધર્મ અને પરંપરાને કેમ જાળવી શકે ? ચાર વર્ષ દીકરીને થઈ ગયા છે અને હવે પછી જો એ દીકરી જૈન સમાજના સંસ્કારો, ગુજરાતી ભાષા નહીં મેળવી શકે અને જર્મની બોલતી અને જર્મનીના સંસ્કારને સ્વીકારતી થઈ જશે તો પછી ભવિષ્ય માતાપિતા અને બાળકી માટે અંધકારમય બની જશે. UN અન્વેશનમાં સ્પષ્ટ નક્કી થયું છે કે દુનિયાના કોઈપણ બાળકને પોતાની સંસ્કૃતિ અને પોતાના સંસ્કાર જાળવી રાખવાનો સંપૂર્ણ અધિકાર છે. જર્મની સરકારની વધારે પડતી નફફટાઈ તો એ છે કે એક તો દીકરીને જબરજસ્તીથી પાલક સેન્ટરમાં રાખી છે અને ઉપરાંત ૨૦૨૪ સુધીનું પાલક સેન્ટરનું ખર્ચનું ૨૪ લાખ રૂપિયાનું બીલ બાળકીના માતાપિતાને આપ્યું છે. દર મહીને ૫૫ હજાર રૂપિયા પાલક સેન્ટરના ખર્ચના અને આ ઉપરાંત બીજા ખર્ચ ઉમેરીને પરિવાર ઉપર આર્થિક બોજો નાંખવામાં આવી રહ્યો છે. આવી ક્રુરતા આપણા નાગરિક અને આપણી ગુજરાતી દીકરી અને પરિવાર સાથે થતી હોય ત્યારે ચાન્સેલર માત્ર આપણી મહેમાન નવાજી માણીને જાય એ યોગ્ય નથી. જર્મની માંથી આપણી દીકરીને મુક્ત કરાવીને પરિવારને સોંપવાનો સ્પષ્ટ નિર્ણય વડાપ્રધાનશ્રી કરાવે તેવો આગ્રહ છે.

### દિવસે પણ બનતી ચોરીની ઘટનાઓને રોકવા માટે આ સર્વેલન્સ સિસ્ટમ મજબૂત કરવી અનિવાર્ય

# ડભોઈ શહેરમાં સુરક્ષા વ્યવસ્થા સજ્જ કરવા તંત્ર હરકતમાં, બંધ CCTV કેમેરા અને સ્ટ્રીટ લાઈટોનું સમારકામ શરૂ

**સુરક્ષા ઉદ્દેશ્ય** ઈમરજન્સી સમયે કેમેરા ફૂટેજ ખૂબ જ મહત્વના સાબિત થાય છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વધતા જતા ચોરીના બનાવો અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરની વિવિધ ચોકડીઓ અને મુખ્ય વિસ્તારોમાં લાગેલા CCTV કેમેરા તેમજ સ્ટ્રીટ લાઈટોની ચકાસણી અને રિપેરિંગની કામગીરી હાલ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે.ટેકનિકલ ચકાસણી: તંત્ર દ્વારા શહેરના તમામ પોઈન્ટ્સ પર તપાસ કરવામાં આવી રહી છે કે કયા કેમેરા કાર્યરત છે અને કયા ટેકનિકલ ખામીને કારણે બંધ પડ્યા છે. સ્ટ્રીટ લાઈટનું સમારકામ: રાત્રિના સ મ યે અંધારાનો લાભ લઈ અ સામાજિક તત્વો કોઈ ગુનાહિત પ્રવૃત્તિ ન કરે તે માટે બંધ પડેલી સ્ટ્રીટ લાઈટો પણ તાત્કાલિક રિપેર કરવામાં આવી રહી છે.પોલીસને મળશે મદદ: જો કોઈ ઈમરજન્સી ઘટના કે ગુનાહિત બનાવ બને, તો કાર્યરત CCTV કેમેરાની મદદથી પોલીસ ગુનેગારો સુધી ઝડપથી પહોંચી શકશે અને તપાસમાં સરળતા રહેશે.

દિવસે પણ બનતી ચોરીની ઘટનાઓને રોકવા માટે આ સર્વેલન્સ સિસ્ટમ મજબૂત કરવી અનિવાર્ય બની હતી.તંત્રના જણાવ્યા અનુસાર, શહેરના એક પણ વિસ્તારમાં સુરક્ષામાં ખામી ન રહી જાય તે માટે આ કામગીરી હાથ ધરવામાં આવી છે. ઈમરજન્સી સમયે કેમેરા ફૂટેજ ખૂબ જ મહત્વના સાબિત થતા હોય છે, તેથી જ્યાં પણ કેમેરા કે લાઈટમાં ખામી છે તેને ત્વરિત સુધારવામાં આવી રહી છે.



'શહેરની સુરક્ષા અને નાગરિકોની સલામતી માટે તમામ સર્વેલન્સ સિસ્ટમ અપડેટ કરવામાં આવી રહી છે , જેથી કોઈ પણ અઘટિત ઘટના સમ યે વહીવટી તંત્ર અને પોલીસ સજ્જ રહી શકે.'

# થરાદ ખાતે 'સુથાર સમાજ ગૌરવ' કાર્યક્રમ યોજાયો: સરકારી સેવામાં પસંદ થયેલા યુવાનોનું ભવ્ય સન્માન

### યોગ્ય માર્ગદર્શન તથા સહકારથી યુવાનો દેશ-રાજ્ય સ્તરે સમાજનું નામ રોશન કરી શકે છે

• ભરત મિસ્ત્રી વાવ-થરાદ

થરાદ ખાતે વાવ-થરાદ સુથાર યુવા ટીમ (VTSY) દ્વારા સમાજના ગૌરવ સમાન તેજસ્વી યુવાનોના સન્માનાર્થે "સુથાર સમાજ ગૌરવ" કાર્યક્રમનું અત્યંત ભવ્ય અને પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજના યુવાનોને શિક્ષણ, મહેનત અને સરકારી સેવાના માર્ગે આગળ વધવા માટે પ્રોત્સાહિત કરવાનો રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન સમાજના એવા યુવાનો, જેઓ તાજેતરમાં વિવિધ સરકારી વિભાગોમાં નોકરી માટે પસંદ થયા છે, તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. નવી સરકારી નોકરીમાં જોડાયેલા યુવાનોનું આત્મીય સ્વાગત કરી પ્રોત્સાહિત કરાયા હતા. ઉપસ્થિત મહેમાનો અને સમાજના આગેવાનોએ યુવાનોની મહેનત અને લગનને બિરદાવતા જણાવ્યું હતું કે, આવા કાર્યક્રમો સમાજમાં સકારાત્મક વિચારધારા વિકસાવે છે અને અન્ય



વિદ્યાર્થીઓને પણ પ્રેરણા પૂરી પાડે છે. સમાજમાં શિક્ષણનું મહત્વ વધે અને આવનારી પેઢી સરકારી તેમજ ઉચ્ચ અભ્યાસ તરફ આગળ વધે એ હેતુથી આગામી સમયમાં માર્ગદર્શન શિબિર, પ્રેરણાત્મક કાર્યક્રમો અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજવાની પણ આ મંચ પરથી જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર સમાજના "ચમકતા તારલાઓ"નું પણ સન્માન કરાયું હતું. વક્તાઓએ જણાવ્યું હતું કે, સુથાર સમાજમાં અપાર પ્રતિભા છુપાયેલી છે અને યોગ્ય માર્ગદર્શન તથા સહકારથી યુવાનો દેશ-રાજ્ય સ્તરે સમાજનું નામ રોશન કરી શકે છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન સુથાર યુવા ટીમ VTSY દ્વારા સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના આગેવાનો, વડીલો, યુવાનો તથા મોટી સંખ્યામાં સમાજબાંધવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે એકતાનો સંદેશ આપી, આભારવિધિ સાથે સમાપન કરવામાં આવ્યું હતું.

# અમદાવાદના પાલડીમાં કારચાલકે ટુ-વ્હીલર ચાલકને છરી બતાવી રૌફ જમાવ્યો

• અમદાવાદ

અમદાવાદ શહેરના પાલડી ચાર રસ્તા વિસ્તારમાં ગઈકાલે બપોરે એક નાની બાબતને લઈને ટુ-વ્હીલર અને કારચાલક વચ્ચે થયેલી સામાન્ય તકરાર ઝડપથી ઉગ્ર ઝઘડામાં ફેરવાઈ ગઈ, જેમાં કારચાલકે જાહેર રસ્તા પર જ ગાડીમાંથી છરી કાઢીને ટુ-વ્હીલર ચાલકને મારી નાખવાની ખુલ્લી ધમકી આપી હતી. આ ઘટનાનો વીડિયોના કારણે લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે, જેમાં કારચાલકે 'લાલ દરવાજા આવી જા, તારું મર્ડર કરી નાખીશ' જેવા અપશબ્દો બોલીને ધમકી આપતો જોવા મળે છે. ભોગ બનનાર ટુ-વ્હીલર ચાલકે તાત્કાલિક એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધીને વિસ્તારના CCTV ફૂટેજની તપાસ શરૂ કરી છે. આ ઘટનાએ ફરી એકવાર શહેરમાં જાહેર સ્થળે હથિયારોના ઉપયોગ અને રૌફ જમાવવાના વધતા કિસ્સાઓ પર ચિંતા વધારી છે. ગઈકાલે બપોરના સમયે 2 વાગ્યા આસપાસ પાલડી ચાર રસ્તા પાસે ગાડી એક ટુ-વ્હીલર ચાલક અને કાર ચાલક વચ્ચે તકરાર થઈ હતી. પાલડી ચાર રસ્તા પાસે ટુ-વ્હીલર ચાલકે એક અજાણ્યા કાર ચાલકને તું ખૂબ જ સ્પીડમાં ગાડી ચલાવીને લોકોને નુકશાન પહોંચે તે રીતે ચલાવતો હોવાનું કહ્યું હતું. આટલું કહેતા જ અજાણ્યો કાર ચાલક ઉશ્કેરાઈ ગયો હતો. જેથી સામાન્ય બાબતે ટુ વ્હીલર ચાલક અને કાર ચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સામાન્ય બોલાચાલી બાદ જોતજોતામાં આ ઝઘડો વધી ગયો હતો. તેમજ તે બાદ જાહેર રસ્તા પર જ કાર ચાલક પોતાની ગાડીમાં રાખેલી છરી કાઢીને ટુ-વ્હીલર ચાલક સામે ઉગામી હતી. કાર ચાલકે ટુ-વ્હીલર ચાલકને છરી બતાવી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેનો વીડિયો પણ વાયરલ થયો છે. જેમાં કાર ચાલકે ટુ-વ્હીલર ચાલકને ધમકી આપી હતી કે, 'લાલ દરવાજા આવી જા, તારું મર્ડર કરી નાખીશ.' ધોળા દિવસે જાહેર રસ્તા પર હથિયાર બતાવીને ધાકધમકી આપતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. જોકે, તે બાદ અજાણ્યો કારચાલક ત્યાંથી રવાના થઈ ગયો હતો. પોતાનો જીવ જોખમમાં મુકાયેલો જોઈને ટુ-વ્હીલર ચાલકે તાત્કાલિક એલિસબ્રિજ પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો. ભોગ બનનાર યુવકની ફરિયાદના આધારે એલિસબ્રિજ પોલીસે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ વિસ્તારના સીસીટીવી ફૂટેજ તપાસી રહી છે જેથી આરોપીની ઓળખ કરી શકાય.

# જામનગરમાં વિશ્વસ્તરીય હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવશે : મુકેશ અંબાણી

રાજકોટ: વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સના પ્રારંભે દેશના જાણીતા ઉદ્યોગપતિઓએ ગુજરાતના વિકાસ માટે મહત્વની વિગતો જાહેર કરી હતી.રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ જણાવ્યું હતું કે રીલાયન્સ આગામી પાંચ વર્ષમાં ગુજરાતમાં રૂા. સાત લાખ કરોડનું રોકાણ કરશે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત એ રિલાયન્સનું હૃદય છે. છેલ્લા પાંચ વર્ષમાં કંપનીએ અહીં રૂા. ૩.૫ લાખ કરોડનું રોકાણ કર્યું છે. આગામી પાંચ વર્ષમાં વધુ રૂા. સાડા ત્રણ લાખ કરોડનું રોકાણ કરશે.આત્મનિર્ભર ભારતની સંકલ્પના સાકાર કરવાની વિગતોના સંદર્ભમાં તેઓએ વધુમાં જણાવ્યું હતું કે (૧)જામનગરમાં વિશ્વનું સૌથી મોટુ સંકલિત ગ્રીન એનર્જી ઈકો સિસ્ટમ બનાવવામાં આવી રહ્યું છે.જેમાં સોલર, ગ્રીન હાઈડ્રોજન અને સ્ટેનેબલ એવિએશન ફ્યુઅલ જેવા ઉદ્યોગોનો સમાવેશ થશે. જામનગર હવે હાઈડ્રો કાર્બનને બદલે ગ્રીન એનર્જીનું સૌથી મોટુ નિકાસકાર બનશે.(૨) કચ્છમાં મલ્ટી ગીગાવોટ ક્ષમતા ધરાવતો સોલાર પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે (૩) જામનગરમાં ભારતનું સૌથી મોટુ આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ માટે રેડી ડેટા સેન્ટર સ્થાપવામાં આવશે (૪) અમદાવાદમાં વર્ષ ૨૦૩૬માં આયોજિત ઓલિમ્પિક રમતોત્સવમાં રિલાયન્સ ફાઉન્ડેશન ગુજરાત સરકાર સાથે જોડાશે (૫) જામનગરમાં વિશ્વસ્તરિય હોસ્પિટલની સ્થાપના કરવામાં આવશે .

### ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટીના સત્તાધીશો દ્વારા

# એક લાખ થી વધુ વિદ્યાર્થીઓ પર ૧૭૮ ટકા અને દીકરીઓ પર ૩૧૭ ટકા આસપાસ નો જંગી ફી વધારો ઝીંકવાની તૈયારી

### કોંગ્રેસ શાસનમાં પ્રાથમિક થી પી.એચ.ડી. સુધી કન્યા કેળવણી ગુજરાતમાં મફત હતી : ભાજપ શાસનમાં દીકરીઓ શિક્ષણથી વંચિત રહે તે રીતે જંગી ફી વધારો કેટલે અંશે વ્યાજબી ?

• અમદાવાદ

યુનીવર્સીટી સત્તાધીશો ફી ના વ્યાજબીપણા સાથે ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગના દી ક રા - દી ક રી ઓ ને શિક્ષણનો અધિકાર આપે જ્ઞાન અને શિક્ષણનો વિકાસ તથા પ્રસાર વિવિધ સાધનો દ્વારા કરીને વસ્તીના મોટા ભાગને ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડવી. સમુદાયના સામાન્ય શૈક્ષણિક કલ્યાણને પ્રાત્સાહન આપવા તે હેતુ થી ૧૯૯૪માં સ્થપાયેલ ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટી(BAOU) ના સત્તાધીશો દ્વારા એક લાખથી વધુ વિદ્યાર્થીઓ પર ૧૭૮ ટકા અને દીકરીઓ પર ૩૧૭ ટકા આસપાસનો મસમોટો ફી વધારો ઝીંકવાની દરખાસ્ત અંગે આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટી(BAOU) દ્વારા ૭૨ થી વધુ અભ્યાસક્રમો સાથે ૫૦૦ જેટલા સ્ટડી સેન્ટરો કાર્યરત છે. તાજેતરમાં યુનીવર્સીટીના સત્તાધીશોએ બેચલર ઓફ આર્ટસમાં ભાઈઓ પર ૧૭૮ ટકા અને દીકરીઓના અભ્યાસક્રમ માટે ૩૧૭ ટકા જેટલો વધારો મુક્વાનીં દરખાસ્ત કરી દેવામાં આવી છે. બેચલર ઓફ આર્ટસમાં હાલ ભાઈઓ માટે રૂ. ૧૮૦૦/- અને બહેનો માટે રૂ. ૧૨૦૦/- પ્રતિવર્ષ જેના યુનીવર્સીટીના સતાધીશો દ્વારા પ્રતિવર્ષ રૂ. ૫૦૦૦/- જેટલો જંગી વધારોની દરખાસ્ત કરવામાં આવી છે. અમુક અભ્યાસક્રમમાં ૧૨૫ ટકા, બી.એડ અભ્યાસક્રમમાં ૧૫૦ ટકા ફી વધારાની દરખાસ્ત છે. યુનીવર્સીટી સત્તાધીશો સગવડો, સુવિધા અને બ્યુટીફીકેશનના નામે લાખો રૂપિયાનો આડેધડ ખર્ચ કરી રહ્યા છે. બીજી બાજુ, સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પર જંગી ફી વધારો કરવા આગળ વધી રહ્યા છે. કોંગ્રેસ શાસનમાં પ્રાથમિક થી પી.એચ.ડી. સુધી કન્યા કેળવણી ગુજરાતમાં મફત હતી, ભાજપ શાસનમાં દીકરીઓ શિક્ષણથી વંચિત રહે તે રીતે જંગી ફી વધારો કેટલે અંશે વ્યાજબી ? યુનીવર્સીટી સત્તાધીશો ફી ના વ્યાજબીપણા સાથે ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગના દીકરા-દીકરીઓને શિક્ષણનો અધિકાર આપે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

# PSI-LRDની શારીરિક પરીક્ષાના કોલલેટર 12 જાન્યુઆરીથી ડાઉનલોડ કરી શકાશે

### 9મી જાહેર થવાના હતા પણ ટેક્નિકલ કારણોસર થયા નહોતા

• અમદાવાદ

ગુજરાત પોલીસમાં જોડાવાનું સપનું જોતા લાખો યુવાનો માટે મોટા સમાચાર આવ્યા છે. ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ વિભાગના વર્ગ-3 સંવર્ગ હેઠળ પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષક દળ (LRD)કેડરનીકુલ13,591જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ આગળ વધારો થયો છે. ભરતી બોર્ડે આ જગ્યાઓ માટેની શારીરિક કસોટીની તારીખો જાહેર કરી દીધી છે. ભરતી બોર્ડ દ્વારા પહેલા કોલ લેટર માટે 9 તારીખ નક્કી કરવામાં આવી હતી પરંતુ ટેક્નિકલ કારણોસર હવે 12 તારીખથી કોલ લેટર ડાઉનલોડ કરી શકાશે. ભરતી બોર્ડની જાહેરાત અનુસાર, PSIઅને LRD માટેની ફિઝિકલ ટેસ્ટ આગામી 21 જાન્યુઆરીએ બપોરે 2 વાગે શરૂ થશે. રાજ્યના વિવિધ કેન્દ્રો પર ઉમેદવારોની દોડ, ઉંચાઈ-છાતી માપતેમજઅન્યશારીરિકકસોટીઓનું આયોજન કરવામાં આવશે. લાંબા સમયથી ભરતી પ્રક્રિયાની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે આ સમાચાર રાહતરૂપ સાબિત થયા છે. ભરતી બોર્ડે વધુમાં જણાવ્યું છે કે, શારીરિક કસોટી માટેના કોલ લેટર 12 જાન્યુઆરીથી ઉપલબ્ધ કરવામાં આવશે. ઉમેદવારો અધિકૃત વેબસાઈટ પરથી પોતાનું કોલ લેટર ડાઉનલોડ કરી શકશે. કોલ લેટરમાં ઉમેદવારની પરીક્ષા તારીખ, સમય, કેન્દ્ર તેમજ જરૂરી સૂચનાઓ આપવામાં આવશે. PSI અને LRD ભરતી માટે રાજ્યભરમાંથી લાખો યુવાનો અરજી કરી ચૂક્યા છે. આ ભરતીને લઈને ઉમેદવારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પોલીસ દળમાં જોડાઈને રાજ્યસેવા કરવાનો અવસર મળતા યુવાનો લાંબા સમયથી તૈયારીમાં જોડાયેલા હતા. ગુજરાત પોલીસ ભરતી બોર્ડે ઉમેદવારોને અપીલ કરી છે કે, કોલ લેટરમાં આપવામાં આવેલી તમામ સૂચનાઓનું પાલન કરે અને સમયસર પરીક્ષા કેન્દ્ર પર હાજર રહે. શારીરિક કસોટી દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ સહન કરવામાં આવશે નહીં.

## સૌરાષ્ટ્ર-કચ્છમાં રોકાણનો 'યહી સમય, સહી સમય' : મોદી

રાજકોટઃ ભારત ઝડપથી વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બનવા જઈ રહી છે, સૌરાષ્ટ્ર-કચ્છ દેશના વિકાસનું મુખ્ય આકર્ષણ છે ત્યારે ઉદ્યોગપતિઓને અહીં રોકાણ માટે યહી સમય હૈ, સહી સમય હૈ તેમ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અત્રે જણાવ્યું હતું. રાજકોટથી ૧૧ કિ.મી.ના અંતરે મોરબી રોડ પર મારવાડી યુનિવર્સિટીમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિયન સમિટ- સૌરાષ્ટ્રકચ્છના આજે ઉદ્ઘાટન બાદ ઉપસ્થિત રોકાણકારો,મહાનુભાવોને સંબોધન કરતા તેમણે જણાવ્યું કે ગુજરાતમાં વિકાસ ભી, વિરાસત ભી એમ કહીને આ પ્રદેશ માત્ર ભારતના વિકાસનું મુખ્ય આકર્ષણકેન્દ્ર બન્યું છ અને દેશને વિશ્વભરમાં મેન્યુફેક્ચરીંગ હબ બનાવવામાં આ પ્રદેશની ભુમિકા ખૂબ મોટી છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં રોકેલી પાઈ પાઈ શાનદાર વળતર આપશે. ઈ.૨૦૦૩માં ગુજરાતમાં સૌપ્રથમવાર મુખ્યમંત્રી તરીકે વાઈબ્રન્ટ સમિટ યોજનાર અને આ સમિટનો રાજ્યના જુદા જુદા વિભાગોની આગવા પોટેન્શિયલને પર્ફોમન્સમાં બદલવાનો જણાવીને વડાપ્રધાને કહ્યું ગુજરાતમાં નેચર, એડવેન્ચર,કલ્ચર અને હેરિટેજનું અદ્ભૂત મિશ્રણ છે. અહીં લોથલમાં નેશનલ મેરિટાઈમ હેરિટેજ ૪૫૦૦ વર્ષ પુરાની દરિયાઈ વિરાસતનું પ્રતિક છે.

ઝબ્બે

### ગાંધીનગરમાં ડીઝલ ચોરીના રેકેટનો પર્દાફાશ

# ઉવારસદમાં પોલીસે ત્રાટકી પાન પાર્લરની આડમાં ચાલતું રેકેટ ઝડપી 20 લાખનો મુદ્દામાલ કર્યો જપ્ત

### ઉવારસદ-શેરથા રોડ પર આવેલા સુંદર પાન પાર્લરનો માલિક મુખ્ય સૂત્રધાર

• ગાંધીનગર

ગાંધીનગર નજીક આવેલા ઉવારસદ ગામમાં પાન પાર્લરની આડમાં ચાલતા ડીઝલ ચોરીના એક વ્યવસ્થિત નેટવર્કનો અડાલજ પોલીસે પર્દાફાશ કરી રૂ. 20.16 લાખનો મુદ્દામાલ સાથે બે શખસોને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જોકે પોલીસને જોઈ મુખ્ય સૂત્રધાર અંધારાનો લાભ લઈને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ગાંધીનગરના ઉવારસદ ગામમાં પાન પાર્લરની આડમાં ચાલતા ડીઝલ ચોરીના કાળા કારોબાર પર અડાલજ પોલીસ ત્રાટકી હતી. અડાલજ પોલીસ સ્ટેશનના પીઆઈ એલ.ડી.ઓડેદરાની ટીમ નાઈટ પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન બાતમી મળી હતી કે, ઉવારસદ-શેરથા રોડ પર આવેલા સુંદર પાન પાર્લરનો માલિક જયેશ વિહાજી ઠાકોર ડમ્પર ચાલકો સાથે મળીને ડીઝલ ચોરીનું રેકેટ ચલાવી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે દરોડો પાડતા એક આઈવા ડમ્પરની પાર્કિંગ લાઈટ ચાલુ હતી. એ વખતે પોલીસને જોઈને પાન પાર્લરનો માલિક જયેશ ઠાકોર અંધારાનો લાભ લઈ ખેતરોમાં ભાગી ગયો હતો, પરંતુ પોલીસે ડમ્પર પાસે ઉભેલા ડ્રાઈવર મુકેશજી ગલાજી



ઠાકોર અને દિલીપ કડવાજી ઠાકોર (બંને રહે. ગંગેટ, પાટણ)ને કોર્ડન કરી ઝડપી લીધા હતા.

બાદમાં પોલીસે વધુ તપાસ કરતા ડમ્પરની ડીઝલ ટાંકી ખુલ્લી મળી આવી હતી. જેમાં કેસરી રંગની પાઈપ નાખીને કેરબામાં ડીઝલ કાઢવાનો ગોરખધંધો ચાલુ હતો. ત્યારે પકડાયેલા શખસોની પૂછપરછમાં બહાર આવ્યું હતુ કે ડ્રાઈવર મુકેશજી છેલ્લા બે મહિનાથી જયેશ ઠાકોરને ડમ્પરની ટાંકીમાંથી ડીઝલ કાઢી આપતો હતો. જયેશ તેની પાસેથી માત્ર 70 રૂપિયા પ્રતિ લિટરના ભાવે આ ડીઝલ ખરીદીને સંગ્રહ કરતો હતો. પોલીસે જ્યારે પાર્લરની આસપાસ તપાસ કરી તો ત્યાં પડેલી એક સફેદ ઈકો ગાડીમાંથી પણ 100 લિટર ડીઝલ ભરેલા બે મોટા કેરબા મળી આવ્યા હતા. આ ઉપરાંત પાર્લરની બાજુમાં કપડાની આડમાં છુપાવીને રાખેલા 25 જેટલા ખાલી કેરબા પણ મળી આવ્યા હતા. જેનો ઉપયોગ ડીઝલના સંગ્રહ માટે કરવામાં આવતો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે અંદાજે 18 લાખની કિંમતનું આઈવા ડમ્પર, 2 લાખની કિંમતની ઈકો ગાડી, 120 લિટર ડીઝલ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ. 20.16 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપી જયેશ ઠાકોર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### દલિત સમાજમાં લગ્ન કર્યા હોવાથી તેને નાત બહાર કરાયો હતો

# અમદાવાદમાં નકલી અધિકારી બની મહિલા પર દુષ્કર્મ આચરનાર આરોપીને આજીવન કેદ

**જૈસી કરની વૈસી ભરની**

### અદાલતે આરોપીને આજીવન કારાવાસની સજા અને આશરે 04 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો



• અમદાવાદ

વર્ષ 2020માં અમદાવાદ શહેરના ઈસનપુર પોલીસ મથકે મૂળ સુરેન્દ્રનગરના પ્રકાશ દેસાણી સામે દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય, અપહરણ, સરકારી અધિકારીની ખોટી ઓળખ જેવી કલમો અંતર્ગત પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેનો કેસ અમદાવાદ સીટી સેશન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે 32 સાહેદ અને 33 પુરાવાને આધારે આરોપીને આજીવન કારાવાસની સજા અને આશરે કુલ ચાર લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. આ આરોપી કોલકાતાથી ઝડપાયો હતો. કેસને વિગતે જોતા એક વ્યક્તિ અને ભોગ બનનાર મહિલાને પ્રેમ સંબંધ હતો. ભોગ બનનાર મહિલા રીક્ષામાં લાંભા તરફ જઈ રહી હતી. ત્યારે તેની રીક્ષાને એક રિક્ષાએ રોકી હતી અને અંદર બેસેલા વ્યક્તિઓએ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ અધિકારી તરીકે ઓળખ આપી હતી. તેમજ ચોરીના કેસમાં મહિલા ઉપર આક્ષેપ હોવાનું જણાવ્યું હતું. તેથી ગાયકવાડ હવેલી પોલીસ મથકે જવા મહિલાને રિક્ષામાં બેસવા જણાવ્યું હતું. આરોપીઓએ મહિલાનું અપહરણ કર્યું હતું અને તેના પ્રેમી સાથે તેના જ ફોન પરથી વાત કરાવીને 30 હજાર રૂપિયા માંગ્યા હતા. બાદમાં પીડિતાનો ફોન બંધ કરી દીધો હતો. આથી મહિલાના પ્રેમીએ પોલીસને જાણ કરી હતી અને 10 હજાર રૂપિયા આરોપીઓએ કહેલા ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. છેવટે ભોગ બનનાર ગમે તેમ કરીને પોતાના ઘરે આવી હતી. ત્યારે પોલીસે ફરિયાદ નોંધીને તેનું નિવેદન નોંધ્યું હતું. પીડિતાના જણાવ્યાનુસાર, આરોપીઓએ રિક્ષામાંથી તેને એક ગાડીમાં લઈ ગયા હતા. જ્યાં આરોપીઓએ રસ્તા વચ્ચેથી દારૂની બોટલ લીધી હતી. ત્યારે ધોળકા પાસે આરોપીઓ મહિલાને એક નિર્જન સ્થળે લઈ ગયા હતા. જ્યાં તેની ઉપર સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય અને દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આરોપીઓ જ્યારે નશામાં હતા. તેનો લાભ લઈને ભોગ બનનાર ભાગી છૂટી હતી. ઓળખ પરેડમાં ભોગ બનનાર મહિલાએ આરોપીઓને ઓળખી બતાવ્યો હતો. પોલીસે મુદ્દા માલ કબજે કર્યો હતો. ભોગ બનનારે એવું પણ જણાવ્યું હતું કે આરોપીઓ તેને રીક્ષામાં એક પોલીસ સ્ટેશનથી દૂર ઊભી રાખીને એક વ્યક્તિ પોલીસ મથકમાં પણ ગયો હતો. વળી ભોગ બનનાર સાથે દુષ્કર્મ આચરતા પહેલા આરોપીઓએ તેને દારૂનું સેવન કરવા જણાવ્યું હતું. જેનો તેને ઈન્કાર કરતા તેને જબરજસ્તી દારૂનું સેવન પણ કરાવ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ મહિલાને કપડાં ઉતારવા કહ્યું હતું. પરંતુ મહિલાએ ના પાડતા બળજબરીથી તેના પર દુષ્કર્મ અને સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું, તેમજ માર માર્યો હતો. આરોપીઓએ વધુ દારૂ પી લેતા તે નશામાં હતા, ત્યારે મહિલા ભાગી છુટી હતી. મહિલાને શરીરમાં દુઃખાવો થતાં તે નજીકના આવેલા કેટલાક ઘરના લોકોનો સંપર્ક કર્યો હતો. જ્યાં બે મહિલાઓએ તેની મદદ કરી હતી. ત્યાંથી પોતાના ઘરે પહોંચી હતી અને પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આરોપી વતી રજૂઆત કરવામાં આવી હતી કે તેને દલિત સમાજમાં લગ્ન કર્યા હોવાથી તેને નાત બહાર કરાયો હતો. તેના કાકા સસરા પોલીસ ઈન્સ્પેક્ટર હોવાથી તેને ફસાવવા માટે આ ખોટો કેસ ઊભો કરાયો છે. જો કે, અદાલતે આરોપીને આજીવન કારાવાસની સજા અને આશરે 04 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

# "હરિદ્વારમાં માં ગંગાના ક્યારેય દર્શન ન કર્યા હોય તેવા વડીલો માટે નિઃશુલ્ક દર્શનયાત્રા"

### ભારત વિકાસ પરિષદ થરાદ દ્વારા 23 ફેબ્રુઆરીએ યાત્રાનો પ્રારંભ કરાશે

• રાજેશ જોષી : વાવ-થરાદ

વ્યક્તિ નિર્માણ થી રાષ્ટ્ર નિર્માણ ના ધ્યેય ને વરેલી સંસ્થા ભારત વિકાસ પરિસદ થરાદમાં 15 વર્ષ કરતા વધુ સમય થી કાર્યરત છે. સંપર્ક, સહયોગ, સંસ્કાર , સેવા અને સમર્પણ એવા પાંચ સુત્રો સાથે કાર્ય કરતી સંસ્થા ભારત વિકાસ પરિષદ દ્વારા થરાદ તાલુકા માંથી ક્યારેય દર્શન ન કર્યા હોય તેવા અલગ અલગ સમાજના 65 થી વધુ અશક્ત વડીલોને હરિદ્વારમાં માં ગંગાના દર્શન માટે દાતાઓના સહયોગથી 23 ફેબ્રુઆરીએ સોમવારથી યાત્રાનો પ્રારંભ કરાશે. આ નિઃશુલ્ક હરિદ્વાર યાત્રામાં વડીલોને પ્લેન દ્વારા તેમજ રીટનમાં રાજધાની A.C ટ્રેન દ્વારા પ્રવાસનું આયોજન કરાયું છે. આ યાત્રા પ્રવાસ્ તારીખ 23 ફેબ્રુઆરીએ સવારે 07:30 થી યાત્રામાં આવનાર તમામ વડીલોનું તિલક કરીને સન્માન પૂર્વક લગઝરી બસ દ્વારા અમદાવાદ એરપોર્ટ લઈ જવાનું નિર્ધારિત કરાયુ છે. આ યાત્રા પ્રવાસ માં જોડાયેલ



તમામ લાભાર્થી નું ચામુંડા માતા મંદિર, માધવ નગર, થરાદ ખાતે થરાદ ના જાણીતા ફીઝીસીયન ડૉ. દિનેશભાઈ ચૌહાણ(માધવ હોસ્પિટલ થરાદ) દ્વારા "ફી" મેડીકલ ચેકઅપ તેમજ યશ લેબોરેટરી ( જે.પી .જોષી) દ્વારા કમ્પ્લેટ બ્લડ કાઉન્ટ , ડાયાબીટીસની તેમજ બ્લડ ગ્રૂપ ની " ફી " તપાસ કરી આપવામાં આવી અને યાત્રા પ્રવાસ માં જોડાયેલ તમામ વડીલોના પરિવાર જનોની હાજરીમાં સંમતિ પત્રક ભરવામાં આવ્યુ. આ નિઃશુલ્ક " હરિદ્વાર દર્શનયાત્રા " ના પ્રવાસ પહેલા લાભાર્થી તેમજ ભારત વિકાસ પરિષદ ના તમામ સભ્યોના પરિવાર જનોની હાજરીમાં દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવશે. આ યાત્રાપ્રવાસ ને લઈને વડીલોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# અમદાવાદના ધંધુકા-ફેદરા હાઈવે પર અકસ્માતઃટ્રક પાછળ ડમ્પર ઘૂસતા ડ્રાઈવર ઈજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયો


• અમદાવાદ

અમદાવાદ જીલ્લાના ધંધુકા-ફેદરા હાઈવે પર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. એક ઉભેલા ટ્રકની પાછળ ઝડપભેર આવતું ડમ્પર ઘૂસી જતાં ડમ્પર ચાલકને ગંભીર ઈજાઓ થઈ હતી. મળી આવતી જાણકારી પ્રાપ્ત માહિતી અનુસાર, હાઈવે પર એક ટ્રક રોડ કિનારે ઉભો હતો. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલા ડમ્પરના ચાલકે નિયંત્રણ ગુમાવતા તે સીધું ઉભેલા ટ્રકના પાછળના ભાગમાં અથડાયું હતું. ટક્કર એટલી જોરદાર હતી કે ડમ્પરનો આગળનો ભાગ સંપૂર્ણપણે દબાઈ ગયો હતો. ઘટનાસ્થળે લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી અને તાત્કાલિક પોલીસ તેમજ 108 ઈમરજન્સી સર્વિસને જાણ કરવામાં આવી હતી. બચાવ ટીમે ઘટનાસ્થળે પહોંચીને



લગભગ એક કલાકની જહેમત બાદ ડમ્પર ચાલક ધવલ બારૈયાને બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્ત ધવલભાઈને તાત્કાલિક સારવાર અર્થે ધંધુકાની આર.એમ.એસ. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક તારણ મુજબ, ડમ્પરની વધુ ઝડપ અને હાઈવે પર ઓછી વિઝિબિલિટીને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું મનાય છે.

## પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની 8 રીલ સાથે એક યુવક ઝડપાયો



નડિયાદ : ચકલાસી પોલીસે શનિવારે સાંજે મીઠા ફેક્ટરી રોડ ઉપરથી એક યુવકને ચાઈનીઝ દોરીની ૮ રીલ (કિંમત રૂ.૨,૪૦૦)ના જથ્થા સાથે ઝડપી પાડયો હતો. આ બનાવ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

ચકલાસી પોલીસ શનિવારે સાંજે પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળેલ કે મીઠા ફેક્ટરી નજીક વડાપાઉંની દુકાન પાસે એક યુવક પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ખાનગી રીતે વેચાણ કરે છે. જેથી પોલીસે રેડ પાડતા લારી પાસેથી મળી આવેલ યુવકની પૂછપરછ કરતા આઝાદ વિનુભાઈ ઠાકોર (રહે. કંજોડા રોડ, નાની નહેર, ભાખરપુરા, ચકલાસી) પાસેથી ચાઈનીઝ દોરીની ૮ રીલ (કિંમત રૂ.૨,૪૦૦)નો જથ્થો મળી આવ્યો હતો. શખ્સ આ ચાઈનીઝ દોરી સુભાષભાઈ પરમાર નામના ખોડી વિસ્તાર અલિન્દ્રાના યુવક પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. આ બનાવ અંગે ચકલાસી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### સંસ્થાના શિક્ષકો અને વાલીઓના યોગદાનને પણ બિરદાવ્યું

# ધોળકાની દિવ્યાંગ દીકરી ધ્રુમી પટેલે રાજ્ય કક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

• અમદાવાદ

અમદાવાદ જીલ્લાના ધોળકાની દિવ્યાંગ દીકરી ધ્રુમી પટેલે રાજ્ય કક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. આ સિદ્ધિથી ધોળકા અને અમદાવાદ જિલ્લાનું નામ રોશન થયું છે. આ સ્પર્ધા હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે 05/01/2026 થી 08/01/2026 દરમિયાન યોજાઈ હતી. ન્યૂ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત 'ફ્રીડમ ડે કેર સેન્ટર', ધોળકાના પાંચ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ તેમાં ભાગ લીધો હતો. ધ્રુમી પટેલે 100 મીટર વોક સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક (બ્રોન્ઝ




મેડલ) મેળવ્યો હતો. અન્ય સહભાગી વિદ્યાર્થીઓમાં મો. જબીર મહંમદ યુસુફ વોરા, તેહમીનાબાનુ યાસીનમિયા શેખ, સોહાનાબાનુ મહંમદ યુસુફ વોરા અને બાદલ અશ્વિનભાઈ જાદવનો સમાવેશ થાય છે. સંસ્થાના પ્રમુખ ભાવિનભાઈ પરમાર અને હરીશભાઈ પરમારે વિજેતા ધ્રુમી પટેલ તેમજ અન્ય સહભાગી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સંસ્થાના શિક્ષકો અને વાલીઓના યોગદાનને પણ બિરદાવ્યું હતું.

## ન્યૂઝ ઇન ફોકસ

## ખંગેલાથી કુલર ફ્રેમની આડમાં લઈજવાતો દારૂ ઝડપાયો

**દાહોદ :** ગુજરાત-મધ્યપ્રદેશ સરહદ પર આવેલી ખંગેલા ચેકપોસ્ટ પાસેથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે કતવારા પોલીસ મથક વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસે પ્લાસ્ટિકના કુલરની ફ્રેમની આડમાં સંતાડીને લઈ જવાતો 21,69,564ની કિંમતનો દારૂ-બીયરનો જથ્થો જપ્ત કર્યો છે.પ્રાપ્ત વિગત અનુસાર LCBની ટીમે રાતના સમયે ખંગેલા ચેકપોસ્ટઉપર શંકાસ્પદ આઈસર ટ્રક MP-09-GH- 5071ને અટકાવી તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની 271 પેટીઓ મળી આવી હતી. જેમાં કુલ 7,188 બોટલો ભરેલી હતી. પોલીસે 15 લાખની ટ્રક, દારૂ અને મોબાઈલ સહિત કુલ 36,74,564નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે રાજસ્થાનના ચાલક જયરામ તેજારામ જાટની ધરપકડ કરવામાં આવી છે.પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આ જથ્થો રાજસ્થાનથી ભરી ગુજરાતમાં પહોંચાડવાનો હતો. એલસીબીએ ચાલક અને અન્ય આરોપી અનિલ પાંડે વિરુદ્ધ કતવારા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે. આ મામલે ચાલક જયરામની વધુ પુછપરછ શરૂ કરાઈ છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદે આવેલા દાહોદ જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી બુટલેગરો સક્રિય બની ગયા છે. અને દારૂ ઘુસાડવાનું ષડયંત્ર કરી રહ્યા છે. જોકે પોલીસની સતર્કતાથી યોજના નિષ્ફળ બની છે.

## ગોધરાનો આરોપી 90 હજારના દારૂ સાથે ઝડપાયો



**દાહોદ :** દાહોદ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ દારૂબંધી ભંગ સામે વધુ એક સફળ કાર્યવાહી કરી છે. LCB ટીમે ગરબાડા તાલુકાના ભાભરા ચોકડી પાસેથી 90,060 રૂપિયાનો વિદેશી દારૂ અને 5 લાખ રૂપિયાની સ્વિફ્ટ કાર સાથે ગોધરાના એક આરોપીને ઝડપી પાડ્યો છે.LCB ટીમને બાતમી મળી હતી કે મધ્ય પ્રદેશના સેજાવાડા ખાતેથી એક સ્વિફ્ટ કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ગુજરાતમાં લાવવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે, LCB ટીમે ગરબાડા તાલુકાના ભાભરા ચોકડી નજીક વોચ ગોઠવી હતી.વોચ દરમિયાન, LCB ટીમે GJ-12-FE-1902 નંબરની સ્વિફ્ટ કારને અટકાવી તપાસ કરી હતી. તપાસ કરતા કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને ટીન બિયરનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક સંજયભાઈ પટેલને ઝડપી પાડ્યો હતો.આરોપી પાસેથી કુલ 17 પેટીમાં 474 નંગ દારૂની બોટલો (કિંમત રૂ. 90,060), દારૂની હેરાફેરીમાં વપરાયેલી સ્વિફ્ટ કાર (કિંમત રૂ. 5,00,000) અને એક મોબાઈલ ફોન (કિંમત રૂ. 5,000) સહિત કુલ 5,95,060 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આ મામલે દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી વિરુદ્ધ દારૂબંધી કાયદા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



• 1 હજાર વર્ષ અગાઉ આ સ્થળ પર કેવો માહોલ રહ્યો હશે! આપણાં પૂર્વજોએ આસ્થા, વિશ્વાસ અને મહાદેવજી માટે બલિદાન આપ્યા. હજાર વર્ષ બાદ આજે પણ સોમનાથ મહાદેવ મંદિરના શિખર પર લહેરાતી ધ્વજા ભારતની શક્તિ અને સામર્થ્યનું આહ્વાન કરી રહી છે.

# ગઝની-ઔરંગઝેબ ઈતિહાસમાં ખોવાઈ ગયા, સોમનાથ મંદિર આજે પણ અડીખમ: PM મોદી

## વડાપ્રધાન મોદી સોમનાથથી સીધા રાજકોટ પહોંચ્યા

• સોમનાથ

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં યોજાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં સહભાગી થવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ સોમનાથની મુલાકાતે છે. આજે (11મી જાન્યુઆરી) પ્રવાસના બીજા દિવસે પીએમ મોદી સોમનાથમાં વિશેષ પૂજા-અર્ચના કર્યા બાદ ભવ્ય રોડ-શો (શૌર્યયાત્રા) યોજશે અને ત્યારબાદ રાજકોટ તેમજ ગાંધીનગરના કાર્યક્રમોમાં હાજરી આપશે.

વડાપ્રધાન સોમનાથમાં શૌર્યયાત્રા, મંદિરમાં પૂજા અને સભા સંબોધન બાદ સોમનાથથી સીધા રાજકોટ પહોંચ્યા હતા અને રિજનલ વાઈબ્રન્ટ સમિટનું ઉદઘાટન કર્યું હતું. જ્યાં અનેક એમઓયુ થવાની શક્યતા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના ગુજરાતનાં પ્રવાસે છે. આજે તેઓ સોમનાથ મહાદેવ મંદિર સ્વાભિમાન પર્વમાં સામેલ થયા હતા. 108 અશ્વો સાથે ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરાયું હતું. જે બાદ પીએમ મોદીએ સોમનાથ મહાદેવની પૂજા અર્ચના કરી. દર્શન બાદ પીએમ મોદીએ સભા પણ સંબોધિત કરી હતી. તેમને કહ્યું હતું, કે સોમનાથ સ્વાભિમાન પર્વમાં ગર્વ, ગરિમા, ગૌરવ અને જ્ઞાન છે. ૐકારનો નાદ, મંત્રોચ્ચાર, ડ્રોન શો, શૌર્ય યાત્રા, ભજન... બધુ મંત્ર-મુગ્ધ કરી દે તેવું હતું.

પીએમ મોદીએ કહ્યું હતું, કે 1 હજાર વર્ષ અગાઉ આ સ્થળ પર કેવો માહોલ રહ્યો હશે! આપણાં પૂર્વજોએ આસ્થા, વિશ્વાસ અને મહાદેવજી માટે બલિદાન આપ્યા. હજાર વર્ષ બાદ આજે પણ સોમનાથ મહાદેવ મંદિરના શિખર પર લહેરાતી ધ્વજા ભારતની શક્તિ અને સામર્થ્યનું આહ્વાન કરી રહી છે. ગઝની અને ઔરંગઝેબ જેવા આક્રમણકારી વિચારી રહ્યા હતા કે તેમની તલવાર જીતી ગઈ. કટ્ટરપંથીઓ સમજી ન શક્યા કે જે સોમનાથને તે નષ્ટ કરવા માંગતા હતા, તેના નામમાં જ સોમ એટલે કે અમૃત જોડાયેલું છે.

ગઝનીથી લઈને ઔરંગઝેબ સહિત સોમનાથ પર હુમલો કરનારા આક્રમણકારીઓ ઈતિહાસના પાનાંમાં દટાઈ ગયા, પણ સોમનાથ મહાદેવ મંદિર સમુદ્રના તટ પર આજે પણ અડીખમ ઊભું છે. પીએમ મોદીએ કહ્યું હતું, કે સોમનાથ પર આક્રમણના 1 હજાર વર્ષ પૂર્ણ થયા. મંદિરના પુનઃનિર્માણના પણ 75 વર્ષ પૂર્ણ થયા. સોમનાથ નષ્ટ કરવા માટે એક નહીં, અનેક વખત પ્રયાસ થયા. વિદેશી આક્રમણકારીઓએ સદીઓ સુધી ભારતને નષ્ટ કરવા પ્રયાસ કર્યા. પણ ના સોમનાથ નષ્ટ થયું, ના ભારત.

• શ્રીધર વેમ્બુની પત્ની પ્રમિલા શ્રીનિવાસન અમેરિકામાં શિક્ષણવિદ અને બિઝનેસ વૂમન

# ઝોહોના સ્થાપક શ્રીધર વેમ્બુને છૂટાછેડા રૂ.15 હજાર કરોડમાં પડે તેવી શક્યતા

• નવી દિલ્હી

સ્વદેશી ટેક્નોલોજી કંપની ઝોહોના સ્થાપક અને સીઈઓ શ્રીધર વેમ્બુ કેલિફોર્નિયામાં પત્ની પ્રમિલા સાથે ચાલી રહેલા છૂટાછેડાના કેસ મુદ્દે ચર્ચામાં છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ આ કેસમાં કેલિફોર્નિયાની કોર્ટે શ્રીધર વેમ્બુને ૧.૭ અબજ ડોલર એટલે કે અંદાજે રૂ. ૧૫,૨૭૮ કરોડના બોન્ડ જમા કરાવવા આદેશ આપ્યો છે, જેને પગલે અમેરિકામાં ભારતીય કંપનીના સીઈઓના છૂટાછેડા ભારતના સૌથી મોંઘા છૂટાછેડા બનવાની શક્યતા છે. જોકે, શ્રીધર વેમ્બૂના વકીલે કોર્ટના આદેશ સામે અપીલ કરવામાં આવી હોવાનો દાવો કર્યો છે.

ભારતીય કંપની ઝોહોના સીઈઓ શ્રીધર વેમ્બૂ આઈઆઈટી મદ્રાસમાંથી ગ્રેજ્યુએશન કર્યા પછી વધુ અભ્યાસ માટે વર્ષ ૧૯૮૯માં પ્રિન્સ્ટન યુનિવર્સિટી પહોંચ્યા હતા, જ્યાં તેમણે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં પીએચડી કરી હતી. ત્યાર પછી ચાર વર્ષ સુધી ૧૯૯૩માં તેમણે આંત્રપ્રિન્યોર પ્રમિલા શ્રીનિવાસન સાથે લગ્ન કરી લીધા હતા. શ્રીધર વેમ્બુએ વર્ષ ૧૯૯૬માં પોતાના સાથીઓ સાથે મળીને એડવેન્ટનેટ નામની એક સોફ્ટવેર કંપની શરૂ કરી અને વર્ષ ૨૦૦૯માં તેનું નામ બદલીને ઝોહો કોર્પોરેશન કરી દીધું. શ્રીધર વેમ્બુ અને પ્રમિલા શ્રીનિવાસન કેલિફોર્નિયામાં લગભગ ત્રણ દાયકા રહ્યા. આ દંપત્તિને ૨૬ વર્ષનો પુત્ર પણ છે.

શ્રીધર વેમ્બૂ અને તેમની પત્ની પ્રમિલા શ્રીનિવાસન વચ્ચે છૂટાછેડાનું મુખ્ય કારણ કસ્ટડી અને ઝોહોમાં ભાગીદારી અંગે છે. આ છૂટાછેડામાં વિવાદનું કારણ કેલિફોર્નિયામાં રહેતી વખતે દંપતિ દ્વારા જમા કરવામાં આવેલી વૈવાહિક સંપત્તિનું વિભાજન છે. શ્રીધર વેમ્બુની પત્ની પ્રમિલા શ્રીનિવાસન અમેરિકામાં શિક્ષણવિદ અને બિઝનેસ વૂમન છે.

તેમણે આક્ષેપ કર્યો છે કે શ્રીધર વેમ્બુ તેમને અને પૂત્રને છોડીને ભારત જતા રહ્યા. વેમ્બુએ જટીલ ટ્રાન્ઝેક્શન મારફત ઝોહોના શૅર તેમની જાણ અથવા સહમતિ વિના ભારત ટ્રાન્સફર કરી દીધા. વર્ષ ૨૦૧૯માં વેમ્બૂ ભારત પાછા આવી ગયા અને તમિલનાડુના પોતાના પૈતૃક ગામ મથલમપરાઈથી ઝોહોનું કામ જોવા લાગ્યા.

ફોર્બ્સના રિપોર્ટ મુજબ વેમ્બુએ ઓગસ્ટ ૨૦૨૧માં છૂટાછેડા માટે અરજી કરી હતી. પ્રમિલા શ્રીનિવાસને આક્ષેપ કર્યો કે વેમ્બૂએ કંપનીના મોટાભાગના શૅર પોતાની બહેન રાધા વેમ્બૂ અને ભાઈ શેખરને આપી દીધા છે. હાલમાં રાધા પાસે કંપનીમાં અંદાજે ૪૭.૮ ટકા ભાગીદારી છે જ્યારે વેમ્બૂ ટેક્નોલોજીના સંસ્થાપક શેખર પાસે ૩૫.૨ ટકા હિસ્સો છે. શ્રીધર વેમ્બૂ પાસે માત્ર પાંચ ટકા ભાગીદારી છે, જેની કિંમત ૨૨.૫ કરોડ અમેરિકન ડોલર થાય છે, જેની કિંમત ૨૨૫ મિલિયન અમેરિકન ડોલર છે. ઝોહાના સીઈઓ શ્રીધર વેમ્બૂએ પત્નીના બધા જ આક્ષેપોને નકારી કાઢ્યા હતા. આ મામલે વિવાદ વધતા શ્રીધર વેમ્બૂના વકીલ ક્રિસ્ટોફર મેલ્ચરે કહ્યું કે, પ્રમિલા શ્રીનિવાસનના વકીલે કેલિફોર્નિયાની કોર્ટને ગેરમાર્ગે દોરી છે. શ્રીધરે પત્ની પ્રમિલાને ઝોહોના ૫૦ ટકા શૅર ઓફર કર્યા હતા, પરંતુ તેમણે તેને સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. વકીલે ૧.૭ અબજ ડોલરના બોન્ડના કોર્ટના આદેશને 'અમાન્ય' ગણાવ્યો અને તેના વિરુદ્ધ અપીલ કરાઈ હોવાનું જણાવ્યું હતું. દરમિયાન જાન્યુઆરી ૨૦૨૫માં કેલિફોર્નિયાની સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં ન્યાયતંત્રને વેમ્બૂને ૧.૭ અબજ અમેરિકન ડોલર એટલે કે રૂ. ૧૫,૨૭૮ કરોડના બોન્ડ જમા કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે, વૈવાહિક સંપત્તિ પર શ્રીનિવાસનના અધિકારોને સંભવિત નુકસાનથી બચાવવા માટે આ જરૂરી હતું. શ્રીધર વેમ્બુ અને પ્રમિલા વચ્ચે છૂટાછેડા થશે તો તે ભારતના સૌથી મોંઘા છૂટાછેડા હશે તેમ માનવામાં આવી રહ્યું છે.

સ્થાનિક તંત્રએ સોસાયટીમાં ફાયર સેફ્ટીના ઉપકરણોની તપાસ આદરી છે. આગની ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી

## સંત પ્રેમાનંદ મહારાજના ફ્લેટમાં લાગી વિકરાળ આગ

• વૃંદાવન

ઉત્તર પ્રદેશના મથુરામાં વૃંદાવનના છટીકરા માર્ગ પર આવેલી શ્રીકૃષ્ણ શરણમ સોસાયટીમાં એ સમયે અફરા તરફી મચી ગઈ, જ્યારે સંત પ્રેમાંદન મહારાજના ફ્લેટ નંબર 212માં ભીષણ આગ લાગી, શોર્ટ સર્કિટ આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે. જો કે ઘટના વખતે મહારાજના સેવાદારો દ્વારા સ્થાનિક લોકો, પોલીસકર્મીઓ અને પત્રકારો સાથે કરેલા અભદ્ર વર્તનથી મામલો વધુ ગરમાઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, ફ્લેટમાંથી અચાનક જ ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળા ઉઠી હતી જેને જોઈને આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા. સદભાગ્ય એ હતું કે પ્રેમાનંદ મહારાજ છેલ્લા એક મહિનાથી શ્રી રાધાહિત કેલીકુંજમાં આશ્રય લઈ રહ્યા છે. જેના કારણે એક મોટી દુર્ઘટના ટળી ગઈ, ઘટનાની સૂચના મળતા જ સ્થાનિક પોલીસ અને ફાયર ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવી લીધો હતો.



આ દરમિયાન તણાવ ત્યારે વધી ગયો જ્યારે મહારાજના સેવાદારો એ કવરેજ કરી રહેલા પત્રકારો અને વીડિયો બનાવી રહેલા સ્થાનિક લોકોને જબરદસ્તીથી રોકવાનો પ્રયાસ કર્યો, પ્રત્યક્ષદર્શીઓ મુજબ સેવાદારોએ ઘણા લોકોના મોબાઈલ ફોન પણ છીનવી લીધા હતા અને ત્યાં હાજર પોલીસ કર્મચારી સાથે પણ ગેરવર્તન કર્યું હતું.

સંતના સેવાદારોના આ ઉગ્ર અને અર્મયાદિત વ્યવહારથી સ્થાનિક લોકોમાં ભારોભાર ગુસ્સો છે. લોકોનું કહેવું છે કે એક તરફ સંકટ જોઈને લોકો મદદ કરવા પહોંચ્યા હતા. બીજી તરફ સેવાદારો સેવા ભાવની જગ્યાએ અભદ્ર વર્તન કરી રહ્યા હતા. સ્થાનિક લોકો પોલીસ તંત્ર પાસે સેવાદારો સામે કાર્યવાહી થાય તેવી માંગ કરી રહ્યા છે. સેવાદારાના વર્તનથી વૃંદાવનના ધાર્મિક અને સમાજિક વર્તુળોમાં જોરશોરથી ચર્ચાઓ થઈ રહી છે. ફાયર વિભાગે આગ કેવી રીતે લાગી તે અંગે તો બીજી તરફ સ્થાનિક તંત્રએ સોસાયટીમાં ફાયર સેફટીના ઉપકરણોની તપાસ આદરી છે. આગની ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

## રાશીફળ (તા.12-01-2026)

**મેષ** — આજનો દિવસ તમારા માટે ખાસ રહેશે. તમારા જીવનમાં ખુશીઓ રહેશે અને તમે આગળ વધી શકો છો. તમે તમારા વ્યવસાયમાં કેટલાક નવા લોકોને સામેલ કરશો.

**વૃષભ (બ.વ.ઉ)** — આજનો દિવસ તમારા માટે આળસ છોડીને વધવાનો રહેશે. તમારે કોઈપણ કાર્યના નિયમો પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે. તમારા માટે થોડી ધીરજ રાખીને કાર્ય કરવું વધુ સારું રહેશે.

**મિથુન** — આજનો દિવસ તમારી કલા અને કૌશલ્યમાં સુધારો લાવશે. આજે ઘરમાં સુખ અને સમૃદ્ધિ વધશે. ભાવનાત્મક બાબતો વધુ સારી રહેશે.

**કર્ક** — આજે, તમારા મનમાં પરસ્પર સહયોગની ભાવના રહેશે. બીજાના મામલામાં બિનજરૂરી રીતે દખલ ન કરો. તમે તમારા જીવનધોરણમાં સુધારો લાવશો.

**સિંહ** — આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમે ભાઈચારાને પ્રોત્સાહન આપશો. તમને કોઈ પૂર્વજોની મિલકત વારસામાં મળી શકે છે.

**કન્યા** — આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. પરિવારમાં ચાલી રહેલી સમસ્યાઓનું નિરાકરણ આવશે અને બધા સભ્યો વ્યસ્ત રહેશે. આ સમય વિદ્યાર્થીઓ માટે ખાસ રહેશે.

**તુલા** — આજનો દિવસ તમને કેટલાક નવા સંપર્કોથી લાભ અપાવશે. તમે કેટલાક મહત્વપૂર્ણ લોકો સાથે મુલાકાત કરશો. તમે પરિવારના સભ્યો સાથે તમારી ખુશી શેર કરશો.

**વૃશ્ચિક** — પૈસા સંબંધિત બાબતોમાં આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. કોઈપણ કામ કરવામાં ઉતાવળ ન કરો.

**ધન** — આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે. તમારી કોઈપણ ઈચ્છા પૂર્ણ થઈ શકે છે. તમારી કલા અને કૌશલ્યમાં સુધારો થશે. તમારા બોસ પણ તમારા કામથી ખૂબ ખુશ થશે.

**મકર** — આજનો દિવસ તમારા માટે એક મોટું લક્ષ્ય જાળવી રાખવાનો રહેશે. તમે તમારા કરિયરને લઈને કોઈ મોટો નિર્ણય લઈ શકો છો.

**કુંભ** — નાણાકીય દ્રષ્ટિએ આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમને ઈચ્છિત નફો મળશે તેથી તમે ખૂબ ખુશ રહેશો. તમારા પ્રભાવ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**મીન** — આજનો દિવસ તમારા માટે મિશ્ર રહેશે. તમારા પર કામનો બોજ ઘણો રહેશે. ઉતાવળમાં કોઈપણ નિર્ણય લેવાથી તમને નુકસાન થઈ શકે છે. તમારે તમારા વિચાર અને બુદ્ધિથી કામ કરવું પડશે.

પાટણના હારીજમાં અકસ્માત

## એક્ટિવા ચાલકને બચાવવા જતાં બસ પલટી, 2 લોકોના મોત, અનેકને ઈજા

• પાટણ

પાટણ જિલ્લાના હારીજ-ચાણસ્મા હાઈવે પર પર લકઝરી બસ પલટી મારી જતાં 2 લોકોના મોત થયા છે જ્યારે 18 લોકોને ઈજા પહોંચતા સારવાર માટે પહેલા હારીજની સરકારી રેફરલ હોસ્પિટલ બાદ વધુ સારવાર માટે પાટણની જનતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. એક્ટિવા સવાર આડો ઉતરતા આ અકસ્માત સર્જાયો હતો, બસ ચાલકે તેને બચાવવાનો પ્રત્યન કર્યો હતો. જેથી રોડની સાઈડમાં લકઝરી બસ ઉતરી ગઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ, હારીજ-ચાણસ્મા હાઈવે પર ITI કોલેજ નજીક એક એક્ટીવા ચાલકને બચાવવા જતાં લકઝરી બસના ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો.

જે બાદ લકઝરી પલટી મારી ગઈ હતી. જેમાં 2 લોકો મોતને ભેટયા હતા તો અન્ય 18 લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પાંચ ગામ લેઉવા પાટીદારના વડીલ વંદના કાર્યક્રમમાંથી વડીલો લકઝરી બસમાં પરત ફરી રહ્યા હતા ત્યારે ગોઝારો અકસ્માત નડ્યો હતો.

અકસ્માત એટલો ભયાવહ હતો કે બસમાં સવાર મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. મદદ માટે બસની અંદરથી બૂમરાડ મચી હતી, રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા. જેમને 108 એમ્બ્યુલન્સ તેમજ પોલીસને ઘટનાની જાણ કરી હતી અને બસમાંથી લોકોને કાઢવાનું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું.

બીજી તરફ સગા સંબંધીઓને અકસ્માતની જાણ થતાં હોસ્પિટલ બહાર ટોળે ટોળાં ઉમટ્યા હતા. સ્થાનિક પોલીસે ઘટનાસ્થળેથી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયા હતા, હાલ પોલીસે અકસ્માતે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી તપાસ શરૂ કરી છે.

અત્યાર સુધીમાં 10 થી વધુ વેપારીઓ સામે ફરિયાદ દાખલ કરાઈ

## દાહોદ અને પીપલોદમાં બે સ્થળે દરોડામાં 61,500નો મુદ્દામાલ જપ્ત

• દાહોદ

આગામી ઉતરાયણ પર્વ દરમિયાન માનવ જિંદગી અને પશુ-પક્ષીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે દાહોદ જિલ્લા પોલીસ દ્વારા પ્રતિબંધિત ચાઈનીઝ માંઝા વિરુદ્ધ કડક ઝુંબેશ શરૂ કરી છે. જિલ્લા કલેક્ટરના જાહેરનામાના અમલ માટે હાથ ધરાયેલા ચેકિંગ દરમિયાન દાહોદ શહેર અને પીપલોદ વિસ્તારમાં બે મહત્વની કાર્યવાહી કરી છે.

દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે ગોધરા રોડ જકાતનાકા પાસે તપાસ હાથ ધરી હતી. જેમાં સાંસીવાડના અશોકભાઈ શંકરભાઈ સિસોદીયા પાસેથી ચાઈનીઝ માંઝાની 3 રીલો મળી આવી હતી. જેની કિંમત 1500 આંકવામાં આવી છે.

તેવી જ રીતે પીપલોદ પોલીસે રણધીકપુર ત્રણ રસ્તા પાસે સઘન પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે રેઈડ કરી એક ઈસમને ચાઈનીઝ દોરીના 120 ફિરકા જેની બજાર કિંમત 60,000 સાથે સંજેલીના કુંભાર ફળિયામાં રહેતો યશવંતકુમાર ખુબીલાલ જીંગરને ઝડપી લીધો હતો.

ઝાલોદ, દેવગઢ બારીઆ, સંજેલી લીમખેડા અને ફતેપુરામાં છેલ્લા એક સપ્તાહથી પોલીસ દ્વારા સઘન સર્ચ ઓપરેશન ચલાવાઈ રહ્યું છે.

અત્યાર સુધીમાં જિલ્લાના વિવિધ ગામોમાંથી આશરે 450 થી વધુ ચાઈનીઝ ફિરકા જપ્ત કરવામાં આવ્યા છે. જેની કુલ અંદાજિત કિંમત 2.25 લાખથી વધુ થાય છે. આ ગેરકાયદે વેચાણ બદલ અત્યાર સુધીમાં 10 થી વધુ વેપારીઓ સામે ફરિયાદ દાખલ કરાઈ છે.

## દાહોદના ગોદીરોડ પર નોનવેજ કેટરર્સ, હોટલ અને બેકરી માલિકોએ વરસાદી લાઈનને ગટર બનાવી દીધી

• દાહોદ

દાહોદ શહેરના ગોદી રોડ પર કેટલાંક એકમોના સંચાલકો દ્વારા ગેરકાયદેસર રીતે સ્માર્ટ સિટીની વરસાદી ચેમ્બરોમાં એઠવાડ ઠાલવવાનું કૌભાંડ ઝડપાયું છે. શિયાળામાં પણ ગટરો ઉભરાતા પાલિકાની તપાસમાં 70 મીટર લાંબી બારોબાર લાઈન નાખી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. તંત્રએ તાત્કાલિક ધોરણે ગેરકાયદે કનેક્શન કાપી નાખ્યુ હતું.

દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તારમાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ નાખવામાં આવેલી ''સ્ટ્રોમ વોટર'' (વરસાદી પાણીની) લાઈનમાં ગંદા પાણી અને એઠવાડનો ગેરકાયદે નિકાલ કરવાની ગેરરીતિ સામે આવી હતી. શિયાળામાં વારંવાર ચેમ્બરો ઉભરાતી હોવાની ફરિયાદો ઉઠતા પાલિકાએ તપાસ હાથ ધરતાં વ્યાપારી એકમોએ વરસાદી ચેમ્બરોને ગટર બનાવી દીધી હતી. ગોદી રોડ પર ધમધમતા નોનવેજ કેટરર્સ, હોટલો અને બેકરીના માલિકોએ નગરપાલિકા કે સ્માર્ટ સિટી તંત્રની કોઈ પણ પ્રકારની મંજૂરી લીધાવિના બારોબાર 70 મીટર લાંબી ઓપન ગટર લાઈન બનાવી દીધી હતી. આ ગેરકાયદે લાઈન દ્વારા એકમોનો ગંદો એઠવાડ, કચરો અને પ્રવાહી ગંદકી સીધી વરસાદી ચેમ્બરોમાં ઠાલવવામાં આવતાં પાઈપલાઈનો ચોકઅપ થઈ ગઈ હતી. જેના પરિણામે ગંદુ પાણી રસ્તાઓ પર ઉભરાઈ રહ્યું હતું. આ ગેરરીતિનો ઘટસ્ફોટ થતા જ પાલિકાની ટીમે સ્થળ પર પહોંચી ગેરકાયદે જોડાણો કાપી નાંખવામાં આવ્યા છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના એકતાનગર ખાતે

# રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલના પ્રેરક ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો



• દીપક જગતાપ,રાજપીપલા

સ્ટેચ્યુ ઓફ યુનિટીના એકતાનગર ખાતે "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાંજેમાં ૨૧ દેશોના ૪૫ તેમજ ગુજરાત સહિત ભારતના ૩૪ મળી કુલ ૭૯ પતંગબાજો ભાગ લીધો હતો.આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દરમિયાન દેશ-વિદેશના પતંગબાજો દ્વારા અવનવા અને આકર્ષક પતંગોના કરતબો રજૂ કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે ફુગ્ગા ઉડાડી આજે જળસંપત્તિ અને પાણી પુરવઠાના રાજ્યકક્ષા મંત્રી તથા નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રીઈશ્વરસિંહ પટેલની પઉપસ્થિતિમાં જિલ્લા વહિવટીતંત્ર, ગુજરાત પ્રવાસન નિગમ ગાંધીનગર તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ સ્ટેચ્યુ ઓફ યુનિટી, એકતાનગરના ડેમ વ્યુ પોઈન્ટ -૧ ખાતે યોજાયો હતો આ કાર્યક્રમમાં નાંદોદના ધારાસભ્ય શ્રીમતી ડો. દર્શનાબેન દેશમુખ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ ભીમસિંગ તડવી, જિલ્લા ભાજપા પ્રમુખ નીલ રાવ, કલેકટર એસ કે મોદી ની ખાસ ઉપસ્થિતિ રહ્યાં હતાં.

બેજવાબદારી | સરકારી મિલકતને બચાવવામાં આવે તેવી આશા રાખવામાં આવી રહી છે

# સરકારી હોસ્પિટલ કમ્પાઉન્ડમાં વરસાદ માપક યંત્ર રામભરોસે; તંત્રની ઘોર બેદરકારી

## યોગ્ય જાળવણીના અભાવે મોંઘું સાધન ધૂળ ખાઈ રહ્યું છે

• ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ શહેરની સરકારી હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ચોમાસા દરમિયાન વરસાદની નોંધણી કરવા માટે જે મહત્વનું વરસાદ માપક યંત્ર (Rain Gauge) લગાવવામાં આવ્યું છે, તે હાલ તંત્રની ઉદાસીનતાને કારણે ખસ્તા હાલતમાં જોવા મળી રહ્યું છે.યોગ્ય જાળવણીના અભાવે આ મોંઘું સાધન ધૂળ ખાઈ રહ્યું છે અને તેની આસપાસ જંગલી વનસ્પતિનો જમાવડો થઈ ગયો છે.સુરક્ષાનો અભાવ: અગાઉ આ યંત્રની ફરતે રક્ષણાત્મક રેલિંગ લગાવવામાં આવી હતી, જે હાલ ગાયબ છે. રેલિંગ ન હોવાથી સાધન અસુરક્ષિત બન્યું છે ગંદકી અને ઝાડી-ઝાંખરા: યંત્રની આસપાસ મોટા પ્રમાણમાં જંગલી ઘાસ અને ઝાડી-ઝાંખરા ઊગી નીકળ્યા છે, જેના કારણે યંત્ર સુધી પહોંચવું પણ મુશ્કેલ બન્યું છે જાળવણીનો અભાવ સરકારી તંત્રની બેદરકારીને કારણે આ ઉપયોગી યંત્ર ધીમે-ધીમે બગડી રહ્યું છે. જો આ જ સ્થિતિ રહી તો આગામી ચોમાસામાં નવું યંત્ર વસાવવાની નોબત આવી શકે છે. સ્થાનિકોની માંગ ડભોઈના જાગૃત ના ગરિકોની માંગ છે કે જો આ યંત્રની



આસ પા સથી તાત્કાલિક ઝાડી-ઝાંખરા સા ફ કરવામાં આવે અને મજબૂત બાઉન્ડ્રી કે રેલિંગ ફરીથી લગાવવામાં આવે, તો સર કારી નાણાંનો વ્યય થતો અટકી શકે છે. 'જો અત્યારે આ યંત્રનું સમારકામ અને સફાઈ ક ર વામાં આવે, તો આગામી ચોમાસામાં તે ફ રીથી સચોટ માપણી માટે કામ લાગી શકે તે મ છે . તંત્રએ જાગવાની જરૂર છે સ્થાનિક નાગરિક તંત્ર દ્વારા વહેલી તકે આ અંગે ધ્યાન આપવામાં આવે અને આ સરકારી મિલકતને બ ચા વ વામાં આવે તેવી આશા રાખવામાં આવી રહી છે.

દોરી રંગવાના સ્થળો પર ભારે ભીડ જોવા મળી

# નડિયાદના પતંગ બજારમાં ઉત્તરાયણ પૂર્વેના અંતિમ રવિવારે ગ્રાહકોનો ધસારો

## ખંભાત પછી પતંગોના સૌથી મોટા કેન્દ્ર ગણાતા નડિયાદમાં પતંગ રસિયાઓની જથ્થાબંધ ખરીદી

નડિયાદ : ઉત્તરાયણના પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યાં છે, ત્યારે પતંગોના શહેર તરીકે ઓળખાતા નડિયાદમાં રવિવારની રજાના દિવસે ખરીદીમાં ભારે ધસારો જોવા મળ્યો હતો. ઉત્તરાયણ પહેલાના આ અંતિમ રવિવારનો લાભ લેવા માટે માત્ર નડિયાદ શહેર જ નહીં પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને અન્ય જિલ્લાઓમાંથી પણ પતંગ રસિયાઓ ઉમટી પડયા હતા.

નડિયાદના સલુણ બજાર, અમદાવાદી બજાર અને સંતરામ રોડ પર આવેલા પતંગ બજારમાં સવારથી જ ગ્રાહકોની મોટી મેદની જોવા મળી હતી. આ વર્ષે પતંગોના ભાવમાં થોડો વધારો હોવા છતાં લોકોમાં ઉત્સાહ જરાય ઓછો જણાતો નથી. પતંગબાજોએ ખાસ કરીને ચીલ, પાવલા, અઢી તાવ અને આંખવાળા પતંગોની પસંદગી



કરી હતી. જથ્થાબંધ વેપારીઓના મતે આ અંતિમ રવિવારે ગત વર્ષ કરતા વધુ વેચાણ નોંધાયું છે. પતંગની સાથે સાથે ફીરકીઓ અને દોરીના બજારમાં પણ ભારે તેજી જોવા મળી હતી. નડિયાદની પ્રખ્યાત માંજો પાવવાની કળાનો લાભ લેવા માટે લોકો વહેલી સવારથી જ દોરી પાવવાના અડ્ડાઓ પર લાઈનો લગાવીને ઉભા રહી ગયા હતા. બજારમાં વધી રહેલી ભીડને કારણે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. પરંતુ પતંગના શોખીનોએ કલાકો સુધી ઉભા રહીને પોતાની પસંદગીની વસ્તુઓની ખરીદી કરી હતી. મોડી રાત સુધી ધમધમતા આ બજારમાં ખાણીપીણીની લારીઓ પર પણ લોકોની હાજરી જોવા મળી હતી. નડિયાદમાં તૈયાર થતી દોરી તેની ધાર અને મજબૂતી માટે જાણીતી છે, ત્યારે કારીગરોએ વધારાના માણસો રાખીને કામગીરી પૂર્ણ કરવી પડી છે. દોરી પાવવા માટે વપરાતા દેશી કાચ અને લુગદીની બનાવટમાં નડિયાદના કારીગરોની માસ્ટરી હોવાથી અનેક લોકો અગાઉથી ઓર્ડર આપીને પોતાની મનપસંદ દોરી તૈયાર કરાવી રહ્યા છે.

આ વર્ષે નડિયાદના બજારમાં ચિત્રલેખા પતંગોની માંગમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને યુવાનોમાં કાર્ટૂન કેરેક્ટર અને સોશિયલ મીડિયાના લોગો ધરાવતા પતંગો ખૂબ લોકપ્રિય બન્યા છે.કાગળની ગુણવત્તામાં સુધારો થવાને કારણે પતંગબાજો પવનની ગતિ મુજબ ઉડી શકે તેવા પતંગોની વધુ માંગ કરી રહ્યા છે. વેપારીઓએ આ વખતે પડોશી રાજ્યોમાંથી પણ ખાસ પ્રકારનો કાચો માલ મંગાવીને ફેન્સી પતંગો તૈયાર કર્યા છે. જેની કિંમત સામાન્ય પતંગો કરતા થોડી વધુ હોવા છતાં વેચાણ સતત વધી રહ્યું છે.

# સુરેન્દ્રનગર જિલ્લામાં 15 દિવસમાં હોટલ સહિતના દબાણો તોડી પડાયા

## 42 એકર સરકારી જમીન ખૂલી કરાઇ

• સુરેન્દ્રનગર


સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, થાન અને મૂળી તાલુકામાં ગેરકાયદે દબાણો અને બાંધકામો પર તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવાં આવી છે. છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ તાલુકામાં ગેરકાયદે તાણી બંધાયેલી ૭થી વધુ હોટલ, ચોટીલાના ડુંગર તળેટી વિસ્તારની ૪૦૦થી વધુ દુકાનો અને નવગ્ર મંદિરના કંપાઉન્ડમાં આવેલા ૩ માળનું બિલ્ડિંગ તોડી પાડીને અંદાજે ૪૨ એકરથી વધુ ૧૬૯.૨૩ કરોડની સરકારી જમીન ખૂલ્લી કરવામાં આવી છે. આગામી સમયમાં હજૂ પણ ઝુંબેશ યથાવત્ રાખવામાં આવશે.



સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા, રાજકોટ, નેશનલ હાઈવ સહિત મૂળી અને થાન તાલુકામાં ગેરકાયદેસર હોટલો સહિતના પાકના દબાણો સરકારી જમીનમાં ખડકી દેવામાં આવ્યા હતા અને હોટલો અને ઢાબાના આડમાં ગેરકાયદે પેટ્રોલ, ડીઝલ, બાયોડિઝર, કેમિકલની હેરાફેરી, વેચાણ સહિતની અસામાજિક પ્રવૃતિઓ કરવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી હતી. તેમજ મોટાભાગે ગેરકાયદે દબાણો કરનાર સખ્સો માથાભારે શખ્સો હોવાથી વર્ષોથી દબાણો દૂર કરવામાં આવતી ન હતી. આ મામલે રજૂઆતો કરનારાઓને પણ માથાભારે શખ્સો દ્વારા ધમકી આપીને યેનકેન પ્રકારે પરેશાન કરવામાં આવતા હતા. જેને લઈ ચોટીલા પ્રાંત અધિકારી એચ.ટી. મકવાણા સહિતની ટીમોએ સરકારી જમીનો પણ દબાણો હટાવવા માટે ઝુંબેશ હાથ ધરી છે.

જેમાં છેલ્લા ૧૫ દિવસમાં ચોટીલા નેશનલ હાઈવે પર સરકારી જમીન પર કરેલા ગેરકાયદેસર ૭થી વધુ હોટલો તેમજ ડુંગર તળેટી વિસ્તારની ૪૦૦થી વધુ દુકાનો અને દબાણ સહિત નવગ્રહ મંદિરના કંપાઉન્ડમાં આવેલા ૦૩ માળનું બિલ્ડિંગનું દબાણ સહિત કુલ અંદાજે ૪૨ એકરથી વધુ રૂ.૧૬૯.૨૩ કરોડની સરકારી જમીન ખુલ્લી કરી હતી.

# મોરૈયા ગામેથી પસાર થતી કેનાલમાં રેલિંગના અભાવે અકસ્માતનો ભય



• બગોદરા

સાણંદના મોરૈયા ગામમાંથી પસાર થતી કેનાલની બંને બાજુ સુરક્ષા દિવાલ કે રેલિંગના અભાવે અકસ્માતનો જોખમ ઉભુ થયું છે. આ રોડ પર મોટી સંખ્યામાં રાહદારીઓ અને વાહન ચાલકો દૈનિક પસાર થાય છે. જેથી તાકિદે રેલિંગ અથવા દિવાલ બનાવવામાં આવે તેવી માગણી ઉઠી છે.

તાલુકાના મારૈયા ગામમાંથી પસાર થતી કેનાલમાં દુઘર્ટના થવાનો ભય સેવાઈ રહ્યો છે. ગામની મધ્યભાગમાંથી નિકળકતી કેનાલમાં સુરક્ષા દિવાલ કે રેલિંગના અભાવે લોકોમાં ફફડાટ ફેલાયો છે. દિવસ અને રાત્રે મોટી સંખ્યામાં લોકો અને વાહન પસાર થાય ચે. કેનાલના બંને છેડા સંપૂર્ણપણે ખૂલ્લા છે. માર્ગ અને કેનાલ વચ્ચે અંતર કે સુરક્ષા નહીં હોવાથી વાહન પરથી કાબુ ગુમાવવાના કિસ્સામાં વાહન સુધી કેનાલમાં ખાબકી શખે છે. જેથી તાકિદે કેનાલમાં રેલિંગ અથવા દિવાલ બનાવવામાં આવે તો અકસ્માત ટાળી શકાશે.

# દારૂ - બિયરની 36 બોટલ સાથે શખ્સ ઝડપાયો, 2 નાસી છૂટયા

નડિયાદ : નડિયાદ રૂલર પોલીસે શનિવારે સાંજે ડભાણ રોડ શુભમ પાર્ટી પ્લોટ પાસેથી મોપેડ પર વિદેશી દારૂની હેરાફેરી કરતા બુટલેગરને ઝડપી પાડયો હતો. જ્યારે અન્ય બે શખ્સો નાસી ગયા હતા. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદ રૂલર પોલીસ શનિવારે સાંજે પેટ્રોલિંગમાં નીકળી હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, ડભાણ-કમલા રોડ ઉપર શુભમ પાર્ટી પ્લોટના ગરનાળા પરથી મોપેડ પર વિદેશી દારૂ લઈને પસાર થનાર છે. જેથી પોલીસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન આવતા મોપેડ ચાલકને ઉભા રહેવા ઈશારો કરતા મોપેડચાલક ઉભો રહ્યો હતો. જ્યારે તેની સાથેના બે શખ્સો નાસી ગયા હતા. પોલીસે તેની પૂછપરછ કરતા સન્નીભાઈ ભગાભાઈ પરમાર (રહે.સત્કાર પાર્ક,નડિયાદ) હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી વિદેશી દારૂ-બિયર નંગ ૩૬ (કિંમત રૂ.૭,૫૬૦)નો જથ્થો મળી આવ્યો હતો. જ્યારે નાસી જનાર શખ્સોમાં કપિલ જગદીશભાઈ યાદવ (રહે.ચાંદની ચોક, નડિયાદ) તેમજ હિતેશ મનુભાઈ પરમાર (રહે. સત્કાર પાર્ક નડિયાદ) હોવાનું જણાવ્યું હતું. તેમજ પોલીસે વિદેશી દારૂ, કિંમત રૂપિયા કિંમત રૂ.૫૦,૦૦૦નું મોપેડ સહિતનો રૂ.૫૭,૫૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ બનાવ અંગે નડિયાદ ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

નડિયાદના ફતેપુરા રીંગ રોડ પર અકસ્માત

# નશામાં ધૂત બાઈકચાલકે બાળકીને અડફેટે લેતા મોત, સ્થાનિકોમાં રોષ

• નડિયાદ

નડિયાદના ફતેપુરા રીંગ રોડ પર આવેલા ભાટના કુવા વિસ્તારમાં એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં નશાની હાલતમાં મોટરસાયકલ ચલાવી રહેલા એક શખ્સે માર્ગની સાઈડમાં રમી રહેલી ૭ વર્ષની માસૂમ બાળકીને ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ અકસ્માત સર્જાયા બાદ સ્થાનિકોએ એકઠાં થઈ પોલીસને જાણ કરતા નડિયાદ ટાઉન પોલીસે ઘટનાસ્થળે પહોંચી આરોપીની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદના ફતેપુરા રીંગ રોડ પાસે આવેલા ભાટના કુવા વિસ્તારમાં રહેતા વિનોદભાઈ પરમારની ૭ વર્ષની દીકરી આરોહી જે જુનિયર કેજીમાં અભ્યાસ કરતી હતી. આરોહી ઘર પાસે સિંગલ પટ્ટી રોડની સાઈડમાં રમી રહી હતી. ત્યારે અચાનક પૂરપાટ ઝડપે એક મોટરસાયકલ ત્યાંથી પસાર થઈ હતી. બાઈક ચાલક નશાની હાલતમાં હોવાથી તેને વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને મોટરસાયકલ કેનાલની રેલિંગ તોડીને સીધી માસૂમ આરોહી સાથે અથડાઈ હતી. જેથી બાળકી રોડ પર પટકાઈ હતી અને તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માતને પગલે આસપાસના લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને લોહીલુહાણ હાલતમાં આરોહીને સારવાર અર્થે નડિયાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જોકે હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ બાળકીને તપાસીને મૃત જાહેર કરી હતી. આ સમાચાર વાયુવેગે પ્રસરતા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો અને સ્થાનિક રહીશોમાં નશાખોર વાહન ચાલક સામે ભારે રોષ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતા જ લોકોએ ૧૧૨ નંબર પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતા જ નડિયાદ ટાઉન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માત સર્જનાર નશામાં ધૂત યુવકને ઝડપી પાડયો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, ચાલક નશાની હાલતમાં હોવાને કારણે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. પોલીસે મૃતક બાળકીના પિતાની ફરિયાદના આધારે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે અને આરોપી વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા ચક્રો ગતિમાન કર્યા છે. માસૂમ બાળકીના મોતના પગલે સમગ્ર નડિયાદ પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

મેદાનમાં રોહિત અને વિરાટની ઉપસ્થિતી જીત સરળ કરે છે

## વડોદરા એરપોર્ટ પર વર્લ્ડ કપ જીતીને આવ્યા હોઈએ એવું લાગ્યુંઃ શુભમન ગિલ

• વડોદરા

ભારત- ન્યૂઝીલેન્ડ વચ્ચે શરુ થઈ રહેલી વન ડે સિરીઝની વડોદરામાં રમાનારી પ્રથમ મેચ પુર્વે ભારતીય ટીમના કેપ્ટન શુભમન ગિલે પ્રેસ કોન્ફરન્સ યોજી ટીમની તૈયારીઓ પર પ્રકાશ પાડી મેચમાં સારું પ્રદર્શન કરીને ક્રિકેટચાહકોને યાદગાર ક્ષણો આપવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

યુવાસ્ટાર બેટ્સમેન શુભમન ગિલે કહ્યું કે, ક્રિકેટનું કોઈ પણ ફોર્મેટ સરળ નથી અને મોટી આઈસીસી ટૂર્નામેન્ટ જીતવા માટે સતત મહેનત, તૈયારી અને માનસિક મજબૂતી જરૂરી હોય છે. જો કોઈ ફોર્મેટ સરળ હોત તો ભારત દર બે વર્ષે વર્લ્ડ કપ જીતતું હોત. ઈજાના સમયગાળા વિશે કહ્યું કે, ટીમ સાથે ન હોઈ શકવું અને મહત્વની મેચો ચૂકી જવી ચોક્કસપણે નિરાશાજનક હોય છે.

વધુમાં ઉમેર્યું હતું કે, રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા મહાન ખેલાડીઓ ટીમમાં હોઈ ત્યારે યુવા ખેલાડીઓ માટે પરિસ્થિતિ સરળ બની જાય છે. ટીમમાં સકારાત્મક વાતાવરણ છે અને નેટ્સથી લઈને મેચ સુધી દરેક ખેલાડી એકબીજાને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે છે. પાછલી સિરીઝોમાં ટીમનું પ્રદર્શન એનું જીવંત ઉદાહરણ છે. ટીમ ઈન્ડિયા આ સીરીઝમાં શ્રેષ્ઠ કોમ્બિનેશન સાથે મેદાનમાં ઉતારવા સજ્જ છે. હું ટી-૨૦ ટીમને ઘણી બધી શુભેચ્છાઓ પાઠવું છું અને આશા રાખું છું કે તેઓ આપણા માટે વર્લ્ડ કપ જીતીને લાવે.

ન્યુઝીલેન્ડ સામે રમવાની યાદો હંમેશા ખાસ રહી છે. મારો ડેબ્યુ પણ તેમની સામે જ થયો હતો. ન્યુઝીલેન્ડ એક મજબૂત ટીમ છે અને તેમની સામે રમવા માટે હું હંમેશા ઉત્સાહિત રહું છું. અમે વડોદરા એરપોર્ટ પર આવ્યા ત્યારે એવું લાગ્યું હતું કે જાણે અમે વર્લ્ડ કપ જીતીને આવ્યા હોઈએ. ટીમની કોશિશ રહેશે કે મેચમાં સારું પ્રદર્શન કરીને તેમને ઘણી યાદગાર ક્ષણો આપી શકીએ. હું પ્રથમ વખત આ સ્ટેડિયમમાં રમી રહ્યો છું અને આ ખૂબ જ શાનદાર સ્ટેડિયમ છે.

એસઆઈટી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી

## મહેમદાવાદના વાંઠવાળી ગામે કરોડોની સરકારી જમીનનું બારોબારીયું કરાયું

### અનેક જમીનોના રેકર્ડ હજુ પણ ખાનગી માલિકોના નામે હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી

• નડિયાદ

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના વાંઠવાળી ગામે કરોડો રૂપિયાની સરકારી જમીન ખાનગી વ્યક્તિઓને વેચી દેવાના પ્રકરણમાં મહેસૂલ વિભાગની વર્ષો જૂની આળસ અને વહીવટી ક્ષતિઓ હવે ચર્ચાના કેન્દ્રમાં આવી છે. વર્ષ ૧૯૭૯માં જમીન સંપાદન થયા બાદ તેના નાણાં પણ ચૂકવાઈ ગયા હોવા છતાં વર્ષ ૨૦૨૪ સુધી સરકારી ચોપડે નામ નહીં ચઢતા તંત્રની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ ચિન્હ લાગ્યા છે.

વાંઠવાળી ગામે વર્ષ ૧૯૭૮-૭૯ના સમયગાળામાં સિંચાઈ વિભાગની સેક્શન કોલોની બનાવવા માટે બ્લોક નંબર ૮૩૬ અને ૮૪૫ની જમીન કાયદેસર રીતે સંપાદિત કરવામાં આવી હતી. તે સમયે ખેડૂતોને વળતર પેટે ૧,૮૭૫ રૂપિયા અને ત્યારબાદ અન્ય રકમ મળી કુલ નક્કી થયેલા ભાવ મુજબ ચૂકવણું કરી દેવામાં આવ્યું હતું. વળતર ચૂકવાયા બાદ જે-તે સમયે જમીન મહેસૂલના રેકર્ડ પર સરકારનું નામ દાખલ કરાવવાની જવાબદારી સિંચાઈ વિભાગ અને મહેસૂલ વિભાગના અધિકારીઓની હતી. જોકે આ પ્રક્રિયામાં થયેલી ગંભીર બેદરકારીના કારણે ૪૬ વર્ષ સુધી સરકારી દફતરે આ મિલકત મૂળ માલિકોના નામે જ બોલતી રહી હતી. વહીવટી તંત્રની આ લાંબી ઊંઘનો લાભ ભૂમાફિયાઓએ ઉઠાવ્યો અને સરકારી મકાનો હોવા છતાં જમીન ખેડૂતોની જ હોવાનું દર્શાવી તેના વેચાણ દસ્તાવેજો કરી નાખ્યા હતા.

સામાન્ય રીતે દર થોડા વર્ષોએ જમીન રેકર્ડના રિ-સર્વે અને પ્રોમોલગેશનની કામગીરી થતી હોય છે. વાંઠવાળીમાં પણ આ સમયગાળા દરમિયાન અનેકવાર મહેસૂલી પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હશે, તેમ છતાં સિંચાઈ વિભાગની આટલી મોટી જમીન કેમ કોઈના ધ્યાન પર ન આવી તે સૌથી મોટો સવાલ છે. આ પ્રકરણમાં માત્ર નીચલા સ્તરના કર્મચારી એવા તલાટીને સસ્પેન્ડ કરીને ઉચ્ચ અધિકારીઓ પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે. જો ૧૯૭૯થી અત્યાર સુધીમાં આ જમીનનું રેકર્ડ અપડેટ કરવામાં આવ્યું હોત તો કરોડોની મિલકત પચાવી પાડવાનું કૌભાંડ આચરી શકાયું ન હોત.

હાલમાં આ મામલે સીટ દ્વારા તપાસ ચાલી રહી છે. ત્યારે લોકોમાં એવી ચર્ચા છે કે વર્ષો સુધી આ ફાઈલો દબાવી રાખનાર અથવા તો રેકર્ડમાં એન્ટ્રી પાડવામાં આળસ કરનાર તે સમયના જવાબદાર અધિકારીઓ સામે પણ ફોજદારી તપાસ થવી જોઈએ. જો રાજ્યભરમાં સિંચાઈ કે અન્ય વિભાગોની સંપાદિત થયેલી જમીનોની તપાસ કરવામાં આવે તો વાંઠવાળી જેવી અનેક જમીનોના રેકર્ડ હજુ પણ ખાનગી માલિકોના નામે હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

નડિયાદમાં સમાન કાર્યવાહીની માંગણી

## ગેરકાયદેસર પંતગનો સ્ટોલ બનાવી દબાણ કરાતા લારીઓ ધારકોમાં રોષ

નડિયાદ : નડિયાદ શહેરના વ્યસ્ત ગણાતા પારસ સર્કલ વિસ્તારમાં આવેલા ઈપ્કોવાલા હોલના કમ્પાઉન્ડની બહાર મુખ્ય રોડની જગ્યા પર મોટો શેડ મારીને પતંગનો સ્ટોલ બનાવી દેવામાં આવ્યો છે. તહેવારોની સિઝનમાં સામાન્ય રીતે નાના વેપારીઓને રોડ પર ઉભા રહેવા બાબતે તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવતું હોય છે, પરંતુ અહીં મંજૂરી વગર ઉભા કરાયેલા આટલા મોટા દબાણ સામે કોઈ કાર્યવાહી ન થતા સ્થાનિક લારી ધારકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

નડિયાદના સંતરામ રોડ સહિતના વિસ્તારોમાં તહેવારો દરમિયાન લારી અને પાથરણાવાળા નાના વેપારીઓને બેસવા માટે મહાનગરપાલિકા દ્વારા ચોક્કસ નિયમો અને સૂચનાઓ આપવામાં આવતી હોય છે. અનેક કિસ્સાઓમાં ટ્રાફિકને નડતરરૂપ હોવાનું કહીને આ નાના વેપારીઓને હટાવવામાં પણ આવતા હોય છે. તેની સરખામણીએ પારસ સર્કલ પાસે જાહેરમાં મુખ્ય માર્ગ પર જ લોખંડના એન્ગલો અને પતરાની મદદથી ગેરકાયદેસર શેડ તાણી બાંધવામાં આવ્યો છે. આ સ્ટોલને કારણે વાહન વ્યવહાર અને રાહદારીઓને પણ મુશ્કેલી પડી રહી હોવાની ફરિયાદો ઉઠી છે. તેમ છતાં પાલિકાના દબાણ શાખાના અધિકારીઓ દ્વારા આ બાબતે હજુ સુધી કોઈ તપાસ કે હટાવવાની પ્રક્રિયા કરવામાં આવી નથી. સ્થાનિક લારી ધારકો અને નાના ફેરિયાઓ દ્વારા એવી માંગણી કરવામાં આવી રહી છે કે, જો પાલિકા નાના વેપારીઓ સામે કાયદાનું પાલન કરાવતી હોય, તો આ પ્રકારે મંજૂરી વગર રોડ પર મોટો સ્ટોલ નાખીને બેસી જનારા વગદાર લોકો સામે પણ સમાન કાર્યવાહી થવી જોઈએ. પાલિકા દ્વારા તટસ્થ તપાસ કરી આ ગેરકાયદેસર શેડ દૂર કરવામાં આવે તેવી માંગણીએ જોર પકડયું છે.

હવે ગાંધીનગરના નવા વિસ્તારોમાં પણ રોગચાળો પ્રસર્યો

## મહાનગર પાલિકા દ્વારા 82 હજાર ઘરોનો સર્વે છતાં દૂષિત પાણીની સમસ્યા યથાવત

**સર્વે શરૂ કરાયો** આજે ટાઈફોઈડના વધુ 10 દર્દી નોંધાયા : 85 ટીમો દ્વારા 7011 ઘરોનો સર્વે કરવામાં આવ્યો

• ગાંધીનગર

ગાંધીનગર શહેરને 24 કલાક પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવાના દાવા સાથે કરોડોના ખર્ચે નાખવામાં આવેલી નવી પાઈપલાઈન હવે નગરજનો માટે શાપિત સાબિત થઈ રહી છે. બે મહિનાના લાંબા ટ્રાયલ રન પછી પણ નવી લાઈનોમાં લિકેજની સમસ્યા ઠેરની ઠેર છે. જેના પરિણામે શહેરમાં ટાઈફોઈડનો રોગચાળો ફાટી નીકળ્યો હોવાની બુમરાણ ઉઠી છે. તોય આજે રવિવારે વધુ 10 નવા કેસ નોંધાતા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.સેકટર-24, 26, 28 અને આદિવાડા બાદ હવે ધીમે ધીમે અન્ય સેકટરોમાં પણ ટાઈફોઈડના કેસ દેખાઈ રહ્યા છે. હાલમાં કુલ 70 દર્દીઓ સારવાર હેઠળ હોવાનો મનપાનો દાવો છે.

ગાંધીનગરને 24 કલાક શુદ્ધ પાણી આપવાના દાવા સાથે જે નવી પાઈપલાઈન પાછળ કરોડોનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેમ છતાં હવે પાઈપલાઈનો શહેર માટે જોખમી સાબિત થઈ રહી છે. તંત્ર ધ્વારા સ્માર્ટ રીતે લાંબા ટ્રાયલ રન કરાયા છતાં લિકેજની સમસ્યા યથાવત છે. પરિણામે શહેરમાં ટાઈફોઈડના કેસોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. આજે રવિવારે વધુ 10 પોઝિટિવ કેસ નોંધાતા આંકડો ડબલ સેન્ચુરીની વટાવી જતાં તંત્રની વધુ એક બેદરકારી ખુલ્લી પડી છે.

ગાંધીનગર માટે આશીર્વાદને બદલે શાપિત સાબિત થઈ રહેલી સ્માર્ટ સિટીની કામગીરીએ નગરજનોને હોસ્પિટલોમાં દોડતા કરી દીધા છે. તંત્ર દ્વારા બિછાવેલી નવી પાઈપલાઈનનો ઉપયોગ શરૂ થતા જ ગટરના દૂષિત પાણી મિક્સ થવાની ઘટનાઓ વધી છે. આજે મનપાના સત્તાવાર આંકડા મુજબ વધુ 5 નવા લિકેજ મળી આવ્યા છે. સેકટર-24, 26, 28 અને આદિવાડા બાદ હવે ધીમે ધીમે અન્ય સેકટરોમાં પણ ટાઈફોઈડના કેસ દેખાઈ રહ્યા છે. હાલમાં કુલ 70 દર્દીઓ સારવાર હેઠળ હોવાનો મનપાનો દાવો છે.

ત્યારે શહેરમાં રોગચાળો વકરતા આરોગ્ય શાખાની 85 ટીમોએ આજે 7011 ઘરોમાં સર્વે કરી ક્લોરિન ટેબલેટ અને ORS પેકેટનું વિતરણ કર્યું હતું. જોકે નાગરિકોનો આક્ષેપ છે કે તંત્ર લિકેજ શોધવા માટે વિશેષ ટીમો બનાવવામાં નિષ્ફળ રહ્યું છે. લોકોની ફરિયાદો છતાં દિવસો સુધી લિકેજ રિપેર કરવામાં આવતા નથી. સ્થાનિકોમાં ભારે રોષ છે કારણ કે મૂળ સમસ્યા લિકેજ રિપેર કરવામાં એન્જિનિયરિંગ વિભાગ નિષ્ફળ રહ્યું છે. લોકોના આક્ષેપ છેકે વારંવારની ફરિયાદો છતાં રિપેરિંગ કામ થતું નથી. તંત્ર નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરી રહ્યું છે.

નવી પાઈપલાઈન અને જૂની સમસ્યાની વચ્ચે ગટરના દૂષિત પાણી મિક્સ થવાની ઘટનાઓ વધી છે.જેના કારણે શુદ્ધ પાણીમાં ગંદકી ભળી રહી છે.આરોગ્ય શાખાની ટીમો સર્વે માટે ઘરે-ઘરે ફરી રહી છે ત્યારે પાઈપલાઈનના લિકેજ શોધવા માટે વિશેષ ટીમો ઊભી કરાઈ નહી હોવાના પણ આક્ષેપો છે .નગરજનો દ્વારા લિકેજની ફરિયાદ કરવામાં આવે ત્યારે સેનિટેશન અને એન્જિનિયરિંગની ટીમ દોડતી થાય છે, પરંતુ ઘણી વાર નાગરિકો દ્વારા દિવસો સુધી ફરિયાદ કરવા છતાં લિકેજ દૂર કરવા કામગીરી હાથ ધરાતી નથી તેવી ફરિયાદો ઉઠી રહી છે. જેના કારણે નવી પાઈપલાઈનમાં લિકેજ સતત મળી રહ્યા છે. શરૂઆતમાં માત્ર સેકટર-24, સેકટર-26, સેકટર-28 અને આદિવાડામાં ટાઈફોઈડના કેસ મળ્યા હતા. ત્યારે 24 કલાક પાણી પુરવઠો શરૂ થયા પછી નવા સેકટરોમાં પણ ટાઈફોઈડના દર્દીઓ નોંધાઈ રહ્યા હોવાની ફરિયાદો ઉઠી છે.

## પતંગરસિયાઓ ખુશખુશાલ: ઉત્તરાયણ અને તેના પછીના દિવસે અનુકૂળ પવન રહેશે

• અમદાવાદ

ઉત્તરાયણને આડે હવે ત્રણ દિવસ બાકી છે ત્યારે હવામાન વિભાગ અને હવામાન નિષ્ણાંત દ્વારા ઉત્તરાયણમાં સાનુકૂળ પવન રહેશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જોકે કડકડતી ઠંડી રંગમાં ભંગ પાડી શકે છે.

હવામાન વિભાગ અનુસાર, હાલ રાજ્યમાં 12 થી 15 કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. 15 જાન્યુઆરી સુધીમાં પવનની ગતિ વધીને 16 તી 20 કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. અમુક સમયે વધારે પવન હોય ત્યારે 22 થી 25 કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. મહત્વનું છે કે 10 કિમી પ્રતિ કલાકથી પવનની ગતિ વધુ હોય તો પતંગ ચગાવવા અનુકૂળ માનવામાં આવે છે. 20 કિલોમીટર પ્રતિ કલાકથી વધુ ઝડપે પવન હોય તો પતંગ ચગાવવા મુશ્કેલી પડે છે.

હવામાન નિષ્ણાત અંબાલાલની આગાહી મુજબ ઉત્તરાયણના દિવસે સવારના સમયે પવન શાંત હશે, જેમ જેમ દિવસ આગળ વધશે તેમ પવનની ગતિ વધશે, બપોર પછી પતંગ ચગાવવા પવન એકદમ યોગ્ય હશે. જેથી પતંગપ્રેમીઓ આખો દિવસ આનંદ લઈ શકશે. વાસી ઉત્તરાયણ એટલે કે 15 જાન્યુઆરીના દિવસે પણ પવન સારો રહેવાની શકયતા વ્યકત કરવામાં આવી છે.અમદાવાદ શહેરમાં દસ દિવસ તારીખ 12 જાન્યુઆરી 2026 થી 21 જાન્યુઆરી 2026 સુધી નીચે દર્શાવેલા 9 પોઈન્ટમાં સમાવેશ થતી તમામ ગતિવિધિઓ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. -કોઈ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફૂટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા નહીં.-આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ-સ્પીકર વગાડી શકાશે.-આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડી શકાશે નહીં.-શહેરમાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબૂઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી આમ-તેમ શેરીઓ,ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા પર પ્રતિબંધ.

## વડોદરામાં નશામાં બેફામ કાર ચલાવતી મહિલાએ દિવાલ તોડી

વડોદરાઃ ગેંડાસર્કલ પાસે ગઈસાંજે દારૂના નશામાં કાર ચલાવી અકસ્માત કરનાર મહિલાની ગોરવા પોલીસે ધરપકડ કરી હતી.

સારાભાઈ કેમ્પસ ખાતે બનેલા બનાવ અંગે પોલીસે કહ્યું છે કે,ગઈકાલે સાંજે સારા ભાઈ કેમ્પસની દિવાલમાં કાર અથાડીને એક મહિલાએ નુકસાન કર્યું હોવાથી પોલીસે તેની અટકાયત કરી હતી.

મહિલાનું નામ પ્રિશા ચતુર્વેદી (ન્યુ સમા રોડ) હોવાનું ખૂલ્યું હતું.તે દારૂના નશામાં હોવાનું જણાઈ આવતાં પોલીસે ડ્રન્ક એન્ડ ડ્રાઈવનો કેસ કરી ધરપકડ કરી હતી.

## અધિકારીઓના નામે કસ્ટમ્સ હાઉસ એજન્ટ્સ પૈસા માગે તો અમે જવાબદાર નથી

### કસ્ટમ્સ કમિશનરે જાહેર નોટિસ બહાર પાડી સ્પષ્ટતા કરી

• અમદાવાદ

કન્ટેઈનર ક્લિયર કરાવવા માટે કસ્ટમ્સના અધિકારીઓને આપવાને નામે કસ્ટમ્સ હાઉસ એજન્ટ્સ આયાતકાર અને નિકાસકાર પાસેથી પૈસા ઉઘરાવે તો તેને માટે કસ્ટમ્સ અધિકારી જવાબદાર ન હોવાની જાણ કરતી એક જાહેર નોટિસ ચેન્નઈના કસ્ટમ્સ કમિશનરે બહાર પાડી છે. ગુજરાત, મુંબઈ સહિતનાદેશના દરેક પોર્ટ કે એરપોર્ટ પરથી કન્સાઈનમેન્ટ ક્લિયર કરાવવા માટે આયાતકાર અને નિકાસકારોએ વધારાના નાણાં ચૂકવવાની ફરજ પડી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે.

જાહેર નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે કસ્ટમ્સની આ પ્રથાને પરિણામે આયાતકારો અને નિકાસકારોને મુશ્કેલી પડી રહી છે.પરંતુ તેને કારણે કસ્ટમ્સની ઈમેજનો પણ ધક્કો લાગી રહ્યો છે. તેમ જ આયાતકારો અને નિકાસકારો તમામ નિયમોનું સ્વૈચ્છાએ પાલન કરે તેવા પ્રયાસો સફળ થવામાં પણ અવરોધ ઊભા થઈ રહ્યા છે. જાહેર નોટિસમાં જણાવવામાં આવ્યું છે કે કસ્ટમ્સ ડિપાર્ટમેન્ટ પ્રામાણિકતા, પારદર્શકતા અને નિષ્પક્ષપાતી અભિગમને વળગી રહેવા માગે છે. તેમ જ અસકારક રીતે અને જવાબદારી પૂર્વક કામગીરી કરવા માગે છેનોટિસમાં જણાવવામાં આવ્યું છે કેકસ્ટમ્સ અધિકારીઓ તેમની સત્તાવાર ફરજ બનાવવા માટે કોઈપણ લાભ મેળવી શકતા નથી. તેઓ કોઈ લાભ મેળવવાનો પ્રયાસકરે તો તેને પરિણામે સેન્ટ્રલ સિવિલ સર્વિસ કન્ડક્ટ રૂલ્સ ૧૯૬૪નો ભંગ થાય છે. આ ગુનો પ્રીવેન્શન ઓફ કરપ્શન એક્ટ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે. તેથી ટ્રેડ અને ઈન્ડસ્ટ્રીઝના લોકોને કસ્ટમ્સ અધિકારીઓને આ રીતે કોઈ જ લાભ ન કરાવવાની વિનંતી કરવામાં આવે છે. કસ્ટમ્સ હેન્ડલિંગ ચાર્જને નામે લાંચ લેવામાં આવતી હોવાનું જાણવા મળી રહ્યું છે. કસ્ટમ્સ અધિકારીઓને પણ આ રીતે ગેરકાયદે લાભ લેવાથી દૂર રહેવાની સૂચના આપવામાં આવી છે.

## અમદાવાદઃ મેમ્કો પાસેના અંબિકા એસ્ટેટની એક ફેક્ટરીમાં આગ



• અમદાવાદ

અમદાવાદના નરોડા રોડ પર મેમ્મો પાસે આવેલા અંબિકા એસ્ટેટમાં આજે(11 જાન્યુઆરી) અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની 8 ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી.

પ્રાથમિક માહિતી મુજબ, ફેક્ટરીમાં કેટલાક લોકો ફસાયા હોવાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે ફાયર વિભાગ દ્વારા રેસ્ક્યુ ઓપરેશન તેજ કરવામાં આવ્યું છે. હાલમાં ફાયર ફાઈટરો દ્વારા આગ પર કાબૂ મેળવવા અને ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ફાયર વિભાગની ટીમ દ્વારા આગ પર કાબૂ મેળવવા પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું જણાય છે. જોકે, આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી.

## અમદાવાદમાં રિવરફ્રન્ટ પર પક્ષીઓને ચણ તેમજ પ્રાણીઓને ખોરાક આપવા સામે પ્રતિબંધ મૂકાયો

• અમદાવાદ

અમદાવાદમાં બર્ડ અને એનિમલ ફીડીંગના કારણે ગંદકી વધી રહી છે. કોર્પોરેશનના કેટલ ન્યૂસન્સ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેકટ વિસ્તાર તેમજ પ્રોજેકટને જોડતા તમામ રસ્તાઓ, ખુલ્લી જગ્યા ઉપર બર્ડ કે એનિમલ ફીડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકી દેવાયો છે.

ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારમાં જાહેર સ્થળોએ થતી ગંદકી અટકાવવા દસ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરાઈ છે. આગામી સમયમાં શહેરમા આવેલા જાહેર સ્થળોએ તબકકાવાર બર્ડ અને એનિમલ ફીડીંગ ઉપર પ્રતિબંધ મુકવા કોર્પોરેશને આયોજન કર્યુ છે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટાસ્કફોર્સમાં સાબરમતી રિવરફ્રન્ટના અધિકારીઓની સાથે સાબરમતી રિવરફ્રન્ટના પોલીસ ઈન્સપેકટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટાસ્કફોર્સ દ્વારા રિવરફ્રન્ટ વિસ્તારમાં બર્ડ અને એનિમલ ફિડીંગ અટકાવવા એનફોર્સમેન્ટની કામગીરી કરાશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બનાવવામા આવેલા હેલ્થ બાયલોઝ-2012 અંતર્ગત બર્ડ કે એનિમલ ફીડીંગ જાહેર સ્થળોએ કરાવવા મુદ્દે પેનલ્ટીની કાર્યવાહી પણ કરાશે. 10 મે-2013ના રોજ આ હેલ્થ બાયલોઝ અમલી બનાવાયા હતા.બાયલોઝ મુજબ, શહેરમાં કોઈ વ્યકિત કે સંસ્થા દ્વારા જો જાહેરમાં ગંદકી કરવામા આવે તો કોર્પોરેશનના સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા પેનલ્ટી કે વહીવટી ચાર્જ વસૂલ કરવામા આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને વર્ષ-2013માં અમલમાં મુકેલા હેલ્થ બાયલોઝની 50.1(7)ની જોગવાઈ મુજબ, શહેરમાં જાહેરમાં પક્ષી કે પશુઓને ફીડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકાયો હતો. ઉપરાંત જો કોઈ વ્યકિત જાહેરમાં પક્ષી કે પશુને ફીડીંગ કરાવે તો રુપિયા 100 પેનલ્ટી વસૂલ કરવાની જોગવાઈ છે.

અમદાવાદમાં બર્ડ ફિડીંગ સ્પોટ વધ્યા છે.હેલ્થ બાયલોઝ મુજબ બર્ડ કે એનિમલ ફીડીંગ ઉપર પ્રતિબંધ હોવાછતાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા તેની અસરકારક અમલવારી કરાતી નથી. એમ કોર્પોરેશનના એક અધિકારીએ નામ નહીં આપવાની શરતે કહયુ છે.


શહેરમાં રખડતા ઢોર ઉપર પ્રતિબંધ મુકાયા પછી એનિમલ ફિડીંગ સ્પોટમાં ઘટાડો થયો છે.જો કે હવે ડોગ ફિડીંગ ઉપર પ્રતિબંધ મુકાયો છે.જેથી શહેરમાં પહેલા ડોગ ફિડીંગ સ્પોટ આઈડેન્ટીફાય કરાશે. આ પછી જાહેર સ્થળોએ ડોગ ફિડીંગ કરાવવા ઉપર પ્રતિબંધ મુકવા નોટિસ અપાશે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

માહી વિજ તાજેતરમાં તેના પતિ જય ભાનુશાલીથી છૂટાછેડા માટે સમાચારમાં હતી


# “હું તને પ્રેમ કરું છું,” છૂટાછેડા પછી માહી વિજ ફરી પ્રેમમાં પડી, રોમેન્ટિક કેપ્શન સાથે સુંદર ફોટો શેર કર્યો



બોલીવુડ અભિનેત્રી માહી વિજ તાજેતરમાં તેના પતિ જય ભાનુશાલીથી છૂટાછેડા માટે સમાચારમાં હતી. હવે, છૂટાછેડા પછી, માહી વિજ ફરીથી પ્રેમમાં પડી ગઈ છે. માહીએ તેના ઈન્સ્ટાગ્રામ પર આ વાતનો ખુલાસો કર્યો. રોમેન્ટિક ફોટો શેર કરતા માહીએ એક ભાવનાત્મક કેપ્શન પણ શેર કર્યું. માહી વિજે તેના સારા મિત્ર નદીમને ઈન્સ્ટાગ્રામ પર તેના જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી, કહ્યું કે નદીમ અને માહી એક છે કારણ કે તેમના આત્માઓ જોડાયેલા છે. નદીમને કેક ખવડાવતો પોતાનો ફોટો શેર કરતાં માહીએ લખ્યું, “મેં પસંદ કરેલી વ્યક્તિને જન્મદિવસની શુભકામનાઓ, આકસ્મિક રીતે નહીં, પણ હૃદયથી. એ વ્યક્તિને જે મારી વાત સાંભળે છે, એ વ્યક્તિને જે મારી વાત સાંભળે છે, એ વ્યક્તિને જે મારી ફરજ પડે એટલે નહીં, પણ તેની ઈચ્છાને કારણે મારી સાથે રહે છે - તું મારો પરિવાર, મારો આશ્રય, મારો કાયમનો સાથી છે.”માહીએ પોસ્ટમાં આગળ ઉમેર્યું, “તું ફક્ત મારો શ્રેષ્ઠ મિત્ર નથી, તું મારો ટેકો, મારી શક્તિ, મારું ઘર છે. તારી સાથે, હું મારી જાત બની શકું છું - તૂટેલી, ખુશ, ભાવનાત્મક, અપૂર્ણ - અને છતાં પણ સંપૂર્ણપણે સ્વીકૃત અને પ્રેમાળ અનુભવું છું. હા, ક્યારેક આપણે ગુસ્સે થઈએ છીએ. હા, આપણે લડીએ છીએ. હા, ક્યારેક આપણે દિવસો સુધી વાત કરતા નથી.” પરંતુ મૌન ગમે તેટલું લાંબું રહે, તે હંમેશા એક જ જગ્યાએ સમાપ્ત થાય છે - આપણી વચ્ચે. કારણ કે આપણે બંને ઊંડાણપૂર્વક જાણીએ છીએ કે નદીમ અને માહી એક છે. આપણા આત્માઓ એવી રીતે જોડાયેલા છે જે શબ્દો સંપૂર્ણપણે વર્ણવી શકતા નથી.માહીએ એમ કહીને અંત કર્યો કે નદીમ તેના જીવનના સૌથી મુશ્કેલ સમયમાં તેની સાથે ઉભો રહ્યો છે, “જીવન હંમેશા સરળ નહોતું, પરંતુ તારી સાથે રહેવાથી બધું હળવું, મજબૂત અને સારું બને છે. જ્યારે હું નબળો હોઉં છું ત્યારે તું મારો હાથ પકડે છે, જ્યારે હું મારી જાત પર વિશ્વાસ કરવાનું ભૂલી જાઉં છું ત્યારે તું મારા પર વિશ્વાસ કરે છે, અને તું મને એવી રીતે પ્રેમ કરે છે કે મારા એવા ભાગોને સાજા કરે છે જે મને ખબર પણ નહોતી કે તૂટી ગયા છે. હું તને પ્રેમ કરું છું, નદીમ - ફક્ત તું કોણ છે તેના કારણે નહીં, પણ તું મને કેવી રીતે અનુભવ કરાવે છે, તું મારી સાથે કેવી રીતે ઉભો છે તેના કારણે. તું મારું હૃદય, મારું ઘર, મારો પરિવાર છે. આજે અને હંમેશા.” માહી વિજ અને જય ભાનુશાલીએ લગ્નના ૧૪ વર્ષથી વધુ સમય પછી, રવિવાર, ૪ જાન્યુઆરીએ તેમના અલગ થવાની જાહેરાત કરી. આ દંપતીએ ૨૦૧૭ માં બે બાળકો, રાજવીર અને ખુશીને દત્તક લીધા અને ૨૦૧૯ માં તેમની પોતાની પુત્રી, તારાનું સ્વાગત કર્યું.

આરએસએસએ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ૧૦૦મી વર્ષગાંઠ પર ફિલ્મ ‘શતક’ ની જાહેરાત કરવામાં આવી




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) એ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે, જે તેના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. સંઘની ૧૦૦ વર્ષની સફર પર એક ફિલ્મ બની રહી છે. આ ફિલ્મનું નામ “શતક” છે. તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી. વીર કપૂરે આ ફિલ્મનું નિર્માણ કર્યું છે, અને આશિષ તિવારી તેનું સહ-નિર્માણ કરી રહ્યા છે.

તરણ આદર્શે તેમના ભૂતપૂર્વ એકાઉન્ટમાંથી એક પોસ્ટ શેર કરી, જેમાં “શતક” ની જાહેરાતની જાહેરાત કરવામાં આવી. આશિષ મલ્લાએ ફિલ્મનું દિગ્દર્શન કર્યું. એબીએ ૩૬૦ હ્રીપ્લીજ ન્ નું પ્રસ્તુતિ, “શતક” આ વર્ષે થિયેટરોમાં રિલીઝ થવાનું છે.

ફિલ્મ “શતક” આરએસએસની સફર દર્શાવશે, જે એક મહત્વપૂર્ણ સંગઠન છે જે દેશના સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક માળખામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ફિલ્મ આરએસએસની ઐતિહાસિક સફર દર્શાવશે. આ ફિલ્મ આરએસએસના સ્થાપક ડૉ. કેશવ બલિરામ હેડગેવારના યોગદાન તેમજ એમ.એસ. ગોલવલકરના નેતૃત્વમાં સંગઠનાત્મક વિસ્તરણ અને વિકાસને પ્રકાશિત કરશે.

દીપિકા પાદુકોણ આ દિવસોમાં કેમેરાથી દૂર રહીને ખૂબ મજા કરી રહી છે

# દીપિકા પાદુકોણ ન્યૂ યોર્કમાં તેના નજીકના મિત્રના લગ્નમાં દુલ્હન બની, પતિ રણવીર સિંહ પણ હાજર રહ્યા



દીપિકા પાદુકોણ આ દિવસોમાં કેમેરાથી દૂર રહીને ખૂબ મજા કરી રહી છે. તેણીએ તેની શ્રેષ્ઠ મિત્ર સ્નેહા રામચંદરના લગ્નમાં ખૂબ મજા કરી, જેના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

સ્નેહા રામચંદરના લગ્ન ન્યૂ યોર્કમાં થઈ રહ્યા છે, જ્યાં દીપિકા તેના મિત્રના લગ્નમાં દુલ્હન તરીકે કામ કરી રહી છે. લગ્નના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. દીપિકા તેમાં એકદમ સુંદર લાગી રહી છે. એક ખાસ ફોટામાં, તે જાંબલી રંગની બાંધણી (પ્રિન્ટેડ) ડિઝાઈનર સાડી પહેરેલી જોવા મળે છે જેમાં સુંદર બોર્ડર, ભરતકામ કરેલું બ્લાઉઝ, મેચિંગ ચોકર, મોટા કાનના બુટ્ટી અને બંગડીઓ છે. તેના વાળ સુંદર બનમાં બાંધેલા છે.રણવીર સિંહ પણ ન્યૂ યોર્ક પહોંચી ગયો છે અને લગ્નની વિધિઓમાં હાજરી આપી રહ્યો છે. દીપિકા અને રણવીરે ૨૦૨૬ ના નવા વર્ષની શરૂઆત ન્યૂ યોર્કમાં વિતાવી છે. રણવીર અને દીપિકાના ઘણા ફોટા સોશિયલ મીડિયા પર ચાહકોમાં વાયરલ થઈ રહ્યા છે.

“કિંગ“ ફિલ્મમાં શાહરૂખ ખાન સાથે દીપિકા જોવા મળશે તેવું જાણવા મળ્યું છે. આ એક્શનથી ભરપૂર ફિલ્મનું દિગ્દર્શન સિદ્ધાર્થ આનંદ કરી રહ્યા છે. શાહરૂખની પુત્રી સુહાના ખાન પણ આ ફિલ્મમાં ડેબ્યૂ કરી રહી છે. રાની મુખર્જી, અભિષેક બચ્ચન અને અન્ય કલાકારો પણ આ ફિલ્મમાં અભિનય કરી રહ્યા છે. આ ફિલ્મ ૨૦૨૬માં રિલીઝ થવાની છે.રણવીર સિંહની ફિલ્મ “ધુરંધર પાર્ટ ૨” ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ એક્શન થ્રિલર ફિલ્મમાં આર. માધવન, અર્જુન રામપાલ અને સંજય દત્ત પણ તેમની મૂળ ભૂમિકાઓમાં પાછા ફર્યા છે.

અભિનેતા ગોવિંદા આ દિવસોમાં તેમની કોઈપણ ફિલ્મો માટે નહીં

# ગોવિંદાએ મુંબઈમાં શિવસેના માટે પ્રચાર કર્યો, સરકારની પ્રશંસા કરી

અભિનેતા ગોવિંદા આ દિવસોમાં તેમની કોઈપણ ફિલ્મો માટે નહીં, પરંતુ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણીઓ માટે સમાચારમાં છે. અભિનેતા અને શિવસેના નેતા ગોવિંદા આગામી ચૂંટણીઓ માટે મુંબઈના રસ્તાઓ પર પ્રચાર કરતા જોવા મળ્યા. પાર્ટી માટે પ્રચાર કરતી વખતે, તેઓ ખુલ્લી જીપમાં કમાઠીપુરામાં ફરતા હતા. તેમને જોવા, ફોટા પાડવા અને ઉત્સાહિત થવા માટે મોટી ભીડ રસ્તાઓ પર ઉમટી પડી હતી. ગોવિંદાએ કહ્યું કે ફિલ્મ ઉદ્યોગના લોકોએ રાજકારણ અને જાહેર જીવનમાં રસ લેવો જોઈએ. તેમણે સમજાવ્યું કે તાજેતરના વર્ષોમાં વાતાવરણ કેવી રીતે બદલાયું છે, જેના કારણે લોકો સુરક્ષિત અનુભવે છે. તેમણે કહ્યું, “પર્યાવરણ સારું ન હોય ત્યાં સુધી સારી કલા ભાગ્યે જ ખીલશે. આટલા વર્ષો પછી, વાતાવરણ હવે સારું દેખાઈ રહ્યું છે. નહિંતર, તમે પ્રખ્યાત નામ ન બની શક્યા હોત. અમે ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો છે.”

ગોવિંદાએ સરકારની પ્રશંસા કરી. તેમણે આગળ કહ્યું, “જ્યારથી આ સરકાર સત્તામાં આવી છે, મને લાગે છે કે હું આગળ વધી શકું છું. હું કામ કરી શકું છું, અને કોઈ સમસ્યા નહીં હોય. નહિંતર, એવું લાગતું હતું કે માતાઓ તેમના બાળકોને કહી રહી હતી, ‘પ્રસિદ્ધિ અને નામથી વધુ પડતા મોહિત ન થાઓ, નહીં તો લોકો તમારી પાછળ આવશે.’ જેમ જેમ તમે આગળ વધશો, લોકો તમારી પાછળ આવશે. અમે આ ડરને દૂર કર્યો છે. સરકારે પર્યાવરણને સુધારવામાં ભૂમિકા ભજવી છે.”

આ દરમિયાન, મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે રાજ્યભરના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનો માટે ચૂંટણીઓની જાહેરાત કરી છે, જેમાં મ્સ્ઝ, પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સમાવેશ થાય છે.



# પ્રભાસની ‘ધ રાજાસાબ’ ફિલ્મે બીજા દિવસે બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડનો આંકડો પાર કર્યો

પ્રભાસ તેની નવી પેન-ઈન્ડિયા રિલીઝ, ‘ધ રાજાસાબ’ સાથે મોટા પડદા પર પાછો ફર્યો છે. મારુતિ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ પ્રભાસના કારકિર્દીની સૌથી મોટી ઓપનિંગ હાંસલ કરી શકી ન હતી, પરંતુ શરૂઆતના દિવસની કમાણીની દ્રષ્ટિએ “ધુરંધર” ને પાછળ છોડી દીધી હતી. જોકે, ફિલ્મ ભારતમાં ૧૦૦ કરોડના આંકડે પહોંચી ગઈ છે. આશ્ચર્યજનક રીતે, પ્રભાસ અભિનીત “ધ રાજાસાબ” એ બીજા દિવસે બોક્સ ઓફિસ પર કમાણીમાં નોંધપાત્ર ઘટાડો જોયો. મજબૂત ઓપનિંગ પછી, ફિલ્મે બધી ભાષાઓમાં ફક્ત ૨૭.૮૩ કરોડની કમાણી કરી. આ તેના પહેલા દિવસે ૫૩.૭૫ કરોડની કમાણી કરતા નોંધપાત્ર રીતે ઓછી છે.ડેટા અનુસાર, ફિલ્મે ભારતમાં માત્ર બે દિવસમાં ૯૦.૭૩ કરોડનું ચોખ્ખું કલેક્શન એકત્રિત કર્યું છે. વિશ્વભરમાં કુલ કલેક્શન હવે ૧૩૮.૪ કરોડ છે, જેમાં ૩૦ કરોડ વિદેશમાંથી આવ્યા છે. બે દિવસ પછી, ભારતમાં કુલ કલેક્શન ૧૦૮.૪ કરોડ છે. ફિલ્મની કમાણીમાં પાછલા દિવસની સરખામણીમાં આશરે ૪૮.૨૨% ઘટાડો જોવા મળ્યો.‘ધ રાજાસાબ’ ફિલ્મનો શનિવારે એકંદરે તેલુગુ ઓક્યુપન્સી ૪૪.૦૦% રહ્યો. સવારના શો ૨૮.૯૫% સાથે ધીમી શરૂઆત કરી, પરંતુ સાંજ અને રાત્રિના શોમાં સુધારો થયો, જે ૫૧.૨૫% પર પહોંચ્યો. હિન્દી ઓક્યુપન્સી એકંદરે ૧૨.૯૫% પર નબળી હતી. સવારના શો ફક્ત ૬.૭૨% હતા, જ્યારે રાત્રિના શોમાં સુધારો થયો ૧૯.૪૫%. તમિલ ઓક્યુપન્સી ૨૧.૧૧% હતી, જેમાં રાત્રિના શોનો ઓક્યુપન્સી ૩૪.૪૩% હતો.

પ્રભાસ, ઝરીના વહાબ, બોમન ઈરાની, માલવિકા મોહનન, નિધિ અગ્રવાલ અને રિદ્ધિ કુમાર અભિનીત આ ફિલ્મે તેના પહેલા બે દિવસમાં ભારતમાં ૯૦૭.૩ મિલિયનની કમાણી કરી છે. તેની ભારતીય કમાણી હવે ૧૦૮.૪ મિલિયન છે, જેમાં વિદેશી બજારોમાંથી ૩૦ કરોડ આવ્યા છે. તાજેતરના આંકડાઓ અનુસાર, બીજા દિવસે ફિલ્મનું વિશ્વવ્યાપી કલેક્શન ૧૩૮.૪ મિલિયન હતું.

‘ઇન્ડિયન આઇડલ ૩’ના વિનરનું અકાળે નિધન


# ૪૩ વર્ષની વયે કાર્ડિયાક અરેસ્ટથી મોત, છેલ્લી ફિલ્મ ‘બેટલ ઓફ ગલવાન’માં સલમાન સાથે જોવા મળશે



મનોરંજન અને સંગીત જગતમાંથી એક ખૂબ જ દુઃખદ સમાચાર આવ્યા છે, ઈન્ડિયન આઈડલ ૩ના વિજેતા રહેલા પ્રશાંત તમાંગનું ૪૩ વર્ષની વયે નિધન થયું છે. કાર્ડિયાક અરેસ્ટના કારણે સિંગર અને એક્ટર પ્રશાંતે અંતિમ શ્વાસ લીધા છે. પ્રશાંતના નિધનથી દરેકને મોટો આંચકો લાગ્યો છે. પ્રશાંતના મ્યુઝિક પાર્ટનર ભાવેન ધનકે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ સમાચારની પુષ્ટિ કરી છે. તેણે દુઃખ વ્યક્ત કરતાં લખ્યું છે કે- વિશ્વાસ નથી થતો કે તું જતો રહ્યો મારા ભાઈ.મળતી માહિતી મુજબ, પ્રશાંત તમાંગનું નિધન કાર્ડિયાક અરેસ્ટને કારણે થયું છે. કાર્ડિયાક અરેસ્ટ આવ્યો ત્યારે તેઓ દિલ્હીના જનકપુરી સ્થિત તેના ઘરે જ હાજર હતા. તબિયત લથડતાં તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં પહોંચતાં જ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. પ્રશાંતના નિધનથી તેના પરિવારને ઊંડો આઘાત લાગ્યો છે. ચાહકો પણ શોકમાં ગરકાવ છે. પ્રશાંતના મિત્રો પણ તેના નિધનના સમાચારથી ભાંગી પડ્યા છે. દરેકનું હૃદય ભારે છે અને આંખો ભીની છે.પ્રશાંત તમાંગનો જન્મ ૪ જાન્યુઆરી ૧૯૮૩ના રોજ થયો હતો. તે પશ્ચિમ બંગાળના દાર્જિલિંગનો રહેવાસી હતો. નાની ઉંમરે જ તેણે પોતાના પિતાને ગુમાવી દીધા હતા. પિતાના મૃત્યુ પછી, તેણે અભ્યાસ છોડીને પરિવારને સંભાળવા માટે કોલકાતા પોલીસમાં કોન્સ્ટેબલની નોકરી શરૂ કરી હતી.પ્રશાંત તમાંગ પોતાની પત્ની ગીતા થાપા અને એક નાની પુત્રી આર્યા સાથે રહેતો હતો. પ્રશાંત ઘણીવાર તેના ઈન્સ્ટાગ્રામ પર તેની પુત્રી અને પત્નીના ફોટા અને વીડિયો શેર કરતો હતો. તે તેના પરિવારને ખૂબ પ્રેમ કરતો હતો.

પુત્રી સપનાની ભૂમિકા ભજવનાર નાવિકા કોટિયા ફરી એકવાર સમાચારમાં છે

# શ્રીદેવીની ઓનસ્ક્રીન પુત્રી દુલ્હન બનશે, બોયફ્રેન્ડે બરફીલા ખીણોમાં પ્રપોઝ કર્યું



શું તમને ‘ઈંગ્લિશ વિંગ્લિશ’માં શ્રીદેવીના પાત્ર શશી ગોડબોલેની પુત્રી સપના યાદ છે? આ લોકપ્રિય ફિલ્મમાં તેની પુત્રી સપનાની ભૂમિકા ભજવનાર નાવિકા કોટિયા ફરી એકવાર સમાચારમાં છે. પરંતુ આ વખતે, નાવિકા કોઈ ફિલ્મ, શ્રેણી કે અભિનય પ્રોજેક્ટ માટે નહીં, પરંતુ તેના અંગત જીવન માટે હેડલાઈન્સમાં છે. નાવિકાએ તાજેતરમાં જ જાહેરાત કરી હતી કે તે ટૂંક સમયમાં લગ્ન કરી રહી છે, અને આ માહિતી શેર કર્યા પછી, તેણે હવે સોશિયલ મીડિયા પર તેના રોમેન્ટિક પ્રપોઝલની એક ઝલક શેર કરી છે. હા, નાવિકાએ સોશિયલ મીડિયા પર એક મીઠી અને રોમેન્ટિક વિડિઓ શેર કરીને માજેન મોદી સાથેની તેની સગાઈની જાહેરાત કરી.નાવિકાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક વિડિઓ શેર કર્યો છે, જેમાં તેનો બોયફ્રેન્ડ અને રિયલ એસ્ટેટ ડેવલપર માજેન મોદી તેને રોમેન્ટિક રીતે પ્રપોઝ કરતા જોઈ શકાય છે. માજેને ખૂબ જ રોમેન્ટિક સ્થાન પર નાવિકાને પ્રપોઝ કર્યું હતું. માજેને બરફીલા ખીણો વચ્ચે રોમેન્ટિક સરપ્રાઈઝ આપીને નાવિકાને માટે બધું જ ખાસ બનાવ્યું હતું. વીડિયોમાં, નાવિકાએ સુંદર ગુલાબી ડ્રેસ પહેરેલો અને આંખો પર પટ્ટી બાંધેલી જોવા મળે છે, જ્યારે તેનો ભાવિ પતિ માજેન વાદળી સૂટમાં જોવા મળે છે.વીડિયોમાં, માજેન તેની પ્રેમિકાને બરફથી ઢંકાયેલી ટેકરી પર લઈ જઈને તેને સુંદર અને રોમેન્ટિક સરપ્રાઈઝ આપતો જોઈ શકાય છે. તેણે નાવિકાને સુંદર લાલ ગુલાબ, શેમ્પેન અને એક સુંદર કેકથી સ્વાગત કર્યું. માજેને કેક પર નાવિકા માટે એક સુંદર સંદેશ પણ લખ્યો હતો, “આઈ લવ યુ નાવિકા,”. ત્યારબાદ તેણે ખૂબ જ રોમેન્ટિક રીતે અભિનેત્રીને એક ઘૂંટણિયે પડીને પ્રપોઝ કર્યું.વિડિઓ શેર કરતાં, નાવિકાએ કેપ્શનમાં લખ્યું, “અત્યાર સુધીનો સૌથી રોમેન્ટિક પ્રપોઝલ.” નાવિકાની પોસ્ટ પર ટિપ્પણી કરતા, તેના સેલિબ્રિટી મિત્રો અને ચાહકોએ તેને અભિનંદન આપ્યા.

હાલ આ ફિલ્મનું નામ નથી નવેલી હોવાનું માનવામાં આવી રહ્યું છે

# યામી ગૌતમ આનંદ એલ રાયની હોરર કોમેડીમાં લીડ રોલ કરશે



યામી ગૌતમ અત્યાર સુધી સરકારી અધિકારી કે વકીલ પ્રકારના પાવરફુલ રોલમાં જોવા મળી છે, હવે તે આનંદ એલ રાયની હોરર કોમેડી ફિલ્મમાં લીડ રોલ કરવાની છે. આ ફિલ્મનું નામ નથી નવેલી હોવાની ચર્ચા છે. ઈન્ડસ્ટ્રીના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, આ ફિલ્મ હાલ પ્રી પ્રોડક્શનના તબક્કામાં છે, જેમાં યામી પહેલી વખત આનંદ એલ.રાય સાથે કામ કરશે. જોકે, આ ફિલ્મ કે યામીના રોલ વિશે કોઈ કન્ફર્મેશન આવ્યું નથી. અહેવાલો અનુસાર આનંદ એલ. રાયની આ ફિલ્મનું નામ નથી નવેલી રાખવામાં આવ્યું છે. જે આનંદ રાયના કલર યલો પ્રોડક્શન દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. આ ફિલ્મ ભારતીય લોકવાર્તા પર આધારીત છે અને ફેબ્રુઆરીથી તેનું શૂટ શરૂ થાય એવી શક્યતા છે. તાજેતરમાં જ આનંદ એલ.રાયની તેરે ઈશ્ક મેં આવી છે, જેમાં ક્રિતિ સેનન અને ધનુષ લીડ રોલમાં હતા. આ ફિલ્મ ૨૮ નવેમ્બરે રિલીઝ થઈ હતી અને હિટ રહી હતી. જ્યારે તાજેતરમાં જ યામી ગૌતમની હક આવી હતી. જે હવે ઓટીટી પર આવી ગઈ છે અને ઓઓટીટી પર તેને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખાસ ચાલી નહોતી, ૪૦ કરોડના ખર્ચે બનેલી આ ફિલ્મે માંડ ૩૦ કરોડની કમાણી કરી હતી. પરંતુ ઓટીટી પર તેને સારો પ્રતિસાદ મળ્યો છે. જેના માટે યામી ગૌતમે દર્શકોનો આભાર પણ માન્યો છે. ત્યારે હવે આનંદ એલ. રાયની જોડી અને યામીની જોડી કેવી કમાલ કરે છે તે જોવાનું છે.

**તાજેતરમાં જ આનંદ એલ. રાયની તેરે ઇશ્ક મેં આવી છે, જેમાં ક્રિતિ સેનન અને ધનુષ લીડ રોલમાં હતા**

### હુમલાઓ વચ્ચે ટ્રમ્પે કહ્યું- ઈરાનને આઝાદ કરવા અમેરિકા તૈયાર, તેહરાનની હોસ્પિટલમાં લાશોના ઢગલાનો દાવો

# ઈરાનમાં તાફોનો વધ્યા, પ્રદર્શનકારીઓને ફાંસીની ધમકી

### ઈમ મેગેઝિને તેહરાનના એક ડૉક્ટરને ટાંકીને દાવો કર્યો છે કે રાજધાનીની માત્ર 6 હોસ્પિટલોમાં ઓછામાં ઓછા 217 વિરોધીઓના મૃત્યુ નોંધાયા છે

• તેહરાન

ન્યૂયોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ, જો ઈરાનની સરકાર વિરોધીઓ સામે કાર્યવાહી કરે છે તો ટ્રમ્પ લશ્કરી કાર્યવાહી કરવાનું ગંભીરતાથી વિચારી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિએ હજુ સુધી અંતિમ નિર્ણય લીધો નથી. ટ્રમ્પે શનિવારે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, 'ઈરાન પહેલા ક્યારેય ન જોઈ હોય તેવી સ્વતંત્રતા માટે ઉત્સુક છે. યુનાઈટેડ સ્ટેટ્સ મદદ કરવા તૈયાર છે.' બીજી તરફ, ટાઈમ મેગેઝિને તેહરાનના એક ડૉક્ટરને ટાંકીને દાવો કર્યો છે કે રાજધાનીની માત્ર 6 હોસ્પિટલોમાં ઓછામાં ઓછા 217 વિરોધીઓના મૃત્યુ નોંધાયા છે, જેમાંથી મોટાભાગના ગોળી લાગવાથી મૃત્યુ પામ્યા છે.

ઈરાનમાં થયેલા વિરોધ પ્રદર્શનોમાં ઘણા લોકોએ CNNને જણાવ્યું કે તેહરાનના રસ્તાઓ પર ભારે ભીડ અને ક્રૂર હિંસા જોવા મળી રહી છે. એક મહિલાએ તો દાવો કર્યો હતો કે તેણે હોસ્પિટલમાં 'એક-બીજા પર પડેલી લાશોના ઢગલા' જોયા છે.ઈરાનમાં છેલ્લા બે અઠવાડિયાથી સરકાર વિરોધી પ્રદર્શનો ચાલુ છે. આ દરમિયાન સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીએ પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કડક વલણ અપનાવ્યું છે.

ઈરાનના એટર્ની જનરલ મોહમ્મદ મોવાહેદી આઝાદે ચેતવણી આપી છે કે પ્રદર્શનમાં સામેલ લોકોને 'ખુદાના દુશ્મન' માનવામાં આવશે, જે અંતર્ગત મૃત્યુદંડની સજા થઈ શકે છે. ટાઈમ મેગેઝીને તેહરાનના એક ડોક્ટરને ટાંકીને જણાવ્યું કે રાજધાનીની માત્ર છ હોસ્પિટલોમાં ઓછામાં ઓછા 217 પ્રદર્શનકારીઓના મોત નોંધાયા છે, જેમાંથી મોટાભાગનાના મોત ગોળી વાગવાથી થયા છે.

બ્રિટનની રાજધાની લંડનમાં પણ ઈરાનના દૂતાવાસની બહાર પ્રદર્શનો થયા. આ દરમિયાન એક પ્રદર્શનકારીએ ઈરાની દૂતાવાસનો ઈસ્લામિક ગણરાજ્યનો ધ્વજ હટાવીને 1979ની ઈસ્લામિક ક્રાંતિ પહેલાં ઉપયોગમાં લેવાતો ધ્વજ ફરકાવ્યો.



સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં પ્રદર્શનકારીએ સિંહ અને સૂર્યના નિશાનવાળો ત્રિરંગો ધ્વજ લગાવ્યો. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, આ ધ્વજ ઘણી મિનિટો સુધી દૂતાવાસ પર લહેરાતો રહ્યો, જે પછી તેને હટાવી દેવામાં આવ્યો.આ ધ્વજ ઈરાનમાં શાહના શાસનકાળ દરમિયાન ઉપયોગમાં લેવાતો હતો. પ્રદર્શન દરમિયાન 'ડેમોક્રેસી ફોર ઈરાન' અને 'ફ્રી ઈરાન' જેવા નારા લાગ્યા.લંડન પોલીસે જણાવ્યું કે ધ્વજ હટાવવાની ઘટના બાદ સુરક્ષા વધારી દેવામાં આવી છે, જેથી કોઈપણ પ્રકારની અવ્યવસ્થા રોકી શકાય અને ઈરાની દૂતાવાસની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય. પોલીસે જણાવ્યું કે આ મામલે 3 લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય એક શંકાસ્પદની શોધખોળ ચાલુ છે. ઈરાનના નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રઝા પહેલવીએ દેશભરમાં ચાલી રહેલા પ્રદર્શનો વચ્ચે વીડિયો સંદેશ જારી કરીને લોકોને રસ્તાઓ પર મક્કમ રહેવાની અપીલ કરી છે. પહેલવીએ આજે સાંજે 6 વાગ્યે ફરીથી રસ્તાઓ પર ઉતરવા જણાવ્યું. તેમણે લોકોને કહ્યું કે તેઓ મિત્રો અને પરિવાર સાથે જૂથમાં મુખ્ય રસ્તાઓ પર નીકળે, ભીડથી અલગ ન થાય અને એવી ગલીઓમાં ન જાય જ્યાં જીવનું જોખમ હોઈ શકે છે. તેમણે દાવો કર્યો કે સતત ત્રીજી રાત થયેલા પ્રદર્શનોથી સુપ્રીમ લીડર ખામેનીનું દમનકારી તંત્ર નબળું પડ્યું છે. પહેલવીએ કહ્યું કે તેમને રિપોર્ટ મળ્યા છે કે ઈસ્લામિક ગણરાજ્યને પ્રદર્શનકારીઓ સાથે નિપટવા માટે પૂરતા સુરક્ષા દળો મળી રહ્યા નથી. તેમના મતે, ઘણા સુરક્ષા કર્મચારીઓએ પોતાના કાર્યસ્થળો છોડી દીધા છે અને જનતા વિરુદ્ધ કાર્યવાહીના આદેશો માનવાનો ઈનકાર કર્યો છે.

પહેલવીએ પોતાના સંદેશમાં કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પ્રદર્શનકારીઓની મદદ માટે તૈયાર રહેવાની ઘોષણા કરી છે.ઈરાની ક્રાઉન પ્રિન્સ પહેલવીએ X પર વીડિયો પોસ્ટ કરીને પ્રદર્શનકારીઓના નામે સંદેશ આપ્યો.

ઈરાની ક્રાઉન પ્રિન્સ પહેલવીએ X પર વીડિયો પોસ્ટ કરીને પ્રદર્શનકારીઓના નામે સંદેશ આપ્યો.

રઝા પહેલવીએ શનિવારે જણાવ્યું હતું કે તેઓ દેશ પાછા ફરીને ચાલી રહેલા પ્રદર્શનોમાં સામેલ થશે. 65 વર્ષના રઝા પહેલવી લગભગ 50 વર્ષથી અમેરિકામાં નિર્વાસનમાં રહી રહ્યા છે. શનિવારે સવારે તેમણે કહ્યું કે તેઓ પોતાના દેશ પાછા ફરવાની તૈયારી કરી રહ્યા છે.સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટમાં રઝા પહેલવીએ લખ્યું- હું પણ મારા દેશ પાછા ફરવાની તૈયારી કરી રહ્યો છું જેથી અમારી રાષ્ટ્રીય ક્રાંતિની જીતના સમયે હું તમારા બધાની સાથે, ઈરાનની મહાન જનતાની વચ્ચે ઊભો રહી શકું. મને પૂરો ભરોસો છે કે તે દિવસ હવે ખૂબ નજીક છે.

---

### પૂર્વ ચીફ સૂદે કહ્યું- પાકિસ્તાન સાથે શાંતિ શક્ય નથી

## નેતાઓનો દાવો- બિન-મુસ્લિમો વિરુદ્ધ જેહાદ ચાલુ રહેશે, કાશ્મીર મુદ્દો તેમના માટે જેહાદ

• મંગલુરુ, તા.૧૧

પૂર્વ રો ચીફ વિક્રમ સૂદે શનિવારે જણાવ્યું હતું કે ઈસ્લામાબાદના વલણમાં મૂળભૂત પરિવર્તન વિના પાકિસ્તાન સાથે શાંતિ શક્ય નથી. વારંવારની દુશ્મની જોતાં તેની સાથે સમાધાન કે વાતચીત કરવામાં બહુ ઓછો ફાયદો છે. સૂદે મેંગલુરુ લિટ ફેસ્ટમાં ગ્લોબલ પાવર ડાયનેમિક્સ પરના એક સેશનને સંબોધિત કરતા આ વાત કહી.

સૂદે કહ્યું કે મને પાકિસ્તાનની ભારત સાથેની સમસ્યાઓનો કોઈ ઉકેલ દેખાતો નથી. તેના નેતાઓ ખુલ્લેઆમ ઘોષણા કરે છે કે તેમનું ઈસ્લામિક રાજ્ય છે. બિન-મુસ્લિમો વિરુદ્ધ જેહાદ ચાલુ રહેશે, અને કાશ્મીર સાથે વ્યવહાર કરવો એ જેહાદ છે. તેઓ બસ યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા છે.



પૂર્વ રો ચીફ સૂદે ભારતની રાજદ્વારી રણનીતિ, અમેરિકાના વધતા વૈશ્વિક હસ્તક્ષેપ અને શ્રીલંકા-બાંગ્લાદેશના પ્રાદેશિક સંકટ પર પણ પોતાના વિચારો રજૂ કર્યા.

જો આપણે અત્યારે આગળ નહીં વધીએ તો આપણને આ સુવર્ણ તક ફરી ક્યારેય નહીં મળે. વસ્તીવિષયક, મજબૂત લોકશાહી અને નીતિઓ આપણા પક્ષમાં છે.

દેશે બાહ્ય સમર્થન પર નિર્ભર રહેવાને બદલે અમેરિકા અને ચીન જેવી મુખ્ય શક્તિઓ સાથે તાર્કિક રીતે જોડાણ કરવું જોઈએ.

અસરકારક શાસન માટે તાકાત, સૈન્ય ક્ષમતા અને શક્તિ જરૂરી છે. બાલાકોટ અને ઉરી સ્ટ્રાઈક જેવા ભારતીય સૈન્ય અભિયાનો ભારતની વધતી વ્યૂહાત્મક દ્રઢતાના સંકેત છે. અમેરિકા તેની સૈન્ય શક્તિ હોવા છતાં, ૧૯૪૦ના દાયકા પછી પરંપરાગત યુદ્ધ સીધી રીતે જીત્યું નથી. ટ્રમ્પ પશ્ચિમને નવો આકાર આપી રહ્યા છે, પૂર્વ ઝડપથી મજબૂત થઈ રહ્યું છે.

વિક્રમ સૂદે RAW ચીફ તરીકે ૨૦૦૦ થી ૨૦૦૩ સુધી એજન્સીનું નેતૃત્વ કર્યું. સૂદ RAW ચીફ બનનારા એવા ઓછા અધિકારીઓમાંથી એક છે જેઓ પોલીસ સેવા(IPS)માંથી નહીં પરંતુ સિવિલ સેવામાંથી આ ટોચના ગુપ્તચર પદ સુધી પહોંચ્યા.

નિવૃત્તિ પછી, સૂદ ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન જેવા થિંક ટેન્ક સાથે જોડાયેલા છે, જ્યાં તેઓ સલાહકાર અને વિચારક તરીકે કાર્ય કરી રહ્યા છે.

---

## સૌથી મોંઘા છૂટાછેડા!:14,000 કરોડ આપવાનો કેલિફોર્નિયાની કોર્ટનો આદેશ

• નવી દિલ્હી

ઝોહોના ફાઉન્ડર અને સીઈઓ શ્રીધર વેમ્બુ તેમના છૂટાછેડાના કેસને કારણે ચર્ચામાં છે. કેલિફોર્નિયાની એક કોર્ટે તેમને છૂટાછેડા કેસમાં 14,000 કરોડના બોન્ડ જમા કરાવવાનો આદેશ આપ્યો છે. ખાસ વાત એ છે કે તેને ભારતના સૌથી મોંઘો છૂટાછેડા કહેવામાં આવી રહ્યા છે. વેમ્બુની પત્ની પ્રમિલા શ્રીનિવાસન અમેરિકામાં શિક્ષણવિદ અને બિઝનેસ પર્સન છે. બંનેનો એક પુત્ર પણ છે. છૂટાછેડા માટે હજારો કરોડના બોન્ડ જમા કરાવવાના કોર્ટના આદેશની ચર્ચા હવે સમગ્ર દુનિયાભરમાં થઈ રહી છે.શ્રીધર વેમ્બુએ IIT-મદ્રાસમાંથી અભ્યાસ કર્યા પછી 1989માં અમેરિકા જઈને પ્રિન્સટનમાંથી પીએચડી કરી. 1993માં તેમણે પ્રમિલા શ્રીનિવાસન સાથે લગ્ન કર્યા. 1996માં એડવેન્ટનેટ (પછીથી 2009માં ઝોહો) શરૂ કરી. બંને લગભગ 30 વર્ષ કેલિફોર્નિયામાં રહ્યાં. તેમનો 26 વર્ષનો એક પુત્ર છે. 2019માં વેમ્બુ ભારત પાછા ફર્યા અને તામિલનાડુના તેમના પૈતૃક ગામ મથલમપારાઈથી કંપની ચલાવી રહ્યા છે. 2021માં તેમણે છૂટાછેડાની અરજી કરી હતી. કેલિફોર્નિયાની એક કોર્ટે શ્રીધર વેમ્બુને છૂટાછેડા કેસમાં 14,000 કરોડના બોન્ડ જમા કરાવવાનો આદેશ આપ્યો છે.પ્રમિલાએ કોર્ટમાં દાવો કર્યો હતો કે વેમ્બુએ તેમને અને પુત્રને છોડી દીધાં છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે વેમ્બુએ તેમની જાણકારી કે સંમતિ વિના ઝોહોના શેર અને પ્રોપર્ટી ભારતમાં ટ્રાન્સફર કરી દીધા છે.તેમણે એમ પણ કહ્યું હતું કે કંપનીના મોટા ભાગના શેર બહેન રાધા વેમ્બુ (47.8%) અને ભાઈ શેખર (35.2%) પાસે છે, જ્યારે વેમ્બુ પાસે માત્ર 5% (225 મિલિયન ડોલર)બાકી છે.

---

### સમાજવાદી પાર્ટીના પ્રદેશ પ્રમુખ અબુ અસીમ આઝમીએ એક કાર્યક્રમમાં જીભ લપસી

## મંત્રી વામન છે, નેપાળી જેવો દેખાય છે, અબુ આઝમીએ નિતેશ રાણે ઉપર પ્રહાર

• મુંબઈ,તા.૧૧

સમાજવાદી પાર્ટીના પ્રદેશ પ્રમુખ અબુ અસીમ આઝમીએ એક કાર્યક્રમમાં જીભ લપસી, ભાજપના નેતા નિતેશ રાણેને વામન મંત્રી ગણાવ્યા. નિતેશ રાણેના હિન્દુત્વના નિવેદન પર પ્રતિક્રિયા આપતા અબુ અસીમ આઝમીએ કહ્યું કે એક મંત્રી, નિતેશ રાણે કહે છે, 'જો તમારે કુરાન વાંચવું હોય તો પાકિસ્તાન જાઓ.' કડક વલણ અપનાવતા, અબુ આઝમીએ કહ્યું, 'જો મને સત્તા મળે, તો હું આવા મંત્રીની જીભ કાપી નાખીશ, પછી તે તેમનો પોતાનો પુત્ર નથી.' અસીમ આઝમીએ કહ્યું, 'મંત્રી વામન છે, નેપાળી જેવો દેખાય છે.' તે કહે છે કે તે મસ્જિદમાં ઘૂસીને મુસ્લિમોને મારી નાખશે. 'શું આપણે નપુંસકો છીએ? શું તમે અમને મારી નાખશો?' જો તમારી પાસે એટલી શક્તિ છે, તો પોલીસને કાઢી મૂકો અને મસ્જિદમાં પ્રવેશ કરો અને જુઓ કે તમારું શું થાય છે. શું તમે ક્યારેય આપણા કોઈ મુસ્લિમને મંદિરની બહાર ઉભા રહીને મંત્રોચ્ચાર કરવાનું કહ્યું છે? આપણે રામ નવમી પર પાણી લઈને ઉભા રહીએ છીએ, અને તેઓ કહે છે કે જો તમારે દેશમાં રહેવું હોય તો તમારે વંદે માતરમનો જાપ કરવો પડશે. તાજેતરમાં, ભાજપ નેતા નિતેશ રાણેનું હિન્દુત્વ, રાષ્ટ્રવાદ અને રોહિંગ્યા-બાંગ્લાદેશી ઘૂસણખોરી પર નિવેદન સામે આવ્યું. તેમણે કહ્યું, 'હું હિન્દુત્વ અને રાષ્ટ્રવાદ માટે કામ કરું છું, ધ્રુવીકરણ માટે નહીં.' ધાર્મિક



સરઘસો દરમિયાન થતી પસંદગીની અવ્યવસ્થાઓ પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું, 'ઈદ કે મોહરમ દરમિયાન કોઈ પથ્થરમારો થતો નથી, કોઈ મુશ્કેલી નથી. પરંતુ રામ નવમી કે હનુમાન જયંતિ પર પથ્થરમારો કેમ થાય છે? જો ઈદ શાંતિપૂર્ણ રહી શકે છે, તો રામ નવમીને ખલેલ પહોંચાડવાના પ્રયાસો કેમ કરવામાં આવે છે?'

તેમણે સ્પષ્ટતા કરી કે તેમનો વિરોધ કોઈ ચોક્કસ સમુદાય વિરુદ્ધ નથી. નિતેશ રાણેએ કહ્યું, 'હું દેશભક્ત મુસ્લિમોનો વિરોધ નથી. જે લોકો જેહાદ કરવા માંગે છે તેઓ સ્વાભાવિક રીતે જ વાંધો ઉઠાવશે.' રાણેએ સમાજવાદી પાર્ટીના નેતા અબુ આઝમીના નિવેદનોની આકરી ટીકા કરી.

---

### ભવનનાં પુનર્વિકાસ અને સ્લમ મુક્ત મુંબઈનો સંકલ્પ કર્યો હતો

## ૫ લાખ સુધીની વ્યાજમુક્ત લોન, સ્લમ ફ્રી મુંબઈ બીએમસી ચૂંટણી માટે મહાયુતિનો ચૂંટણી ઢંઢેરો

• મુંબઈ, તા.૧૧

મુંબઈ મહાનગરપાલિકા ચૂંટણી પહેલા મહાયુતિ ગઠબંધન દ્વારા પોતાનો સંયુક્ત ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો છે. આ ક્ષણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, મુખ્યમંત્રી એકનાથ શિંદે, રામદાસ અઠાવલે, વિનોદ તાવડે, અમીટ સતામ અને આશિષ શેલાર સહિત અનેક વરિષ્ઠ નેતાઓ હાજર હતા.

ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે, તેમાં ગત્ત સાડા ત્રણ વર્ષમાં મુંબઈ માટે કરાયેલા વિકાસના કામને પણ સમાહિત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, મહાયુતિ ગઠબંધનનો ઉદ્દેશ્ય મુંબઈના વિકાસની ગતિને ઝડપી બનાવવાનો છે. શિંદેએ મરાઠી માનુસના મુદ્દે ભારપૂર્વક જણાવ્યું કે, મોટા પ્રમાણમાં મરાઠી લોકો શહેર છોડી ચુક્યા છે અને ગઠબંધન તેમના પુનર્વસનની દિશામાં કામ કરી રહ્યું છે. તેમણે જુના પગડી ભવનનાં પુનર્વિકાસ અને સ્લમ મુક્ત મુંબઈનો સંકલ્પ કર્યો હતો. શિંદેએ બીએમસીના ગત્ત કાર્યકાળનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ત્યાં બેઠેલા લોકોએ મુંબઈ માટે કોઈ નક્કર પગલાં નથી લીધા. તેમણે કહ્યું કે, મહાયુતિ માત્ર માળખાગત વિકાસ નહી પરંતુ સામાન્ય નાગરિકોની સમસ્યાના સમાધાન માટે ગંભીર છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, તેમની સરકારે મુંબઈકરોની જીવનશૈલી સારી બનાવવા માટે સતત પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે, અનેક પાર્ટીઓ ચૂંટણી ઢંઢેરો જાહેર કરે છે પરંતુ મહાયુતિ પાસે પોતાના કાર્યોનો મજબૂત રેકોર્ડ પણ છે. ફડણવીસે આગામી ચૂંટણીમાં એક્શન ટેકન રીપોર્ટ પણ જનતા વચ્ચે રજુ કરવાનું આશ્વાસન આપ્યું હતું. મહિલા સશક્તિકરણ અંગે વાત કરતા ફડણવીસે બીએમસીના માધ્યમથી મહિલાઓને ૫ લાખ રૂપિયા સુધીની વ્યાજ મુક્ત લોન આપવાની યોજના જાહેર કરી હતી. જેને તેઓએ ખુબ જ મોટું પગલું ગણાવ્યું હતું. મહાયુતિના ચૂંટણી ઢંઢેરામાં મુંબઈના વિકાસ, આવાસ, મહિલા કલ્યાણ અને માળખાગત સુવિધાઓ અંગે અનેક વચનો આપવામાં આવ્યા છે. જેના કારણે આ મુદ્દાઓ પર જ હાલ ચૂંટણી આગળ વધે તેવું લાગી રહ્યું છે.

---

## અમેરિકાના મિસિસિપીમાં ગોળીબાર :૭ લોકોનાં મોત

• અમેરિકા

મિસિસિપી શહેરમાં સામૂહિક ગોળીબારની ઘટના સામે આવી હતી, જેમાં ૭ લોકોના મૃત્યુ થયા છે. ન્યૂયોર્ક પોસ્ટના જણાવ્યા અનુસાર, એક માનસિક અસ્વસ્થ વ્યક્તિએ અલગ-અલગ 3 જગ્યાએ ગોળીબાર કરીને આ ઘટનાને અંજામ આપ્યો હતો. ક્લે કાઉન્ટીના શેરિફ એડી સ્કોટે ફેસબુક પર ઘટનાની અંગેની વિગતો આપી છે. તેમણે લખ્યું હતું કે, કમનસીબીની વાત છે કે આપણા સમુદાયમાં એક મોટી દર્દનાક ઘટના બની છે. હિંસાને કારણે અનેક નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે.અમેરિકન પોલીસના જણાવ્યા અનુસાર, ઘટનાઓ વેસ્ટ પોઈન્ટમાં ત્રણ જગ્યાએ ગોળીબારીની ઘટના બની હતી. ઘટનામાં સામેલ વ્યક્તિને પોલીસે કસ્ટડીમાં લીધો છે. મિસિસિપીના ઉત્તર-પૂર્વમાં સ્થિત ક્લે કાઉન્ટીની વસ્તી આશરે 20,000 છે ધ એસોસિએટેડ પ્રેસ'ના અહેવાલ મુજબ, આ ગોળીબાર અલબામા સરહદ પાસે આવેલા વેસ્ટ પોઈન્ટમાં થયો હતો. શેરિફ સ્કોટે NBC ન્યૂઝને જણાવ્યું હતું કે આ ઘટનામાં ૭ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાંથી કેટલાક શૂટરના સંબંધીઓ હતા.નોંધનીય છે કે, ગયા વર્ષના ઓક્ટોબરમાં પણ મિસિસિપીમાં આ જ પ્રકારની ઘટનાઓ બની હતી. ઓક્ટોબર મહિનામાં થયેલી આ ગોળીબારની ઘટનાઓ કથિત રીતે હાઈસ્કૂલ ફૂટબોલ રમતો સાથે જોડાયેલી હતી. મિસિસિપીના ઉત્તર-પશ્ચિમ શહેર લી માં આવા જ એક હુમલામાં ૭ લોકોની હત્યા કરવામાં આવી હતી અને 12 અન્ય ઘાયલ થયા હતા.અધિકારીઓએ હજુ સુધી ગોળીબારના ચોક્કસ કારણો વિશે કોઈ માહિતી આપી નથી, કે પીડિતોની ઓળખ જાહેર કરી નથી.

---

### કેનેડિયન લોકો ટ્રમ્પની ધમકી પર ગંભીરતા દાખવે : એક્સપર્ટે

## વેનેઝુએલામાં અમેરિકી કાર્યવાહીથી કેનેડામાં ચિંતા વધી: તેઓ સૈન્ય હુમલો કરી શકે છે

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વેનેઝુએલામાં હાલની કાર્યવાહીઓ પછી કેનેડામાં પણ ભય અને ચિંતાનો માહોલ છે. અમેરિકાની સેના હાલમાં વેનેઝુએલામાં ઘૂસીને તેના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો અને તેમની પત્નીને પકડીને ન્યૂયોર્ક લઈ આવી હતી. આ દરમિયાન ટ્રમ્પના જૂના નિવેદનો અને ધમકીઓ ફરી ચર્ચામાં આવી ગઈ જે તેમણે કેનેડાને 51મું અમેરિકી રાજ્ય બનાવવા માટે આપી હતી.કેનેડાના અખબાર ધ ગ્લોબ એન્ડ મેલમાં છપાયેલા એક લેખમાં કહેવામાં આવ્યું છે કે કેનેડિયન લોકોએ આ વાતને ગંભીરતાથી લેવી જોઈએ કે ટ્રમ્પ તેમના દેશ વિરુદ્ધ પણ મિલિટરી પ્રેશરનો ઉપયોગ કરી શકે છે.આ લેખના લેખક અને કેનેડિયન પ્રોફેસર થોમસ હોમર-ડિક્સને કહ્યું કે જો કેનેડા વિરુદ્ધ કોઈ પણ પ્રકારનું સૈન્ય દબાણ કરવામાં આવે છે, તો તે સ્પષ્ટ હોવું જોઈએ કે તેની ખૂબ જ ભારે કિંમત ચુકવવી પડશે. કેનેડાની જેમ જ ટ્રમ્પ ગ્રીનલેન્ડને પણ અમેરિકામાં ભેળવવા માંગે છે. નિષ્ણાતોનું માનવું છે કે ગ્રીનલેન્ડ અને કેનેડામાં ઘણી સમાનતાઓ છે. બંને લોકતાંત્રિક છે, આર્કટિક વિસ્તારમાં સ્થિત છે અને NATO જેવા સુરક્ષા સંગઠનનો ભાગ છે, જેના પર ટ્રમ્પ પોતાનો દબદબો બનાવવા માંગે છે. આ જ કારણથી કેનેડા પોતાને અસુરક્ષિત અનુભવી રહ્યું છે.કેનેડા સરકારને સુરક્ષા મામલે સલાહ આપી ચૂકેલા વેસ્લી વાર્કે કહ્યું કે ઓટાવાના ઘણા અધિકારીઓ હજુ પણ એ માનવા તૈયાર નથી કે પરિસ્થિતિ આટલી બદલાઈ ગઈ છે. વેસ્લીના મતે, વેનેઝુએલા અને ગ્રીનલેન્ડને લઈને ટ્રમ્પના પગલાં કેનેડા માટે છેલ્લી ચેતવણી છે. આ દર્શાવે છે કે અમેરિકા હવે એવો દેશ નથી રહ્યો જેવો પહેલા હતો.આ દરમિયાન કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ સત્તામાં આવ્યા પછી તરત જ અમેરિકા પરની નિર્ભરતા ઘટાડવાના પ્રયાસો શરૂ કરી દીધા હતા. તેઓ હવે ચીન સાથે વેપાર વધારવા પર વધુ ધ્યાન આપી રહ્યા છે. હાલમાં કાર્નીએ કહ્યું કે ગ્રીનલેન્ડ અને ડેનમાર્કની સાર્વભૌમત્વનું સન્માન થવું જોઈએ, પરંતુ તેમણે ટ્રમ્પની કેનેડા સંબંધિત જૂની ધમકીઓ પર કોઈ ટિપ્પણી કરી ન હતી.કેટલાક નિષ્ણાતોનું કહેવું છે કે અમેરિકા તરફથી કેનેડા પર સીધો સૈન્ય હુમલો થવો મુશ્કેલ છે.

---

### ન્યુઝીલેન્ડમાં શીખ નગર કીર્તન વિરુદ્ધ 'હાકા' કરવા ઉતરેલા સ્થાનિકો

# ન્યુઝીલેન્ડમાં બીજી વાર શીખ નગર કીર્તનનો વિરોધ કરવામાં આવ્યો:કીવી ગ્રૂપે હાકા ડાન્સ કર્યો



• જલંધર

ન્યુઝીલેન્ડમાં ફરી એકવાર શીખ નગર કીર્તનનો વિરોધ કરવામાં આવ્યો છે. 20 દિવસમાં આ બીજી વાર બન્યું છે. જોકે, આ વખતે નગર કીર્તનને રોકવામાં આવ્યું ન હતું. તેના વિરોધમાં ડેસ્ટિની ચર્ચ સાથે સંકળાયેલા બ્રાયન ટમાકીના ગ્રુપે રસ્તાઓ પર ઉતરીને હાકા ડાન્સ કર્યો.

તેમણે કહ્યું કે આ કોની શેરીઓ છે, અમારી શેરીઓ છે. અહીં જાહેરમાં તલવારો અને ઝંડા લહેરાવવાની મંજુરી કોણે આપી? અમે અમારી સંસ્કૃતિને આ રીતે બરબાદ થવા દઈશું નહીં. અમે કોઈને પણ અમારા દેશની સંસ્કૃતિને બગાડવા માટે અમારી સડકો અને શેરીઓનો ઉપયોગ કરવા દઈશું નહીં. બીજી તરફ, શીખ યુવાનોએ ટમાકીના હાકા ડાન્સ છતાં શાંતિપૂર્ણ રીતે નગર કીર્તન કાઢ્યું. લગભગ 20 દિવસ પહેલા પણ સાઉથ ઓકલેન્ડના મનુરિવામાં બ્રાયન ટમાકીના સમર્થકોએ હાકા ડાન્સ કર્યો હતો. આ દરમિયાન નગર કીર્તનને રોકી દેવામાં આવ્યું હતું. પોલીસે દરમિયાનગીરી કરીને હાકા પુરો કરાવ્યો હતો. શીખોએ પણ વાહેગુરુ જી કા ખાલસા, શ્રી વાહેગુરુજી કી ફતેહના જયકારા લગાવ્યા હતા.

ટ્રુ પેટ્રિયોટ્સ ગ્રુપે લખ્યું- અમારા રસ્તાઓ પર અમારી સંસ્કૃતિને ખરાબ કરવામાં આવી રહી છે. આ વખતે ટૌરંગા શહેરમાં નગર કીર્તન સામે હાકા પ્રદર્શન

બ્રાયન ટમાકી ગ્રુપે રવિવારે સવારે ટૌરંગા શહેરમાં શીખ સમુદાયના નગર કીર્તન વિરુદ્ધ લોકોને એકત્ર કર્યા. જ્યારે રસ્તાઓ પરથી નગર કીર્તન પસાર થઈ રહ્યું હતું, ત્યારે એક પાર્કમાં એકત્ર થઈને ટમાકીએ હાકા પ્રદર્શન કર્યું. આ દરમિયાન ટ્રુ પેટ્રિયોટ્સ નામના ગ્રુપે વિરોધ નોંધાવ્યો. ગ્રુપે હિંસા કે તોડફોડને બદલે પરંપરાગત હાકા નૃત્ય દ્વારા પોતાની અસંમતિ વ્યક્ત કરી.

પ્રદર્શનકારીઓએ નારા લગાવીને કહ્યું- હૂઝ સ્ટ્રીટ્સ, અવર સ્ટ્રીટ્સ, હૂઝ સ્ટ્રીટ્સ, કીવી સ્ટ્રીટ્સ. પ્રદર્શન કરનારાઓએ કહ્યું કે તેઓ ન્યુઝીલેન્ડની ઓળખ અને સંસ્કૃતિના રક્ષણ માટે ઊભા છે. તેમણે આરોપ લગાવ્યો કે હથિયારો સાથે નગર કીર્તન સહન કરવામાં આવશે નહીં. ન્યુઝીલેન્ડની સડકો પર તલવારો, ખંજર જેવા હથિયારો બતાવવામાં આવ્યા. તેમનું કહેવું છે કે આ જાહેર સુરક્ષા માટે જોખમી છે, તેની પાછળ એક એજન્ડા છે. ફોટો જાહેર કરીને લખ્યું- જુઓ કેવી રીતે ભારતીય લોકો હથિયારો સાથે રસ્તાઓ પર ઉતરી રહ્યા છે. ટ્રુ પેટ્રિયોટ્સ નામના ગ્રુપે ન્યુઝીલેન્ડ સરકાર સમક્ષ પોતાનો એજન્ડા રજૂ કર્યો. આનું વિધિવત ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું. તેમાં તેમણે માંગ ઉઠાવી કે તેઓ ધ્વજ, પરિવાર, વિશ્વાસ અને ભવિષ્યનું રક્ષણ કરશે. ન્યુઝીલેન્ડને ખ્રિસ્તી પાયા પર ફરીથી સ્થાપિત કરશે. સરકાર પર આરોપ લગાવ્યો કે તેણે રાષ્ટ્રીય ઓળખનું રક્ષણ કર્યું નથી.પ્રદર્શનકારીઓએ કહ્યું કે જો સરકારે બહારના લોકોને નહીં કાઢ્યા, ફરીથી ખ્રિસ્તીઓને નહીં વસાવ્યા તો મોટું આંદોલન થશે. પ્રદર્શનકારીઓએ કહ્યું કે 31 જાન્યુઆરીએ ઓકલેન્ડ હાર્બર બ્રિજ પર મોટું પ્રદર્શન કરવામાં આવશે.